CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883





સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ
લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 64, Dt. 13-07-2026 (MONDAY) Rs. 02/- **Page :** 32, RNI No. GUJGUJ/2023/84789

### 80 લાખના કામ માટે 3.30 કરોડનો ખેલ નિષ્ફળ

# જંગલેશ્વર પાર્ટ-2 કૌભાંડ

# કલેક્ટરની સતર્કતાથી કરોડોની લૂંટ અટકી !

**રાજકોટ મહાપાલિકાની ચૂંટણી માટે બૂથ ઉપર મંડપનો કોન્ટ્રાક્ટ 3.30 કરોડનું ટેન્ડર પ્રાંત કચેરીએ મંજૂર કરી અંતિમ મંજૂરી માટે કલેક્ટરને મોકલવામાં આવ્યું હતું**

**જે કોન્ટ્રાક્ટરનું ટેન્ડરમાંથી નામ કમી કરવામાં આવ્યું હતું તે ને જ સસ્તા ભાવે ઓર્ડર આપવામાં આવ્યો**

## 2024માં આજ પ્રકારનું કામ માત્ર 80 લાખમાં પૂર્ણ થયું હતું



સિટી ન્યૂઝ@રાજકોટ

તાજેતરમાં રાજકોટ મહાનગરપાલિકાની ૧૮ વોર્ડની ચૂંટણી દરમિયાન એક મોટું આર્થિક ગેરરીતિનું કૌભાંડ બહાર આવતાં પહેલાં જ અટકી ગયું હોવાનું સામે આવ્યું છે. પ્રાંત કચેરીના કેટલાક અધિકારીઓની સંભવિત સાંઠગાંઠથી સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થવાનું હતું, પરંતુ જિલ્લા કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશની સતર્કતા અને ત્વરિત હસ્તક્ષેપથી આશરે ૨.૨૦ કરોડની રકમ બચાવવામાં આવી હોવાનું જાણવા મળે છે. માહિતી મુજબ, ૧૮ વોર્ડના બૂથ પર મતદારોને તડકાથી બચાવવા માટે મંડપ વ્યવસ્થા માટે ૩.૩૦ કરોડનું ટેન્ડર પ્રાંત કચેરી દ્વારા મંજૂર કરી અંતિમ મંજૂરી માટે કલેક્ટરને મોકલવામાં આવ્યું હતું. જોકે, આ રકમની સરખામણીએ અગાઉ વર્ષ ૨૦૨૪માં એ જ પ્રકારનું કામ માત્ર ૮૦ લાખમાં પૂર્ણ થયું હતું.



**રાજકોટમાં 18 વોર્ડમાં 1016 બૂથ હતા જેમાં કેટલાક અધિકારીઓની સાંઠગાંઠથી એક મંડપની કિંમત 31000 મંજૂર કરી આખરી મંજૂરી માટે કલેક્ટરને મોકલ્યું, કલેક્ટરે તે એક મંડપનો ખર્ચ 8 હજાર રૂપિયામાં નક્કી કર્યો હતો**

આ મોટા તફાવતને ધ્યાનમાં રાખીને કલેક્ટરે તરત જ દખલ કરી અને અનુભવી મંડપ કોન્ટ્રાક્ટરને ૮૦ લાખમાં જ કામ સોંપવાનો આદેશ આપ્યો. પરિણામે સરકારના આશરે ૨.૨૦ કરોડનો વ્યય અટકાવી શકાયો.

ચર્ચા એ પણ છે કે ૩.૩૦ કરોડનું ટેન્ડર પ્રાંત કચેરીના કેટલાક ચોક્કસ અધિકારીઓની સાંઠગાંઠથી એક ખાનગી કોન્ટ્રાક્ટરને આપવાની પ્રક્રિયા લગભગ ફાઈનલ થઈ ગઈ હતી. જો આ ટેન્ડર પાસ થઈ જાય, તો મોટાપાયે ગેરવહીવટ થવાની શક્યતા હતી. હાલમાં આ સમગ્ર મામલે સવાલો ઊભા થઈ રહ્યા છે. આટલું ઊંચું ટેન્ડર કોની ભલામણથી આગળ ધપાવવામાં આવ્યું? કયા કોન્ટ્રાક્ટરને ફાયદો પહોંચાડવાનો પ્રયાસ હતો? અને શું આમાં વધુ અધિકારીઓ સંકળાયેલા છે?

વિશ્લેષકો માને છે કે જો સરકાર દ્વારા આ મામલે સઘન તપાસ હાથ ધરવામાં આવે, તો "જંગલેશ્વર પાર્ટ-૨" જેવું મોટું કૌભાંડ બહાર આવી શકે છે.

## સુપ્રીમે રામ મંદિર ટ્રસ્ટ – સરકારને નોટિસ ફટકારી



# સુપ્રિમ કોર્ટનો 'રામ અવતાર'!

## SIT રિપોર્ટ માંગ્યો, કહ્યું તપાસ અધિકારી કોણ છે, તે પણ જણાવો, CCTV સુરક્ષિત રાખવા આદેશ 20 જુલાઈએ સુનાવણી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સોમવારે સુપ્રીમ કોર્ટમાં અયોધ્યા રામ મંદિરના દાન ચોરીના કેસની તપાસ સીબીઆઇને સોંપવાની માંગ કરતી અરજીઓ પર સુનાવણી થઈ. કોર્ટે યુપી, કેન્દ્ર સરકાર અને શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટને નોટિસ પાઠવી છે. કેસની તપાસ કરી રહેલી SIT પાસેથી સ્ટેટસ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. કેસ સબંધીત CCTV સુરક્ષિત રાખવા નિર્દેશ આપ્યો છે.સુપ્રીમ કોર્ટે કહ્યું કે રિપોર્ટમાં એ પણ જણાવવામાં આવે કે તપાસ અધિકારી કોણ છે. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું કે યુપી સરકાર સીલબંધ કવરમાં સ્ટેટસ રિપોર્ટ રજૂ કરશે. આના પર કોર્ટે સ્પષ્ટ કર્યું કે રિપોર્ટમાં SITની રચના અને તેની સંરચનાની સંપૂર્ણ માહિતી હોવી જોઈએ. આ પછી કોર્ટે કેસની આગામી સુનાવણી ૨૦ જુલાઈએ નક્કી કરી.ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચ ૩ અલગ-અલગ અરજીઓ પર સુનાવણી કરી રહી હતી. અરજીઓમાં તપાસ CBIને સોંપવા ઉપરાંત મંદિરમાં દાનના મેનેજમેન્ટ સંબંધિત વિવિધ વિષયોની સમીક્ષા માટે નિષ્ણાત સમિતિ બનાવવાની માંગ કરવામાં આવી છે. અયોધ્યા પોલીસ કેસમાં ધરપકડ કરાયેલા તમામ ૮ આરોપીઓને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં રજૂ કરશે. તેમના રિમાન્ડ આજે પૂરા થઈ રહ્યા છે. આ દરમિયાન, પોલીસ મંદિર ટ્રસ્ટના પૂર્વ મહાસચિવ ચંપત રાયના નજીકના રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ અને દાનની ગણતરીના પ્રભારી રહેલા સુભાષ શ્રીવાસ્તવની ૭ દિવસની રિમાન્ડ માંગી શકે છે.

## SIT રિપોર્ટ ઓન-રેકોર્ડ પર રાખવામાં આવશેઃ અરજદાર

વકીલ અને અરજદાર નરેન્દ્ર ગોસ્વામીએ કહ્યું- કોર્ટે હજુ માત્ર સ્ટેટસ રિપોર્ટ માંગ્યો છે, કારણ કે જ્યારે અમે અરજી કરી હતી, ત્યારે માત્ર અટકળો હતી. કોર્ટની રજાઓ પહેલા જ્યારે અમે દલીલ કરી હતી કે CCTV ફૂટેજ અને DVR જેવા પુરાવા નષ્ટ થવા, ખરાબ થવા કે તેમાં છેડછાડ થવાનો ભય છે, તેથી તેમને પહેલા સુરક્ષિત કરવા જોઈએ અને ત્યારબાદ SIT રિપોર્ટ કોર્ટમાં સુપરત કરવો જોઈએ. કોર્ટે મારી અરજીના આ પાસાને સ્વીકારી લીધું. પરિણામે, SIT રિપોર્ટ ઓન-રેકોર્ડ પર રાખવામાં આવશે.

## કોઈ ભગવાનના દાનમાં ચોરી કેવી રીતે કરી શકે? વકિલ



વકીલ અને અરજદાર નરેન્દ્ર ગોસ્વામીએ કહ્યું- યુપી સરકાર, રામ મંદિર ટ્રસ્ટ અને જે લોકોને પ્રતિવાદી બનાવવામાં આવ્યા હતા, કુલ મળીને લગભગ ૧૧ છે, તેમને નોટિસ ફટકારવામાં આવી છે. આ ખૂબ જ સંવેદનશીલ મામલો છે. કોઈ ભગવાનને ચઢાવવામાં આવેલા દાનમાંથી ચોરી કેવી રીતે કરી શકે? અમારી ચિંતા પારદર્શિતા અને જવાબદારીભરી છે.



### શંકરાચાર્ય સ્વામિ અવિમૂક્તેશ્વરાનંદે કહ્યું

## રામ મંદિરને ભાજપ અને RSSની ઓફિસ ગણાવી

રામ મંદિરને ભાજપ અને આરએસએસની ઓફિસ ગણાવવા પર શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીને વિશ્વ હિન્દુ પરિષદે 'કાંગ્રેસાચાર્ય' અને 'સપાચાર્ય' કહીને સંબોધ્યા છે. વિહિપના રાષ્ટ્રીય મહાસચિવ રાહુલ સિંહે સોમવારે સવારે ૬:૩૦ વાગ્યે વીડિયો નિવેદન જાહેર કરતા તેમને 'કાલનેમિ' (રામાયણ કાળનો એક રાક્ષસ) અને 'અવસરવાદી' કહ્યા.

### પવિત્ર સ્થાને પાપઃ ભક્તિની આડમાં ભ્રષ્ટાચાર

# હવે અંબાજી મંદિરમાં દાન ચોરી...!



## કર્મચારી દાનના રૂપિયા ગણી, નોટોનું બંડલ ચોર્યુંઃ આખી ઘટના CCTVમાં કેદ







## 500 રૂપિયાની 208 નોટોની ચોરી કરી હતી

**સિટી ન્યૂઝ@અંબાજી**

રામમંદિર દાન ચોરીનો મુદ્દો દેશભરમાં ચર્ચાના સ્થાને છે. ત્યારે અંબાજી મંદિરના ભંડાર કક્ષમાં બનેલી ચોરીની ઘટનાના જૂના સીસીટીવી ફૂટેજ હાલમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. જેના પગલે અંબાજી મંદિરમાં પણ ચોરીની ઘટનાએ ચર્ચા જગાવી છે.આ ઘટના વાઈરલ વીડિયોમાં આઉટસોર્સિંગ કર્મચારી ચિરાગ ઠાકોર અન્ય કર્મચારીઓ સાથે નોટોની ગણતરી કરતો અને તે દરમિયાન નોટોનું એક બંડલ પોતાના પગ નીચે સંતાડતો જોવા મળી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૫ મેના રોજ ચિરાગ ઠાકોર નોટોનું બંડલ ચોરતા રંગેહાથ ઝડપાયો હતો. જેમાં ચિરાગ ઠાકોર સાથે અન્ય બે આરોપી વિવેક શર્મા અને નિકુંજ પટેલની સંડોવણી ખૂલતાં ધરપકડ કરાઈ હતી.

ભંડાર કક્ષમાં જ્યારે નોટોની ગણતરી ચાલી રહી હતી ત્યારે આ ચોરી આચરવામાં આવી હતી. ચિરાગ ઠાકોરે રૂપિયાનું બંડલ છુપાવ્યા બાદ બાથરૂમ જવાના બહાને તે બહાર નીકળી રહ્યો હતો. આ દરમિયાન તેના ખિસ્સામાંથી ૧,૦૪,૦૦૦ રૂપિયાનું બંડલ નીચે પડી ગયું હતું. ત્યાં હાજર અન્ય કર્મચારીઓની નજર પડતા તેમણે તાત્કાલિક આ અંગે ઉચ્ચ અધિકારીઓને વાકેફ કર્યા હતા. આ ઘટના સામે આવ્યા બાદ મંદિર ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેક્ટરે હંગામી કર્મચારી ચિરાગ ઠાકોર સામે કડક વલણ અપનાવી પોલીસ ફરિયાદ નોંધાવવા આદેશ કર્યો હતો. મંદિરના અધિક કલેક્ટર દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે મુખ્ય આરોપી ચિરાગ ઠાકોર ઉપરાંત સહ-આરોપી વિવેક શર્મા અને નિકુંજ પટેલની ધરપકડ કરી હતી. કોર્ટે સહ-આરોપીઓના ૫ દિવસના રિમાન્ડ પણ મંજૂર કર્યા હતા. પોલીસે ચોરાયેલા બંડલમાંથી ૫૦૦ રૂપિયાની ૨૦૮ નોટો રિકવર કરી હતી.અંબાજી મંદિરના વહીવટદાર કૌશિક મોદીએ જણાવ્યું હતું કે, સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલો સીસીટીવી ફૂટેજ જૂનો છે.

### સુરક્ષા વ્યવસ્થામાં મોટા ફેરફાર અને નવી SOP

- આ ચોરીની ઘટના બાદ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા ભંડાર ગણતરીની પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા માટે નવી સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) અમલી બનાવવામાં આવી છે.
- લાઈવ પ્રસારણઃ ભંડાર ગણતરીની સમગ્ર કામગીરીનું મંદિર પરિસરમાં લગાવેલી મોટી LED સ્ક્રીન પર લાઈવ પ્રસારણ કરવામાં આવે છે, જેથી શ્રદ્ધાળુઓ અને સામાન્ય જનતા પણ આ પ્રક્રિયા જોઈ શકે.
- CCTV મોનિટરિંગઃ ભંડાર કક્ષના દરેક ખૂણાને આવરી લેવા માટે ૨૦ જેટલા હાઈ-ટેક સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે, જેના દ્વારા સતત નજર રાખવામાં આવે છે.
- કર્મચારીઓ પર પ્રતિબંધઃ ભવિષ્યમાં આવી ઘટનાઓ રોકવા માટે વર્ગ ૪ અને આઉટસોર્સિંગના કર્મચારીઓને હવે ભંડાર ગણતરીની પ્રક્રિયાથી સંપૂર્ણપણે દૂર રાખવાનો નિર્ણય લેવાયો છે.
- ચુસ્ત પોલીસ બંદોબસ્તઃ ભંડાર કક્ષમાં પ્રવેશતા અને બહાર નીકળતા તમામ સત્તાવાર કર્મચારીઓનું સ્ટેટ રિઝર્વ પોલીસ (SRP)ના જવાનો દ્વારા કડક ઈન-આઉટ ચેકિંગ કરવામાં આવે છે.

## અંબાજી મંદિરમાં વહિવટદાર આ ફુટેજ જુના છે તે સમયે FIR નોંધી હતી, અત્યારે તમામ આરોપીઓ જામીન પર મુક્ત છે

## કિર્તી પટેલ અને સસ્પેન્ડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે FIR

# કીર્તી પટેલનો પોલીસ સ્ટેશન બહાર ઉપાડો!

**ભાવનગરના બોરડા ગામના સરપંચના પતિ અને વેપારી રાજુ ભમ્મરે આ બંન્ને સામે તેમના પરિવારની સોશિયલ મીડિયા પર બદનક્ષી કરવા ધમકી આપવાનો ગૂન્હો નોંધાયો**








## પોલીસ સ્ટેશન બહાર કીર્તિએ વીડિયો બનાવ્યો... ‘એ રાજુ તને કદાચ કાયદાની ખબર નથી હાલ સમજાવું’

**સિટી ન્યૂઝ@સુરત**

પોતાના વિવાદિત નિવેદનો અને સોશિયલ મીડિયા પોસ્ટને કારણે હંમેશા ચર્ચામાં રહેતી સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ ફરી એકવાર કાયદાના સકંજામાં આવી છે.

સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં કીર્તિ પટેલ અને ભાવનગરની સસ્પેન્ડેડ મહિલા કોન્સ્ટેબલ નયના બારૈયા સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો છે. ભાવનગરના બોરડા ગામના સરપંચના પતિ અને વેપારી રાજુ ભમ્મરે આ બંને સામે તેમના પરિવારની સોશિયલ મીડિયા પર ભયંકર બદનક્ષી કરવા અને ધમકી આપવા અંગે પુણાગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયો અનુસાર, કીર્તિ રણછોડભાઈ અડાલજા પુણા પોલીસ સ્ટેશનની બહાર આક્રમક મૂડમાં જોવા મળી હતી. તેણે બૂમો પાડતા કહ્યું કે, બહુ થયું, હવે ખોટા કેસ એક પણ સહન નહીં કરું. તેણે જાહેરમાં આક્રોશ વ્યક્ત કરતા ફરિયાદ કરનાર રાજુ નામના વ્યક્તિને પણ ખુલ્લો પડકાર ફેંક્યો હતો અને જણાવ્યું હતું કે જો કોઈ ફરિયાદ કરવી હોય તો તે પોલીસ સ્ટેશનની બહાર જ ઉભી છે, સામે આવીને બતાવે. કીર્તિએ પોતાના પર થયેલા કેસોને ખોટા ગણાવી સામો બદનક્ષીનો દાવો કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

પુણાગામ પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૨૯૬(બી), ૩૫૧(૨), ૩૫૬(૩), ૫૪(આઈ) તેમજ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (IT) એક્ટની કલમ ૬૭ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ પુણા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર. એચ. મોરીને સોંપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે કીર્તિ પટેલ વિરુદ્ધ અગાઉ પણ અનેક ગુનાઓ અને વિવાદો સામે આવી ચૂક્યા છે અને તે હંમેશા વિવાદોમાં ઘેરાયેલી રહે છે.

ફરિયાદી રાજુ ભમ્મરે જણાવ્યું હતું કે, તેઓ અગાઉ ગુજરાત પોલીસમાં ફરજ બજાવતી અને હાલમાં સસ્પેન્ડેડ નયના બારૈયા સાથે આશરે ૨૧ મહિના સુધી લિવ-ઈન રિલેશનશિપમાં રહ્યા હતા. આ સંબંધ પૂરો થયા બાદ, નયના બારૈયાની ઉશ્કેરણી અને કહેવાથી જ કીર્તિ પટેલે રાજુભાઈ અને તેમના પરિવાર વિરુદ્ધ સોશિયલ મીડિયા પર ઝેર ઓકવાનું અને બદનામ કરવાનું પૂર્વયોજિત ષડયંત્ર રચ્યું હતું.

ગત ૫ જૂન. ૨૦૨૬ના રોજ કીર્તિ પટેલે રાજુભાઈના મોબાઈલ પર વ્હોટ્સએપ કોલ કરીને તેમની પત્ની (જેઓ ગામના સરપંચ છે) ને તેમના જ સગા ભાઈ સાથે અનૈતિક સંબંધ હોવાના ગંભીર અને ખોટા આક્ષેપો કર્યા હતા.

## રિલાયન્સ સંકુલમાં જ્યાં પણ જાઓ, એક જ નામ ગુંજે 'અનંત સર'

# 'વનતારા' જ્યાં પ્રાણીઓ પણ જીવે છે 'રાજાશાહી' જિંદગી!





■ રાજકોટ જેવડું છે રિલાયન્સ, 365 દિવસ સવારે-સાંજે 51 બ્રાહ્મણો મંત્રોચ્ચાર સાથે હવન કરે છે

■ વિદેશનું એક શહેર ઉભું કરાયું છે 1 કરોડથી વધુ વૃક્ષો, હેમામાલિનીના ગાલ જેવા રસ્તા, વાયરમુક્ત વીજ વ્યવસ્થા

## હાથીઓ માટે વનતારા સ્વર્ગથી ઓછું નથી જાકુઝી, સ્પા, દૈનિક અલગ મેનું હાથીઓનું રસોડું જાણે ફાઈવ સ્ટાર હોટલમાં પ્રવેશ કર્યો

જામનગર શહેરના ખાવડી વિસ્તારમાં આવેલું વનતારા આજના સમયમાં વિશ્વનું એક અનોખું અને વિશાળ પ્રાણી સંરક્ષણ કેન્દ્ર તરીકે ઓળખાય છે. રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સ્થાપિત આ પ્રોજેક્ટ માત્ર એક પ્રાણી ઉદ્યાન નથી, પરંતુ પ્રાણીઓના બચાવ, સારવાર અને પુનર્વસન માટે સમર્પિત એક વિશાળ મિશન છે.

વનતારાનો અર્થ "વનનો તારો" એવો થાય છે, અને અહીં ઈજાગ્રસ્ત, દુર્વ્યવહારનો ભોગ બનેલા અથવા જોખમમાં મુકાયેલા પ્રાણીઓને સુરક્ષિત આશ્રય આપવામાં આવે છે. એ પણ એવી લક્ઝરી સુવિધાઓ સાથે કે જેમાં કંઈ ઓછું લાગતું નથી.

રિલાયન્સના રિફાઈનરી કોમ્પ્લેક્સની અંદર ૫૦૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલું આ કેન્દ્ર પ્રાણીઓ માટે કુદરતી અને અનુકૂળ વાતાવરણ તૈયાર કરે છે. અહીં એવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે કે પ્રાણીઓને એવું જ અનુભવ થાય જાણે તેઓ જંગલમાં જ રહેતા હોય. આ એક અદ્ભુત કલ્પના અને આયોજનનું જીવંત રૂપ છે. વનતારાની સૌથી મોટી વિશેષતા તેની આધુનિક સારવાર સુવિધાઓ છે. અહીં ૨૪ કલાક ડોક્ટરો, ટ્રેનરો અને વિશ્વસ્તરીય વેટરિનરી હોસ્પિટલ ઉપલબ્ધ છે, જ્યાં પ્રાણીઓને ટનાટન સારવાર આપવામાં આવે છે. પરિણામે, થોડા જ મહિનાઓમાં ઈજાગ્રસ્ત પ્રાણીઓ ફરી દોડતા જોવા મળે છે. જે આ પ્રોજેક્ટની સફળતાનું સાક્ષી છે.

હાથીઓ માટે તો વનતારા ખરેખર સ્વર્ગ સમાન છે. તેઓ માટે જાકુઝી, સ્પા જેવી સુવિધાઓ સાથે દરરોજ અલગ મેનુવાળો ખોરાક આપવામાં આવે છે. હાથીઓનું રસોડું જોતા એવું લાગે જાણે કોઈ ફાઈવ-સ્ટાર હોટલ હોય. પ્રાણીઓ માટે આવી વ્યવસ્થા વિશ્વમાં ભાગ્યે જ જોવા મળે એવી ૧૦૦% ખાતરી સાથે કહી શકાય.

આ પ્રોજેક્ટનું નેતૃત્વ અનંત અંબાણી કરી રહ્યા છે, જેમને બાળપણથી જ પ્રાણીઓ પ્રત્યે વિશેષ લાગણી છે. તેમની દ્રષ્ટિએ આ માત્ર સેવા નહીં, પરંતુ "જીવ સેવા"નું એક મહાન કાર્ય છે.

વનતારા એ એક એવી જગ્યા છે જ્યાં પ્રાણીઓને




માત્ર જીવતા રાખવામાં નથી આવતા, પરંતુ તેમને સન્માનપૂર્વક અને કુદરતી જીવન જીવવાની તક આપવામાં આવે છે. આ પ્રોજેક્ટ માનવતા અને પ્રકૃતિ વચ્ચેના સારા સંબંધનું ઉત્તમ ઉદાહરણ છે.

મારી દ્રષ્ટિએ વનતારા માત્ર એક પ્રોજેક્ટ નથી તે એક વિચાર છે. એવો વિચાર કે માનવ જીવન પોતાના વિકાસ સાથે અન્ય જીવસૃષ્ટિ માટે પણ જવાબદાર છે.

અહીં પ્રાણીઓને આપવામાં આવતી લક્ઝરી જીવનશૈલી જોઈને કોઈપણ કહી ઉઠે કે આવો નજારો પહેલા ક્યારેય જોયો નથી. વનતારા વિશે પહેલા મનમાં અનેક પ્રશ્નો હતા કે ઉદ્યોગો આટલું મોટું પ્રોજેક્ટ કેમ બનાવે? પરંતુ મુલાકાત લીધા પછી સમજાયું કે અંદર જાણે એક વિદેશી શહેર ઉભું કરવામાં આવ્યું છે. અંદાજે ૧ કરોડથી વધુ વૃક્ષો, હેમામાલિનીના ગાલ જેવા સમતળ રસ્તાઓ, વાયરમુક્ત વિજ થાંભલા, સુંદર ગાર્ડન અને અંદાજે ૫ લાખથી વધુ આંબાવાડીઓ આ બધું જોઈને આશ્ચર્ય થાય છે. અહીંનું તાપમાન જામનગર કરતાં ૫ થી ૭ ડિગ્રી ઓછું રહે છે.

કોઈપણ પ્રોજેક્ટ વિશે બહારથી ચર્ચા થવી સ્વાભાવિક છે, પરંતુ ત્યાં જઈને જોતા હકીકત કંઈક અલગ જ હોય છે. વનતારાની અંદર રાજકોટ શહેર જેટલું મોટું બીજું એક શહેર ઉભું કરવામાં આવ્યું છે. અહીં હોટલ, સ્કૂલ અને ૨૦૦થી વધુ મંદિરો છે, જ્યાં ૩૬૫ દિવસ સવારે અને સાંજે ૫૧ બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે હવન કરવામાં આવે છે.

આ તમામ લોકો માટે રહેણાંક કોલોની ઊભી કરવામાં આવી છે, જ્યાં પરિવાર સાથે રહેવાની અને બાળકોના શિક્ષણ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. અંદર જન્નત જેવો નઝારો જોવા મળે છે અદ્ભુત પ્લાનિંગ અને વિશાળ ઈન્ડસ્ટ્રીયલ ઝોન સાથે, જ્યાં નજર જાય ત્યાં સુધી વિસ્તાર ફેલાયેલો છે.

રિલાયન્સમાં જ્યાં પણ જાઓ, ત્યાં એક જ નામ સાંભળવા મળે છે. "અનંત સર".

આ બધું જોઈને સ્પષ્ટ થાય છે કે વનતારા માત્ર એક પ્રોજેક્ટ નથી, પરંતુ એક જીવંત વિશ્વ છે. જ્યાં માનવતા, પ્રકૃતિ અને સંવેદનાનું અનોખું સંકલન જોવા મળે છે.









ખોડલધામના પ્રણેતા નરેશ પટેલનો ન્યૂઝ રૂમને આપેલો વિશેષ ઈન્ટરવ્યૂ

# જયેશ રાદડિયા મારા દીકરા સમાન : નરેશ પટેલ

## હર્ષ સંઘવી સાથેની મુલાકાત માત્ર શુભેચ્છા તેની પાછળ કોઇ રાજકીય હેતુ નથી

## સ્વ. વિઠ્ઠલભાઇ રાદડિયા સાથે તેમના મતભેદ હતા, મનભેદ નહોતા







## વિશાળ કેન્સર હોસ્પિટલનું નિર્માણ કરવાનું સપનું કરાશેઃ જ્યાં નો પ્રોફિટ, નો લોસના ધોરણે શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ

ગુજરાતના પાટીદાર સમાજના અગ્રણી અને ખોડલધામના પ્રણેતા શ્રી નરેશ પટેલે તાજેતરમાં ન્યૂઝ રૂમ પોડકાસ્ટ પર આપેલા વિશેષ ઈન્ટરવ્યૂમાં સંસ્થાના ભવિષ્યના આયોજનો તેમજ રાજકારણ અંગે ખુલ્લા મને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

રાજકોટમાં નાયબ મુખ્યમંત્રી સાથે થયેલી તેમની તાજેતરની મુલાકાત અંગે ઊભી થયેલી અટકળો પર સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું કે આ માત્ર એક શુભેચ્છા મુલાકાત હતી અને તેના પાછળ કોઈ રાજકીય હેતુ જોડાયેલો નથી. ખોડલધામ સંસ્થાના વિસ્તરણ અંગે માહિતી આપતા નરેશભાઈએ જણાવ્યું કે દક્ષિણ ગુજરાતમાં વસતા પાટીદાર સમાજ માટે સુરત ખાતે નવા ખોડલધામનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત ઉત્તર અને મધ્ય ગુજરાતમાં પણ નવા કેન્દ્રો શરૂ કરવાની યોજના છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ખોડલધામ કોઈ એક જ્ઞાતિ પૂરતું સીમિત નથી, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને સામાજિક એકતાને પ્રોત્સાહન આપતી પવિત્ર સંસ્થા છે અને તે ક્યારેય રાજકીય મંચ બનશે નહીં.

સંસ્થાના આંતરિક માળખામાં થયેલા ફેરફારો અંગે વાત કરતા તેમણે શ્રીમતી અનારબેન પટેલને પ્રમુખ તરીકે નિયુક્ત કરવાની પાછળના કારણો સમજાવ્યા. અનારબેન છેલ્લા ચાર વર્ષથી ટ્રસ્ટ સાથે જોડાયેલા છે અને મહિલાઓના પ્રશ્નોને ઊંડાણપૂર્વક સમજે છે. તેમના નેતૃત્વથી સંસ્થાના કાર્યોને વધુ ગતિ મળશે અને સંચાલન વધુ મજબૂત બનશે. તેમણે સ્પષ્ટ કર્યું કે આ નિર્ણયને લઈને કોઈ આંતરિક વિવાદ નથી અને સમાજે તેને સકારાત્મક રીતે સ્વીકાર્યો છે.

**હું, મારા પુત્ર કોઇ રાજનીતિમાં જોડાશે નહીં**

રાજકારણ અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કરતા નરેશભાઈએ જણાવ્યું કે તેમને સીધા રાજકારણમાં આવવાની કોઈ ઈચ્છા નથી અને ભવિષ્યમાં તેમના પુત્ર શિવરાજ પણ રાજનીતિમાં જોડાશે નહીં. ગોંડલના રાજકારણ અને અન્ય વિવાદો પર મૌન તોડતા તેમણે જણાવ્યું કે સ્વ. વિઠ્ઠલભાઈ સાથે તેમના મતભેદ હતા, મનભેદ નહોતા, અને તેઓ જયેશ રાદડિયાને આજે પણ પોતાના દીકરા સમાન માને છે.

પોતાના જીવનના લક્ષ્યાંકો અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે તેમનો મુખ્ય ઉદ્દેશ્ય એક વિશાળ કેન્સર હોસ્પિટલનું નિર્માણ કરવાનો છે, જ્યાં નો પ્રોફિટ, નો લોસના ધોરણે શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

આ ઉપરાંત, વર્ષ ૨૦૨૭માં ખોડલધામના ૧૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર આગામી ૨૧ જાન્યુઆરીએ ૧૦૦૮ કુંડી મહાયજ્ઞ અને મહારાસનું ભવ્ય આયોજન કરવામાં આવશે. અંતમાં તેમણે આજના યુવાનોને સંદેશ આપ્યો કે આધુનિક યુગમાં પ્રગતિ સાથે નૈતિકતા જાળવી રાખવી અત્યંત જરૂરી છે, કારણ કે સાચી શાંતિ અને સંતોષ માત્ર સચ્ચાઈ અને સદાચારથી જ મળે છે.










### રાજકોટમાં સ્કોર્પિયોમાં બાએ કર્યા ખત્તરનાક સ્ટંટ

# ફેમસ બા; સ્કુલની બહાર બાળકો માટે નાસ્તો વહેંચી ગુજરાન ચલાવે છે



તસવીરઃ અક્ષય ગોંડલિયા

## વાયરલ બાએ કહ્યું; આ બધુ અચાનક થઈ ગયું; હું એકલી જ છું અને હવે 70 વર્ષ થઈ ગયા છે હું પહેલાથી ફેમસ છું બે વર્ષથી વીડિયો બનાવું છું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર ફેમસ થવા અને લાઈક્સ-વ્યૂઝ મેળવવા માટે યુવા પેઢી રીલ્સ બનાવીને વાહનો પર જોખમી સ્ટંટ કરતી હોવાના અનેક કિસ્સાઓ અને વીડિયો અત્યાર સુધી સામે આવ્યા છે પરંતુ, રંગીલા રાજકોટમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક વૃદ્ધાને પણ સોશિયલ મીડિયા રીલ્સનો એવો ચસ્કો લાગ્યો છે કે તેમણે ચાલુ સ્કોર્પિયો કારે જોખમી સ્ટંટ કરી નાખ્યો હતો. આ સ્ટંટનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે, જેને પગલે રાજકોટ શહેર એ ડિવિઝન પોલીસે તાત્કાલિક ધોરણે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.મળતી માહિતી અનુસાર, રાજકોટ શહેરની મધ્યમાં આવેલા ઐતિહાસિક શાસ્ત્રી મેદાન ખાતે આ અજીબોગરીબ ઘટના ઘટી હતી. સોશિયલ મીડિયામાં વાઈરલ થયેલા આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, મેદાનની અંદર એક કાળા કલરની લક્ઝુરિયસ સ્કોર્પિયો કાર (જેનો રજીસ્ટ્રેશન નંબર GJ.૦૩.PR.૦૦૧૦ છે) ગોળ-ગોળ ફરી રહી છે. આ ચાલુ કારનો આગળનો દરવાજો ખોલીને, તેના ફૂટ સ્ટેપ (પગથિયા) પર એક વૃદ્ધા જોખમી રીતે ઊભા છે. વીડિયો શૂટિંગ દરમિયાન તેઓ ફિલ્મી અંદાજમાં હાથ હલાવીને સ્વેગ બતાવી રહ્યા છે અને સ્ટંટનો આ લહાવો માણી રહ્યા છે.આ વાઈરલ વીડિયોમાં દેખાતી કાળા કલરની સ્કોર્પિયો કારના કાચ પણ નિયમ વિરુદ્ધ કાળા (ટીન્ટેડ ગ્લાસ) હોવાનું નજરે પડે છે. વીડિયોમાં કારની સ્પીડ પ્રમાણમાં સાવ ધીમી રાખવામાં આવી છે, પરંતુ કાયદા અને સુરક્ષાની દ્રષ્ટિએ આ પ્રકારની બેદરકારી અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. ચાલુ કારે જો વૃદ્ધાની એક નાની સરખી ભૂલ થાય, પગ લપસે કે ડ્રાઈવરની નજર ચૂક થાય, તો વૃદ્ધા સીધા કારના વ્હીલ નીચે આવી શકે છે.








### ખેડૂત અને ધારાસભ્ય હીરા સોલંકીનો ઓડિયો વાયરલ

# દિવ્યાંગ ખેડૂતની જમીન ભાજપના ધારાસભ્ય હીરા સોલંકીએ કબ્જો કર્યાનો આરોપ !

## ધારાસભ્યએ કહ્યું કે કાયદેસર રીતે આ જમીન ખરીદી લીધી છે

**ખેડૂતને જમીન ખાલી કરવા પોલીસની કાર્યવાહીનો ડર બતાવવામાં આવે છે**

**ખેડૂતે દાવો કર્યો કે જમીનમાં બળજબરીપૂર્વક JCB મશીનો ફેરવી દેવામાં આવ્યા છે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

તાજેતરમાં જાફરાબાદ પંથકમાં એક જમીનના કબજાને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. સોશિયલ મીડિયા પર એક ઓડિયો અને વિડીયો ખૂબ જ વાયરલ થઈ રહ્યા છે, જેમાં સ્થાનિક ધારાસભ્ય હીરાભાઈ સોલંકી અને એક ખેડૂત વચ્ચે જમીનની માલિકીને લઈને ઉગ્ર ચર્ચા થઈ રહી છે. ધારાસભ્ય દાવો કરી રહ્યા છે કે તેમણે કાયદેસર રીતે આ જમીન ખરીદી લીધી છે, જ્યારે ખેડૂતો પોતાની જમીન બચાવવા માટે સતત લડત આપી રહ્યા છે

આ વાયરલ ઓડિયોમાં સાંભળી શકાય છે તેમ, ભીખુભાઈ નામના એક દિવ્યાંગ ખેડૂત અને ધારાસભ્ય વચ્ચે ફોન પર વાતચીત થાય છે. ખેડૂત ભાઈ અત્યંત નમ્રતાથી પોતાની જમીન હોવાનો દાવો કરે છે, પરંતુ સામે પક્ષેથી તેમને જમીન ખાલી કરવા અને પોલીસની કાર્યવાહીનો ડર બતાવવામાં આવે છે. ખેડૂતોનો આરોપ છે કે તેમની જમીનમાં બળજબરીપૂર્વક જેસીબી (JCB) મશીનો ફેરવી દેવામાં આવ્યા છે અને તેમના અવાજને દબાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે

આ સમગ્ર ઘટના પાછળનું મુખ્ય કારણ એક ખાનગી કંપની ('કોપર') દ્વારા હાઈ-ટેન્શન વીજળીની લાઇન નાખવાનું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ખેડૂતોની વેદના છે કે કંપનીને અનુકૂળતા રહે તે માટે જૂની લાઇન બદલીને બળજબરીથી તેમના ખેતરમાં વીજળીના ૧૩ જેટલા થાંભલા નાખવામાં આવી રહ્યા છે. સૌથી દુખદ વાત એ છે કે આ નુકસાન માટે બિચારા ખેડૂતોને કોઈ જ વળતર આપવામાં આવ્યું નથી, અને તેમને પરાણે આ પરિસ્થિતિ સ્વીકારવા મજબૂર કરવામાં આવી રહ્યા છે.

જ્યારે આ ખેડૂત ભાઈઓ ન્યાય માંગવા માટે પોલીસ સ્ટેશને ગયા, ત્યારે ત્યાં પણ તેમને કોઈ જ યોગ્ય સાથ-સહકાર ન મળ્યો હોવાની રાવ છે. ખેડૂત ભાઈનું કહેવું છે કે પોલીસે તેમને કલાકો સુધી બેસાડી રાખ્યા અને જે નિવેદન લેવામાં આવ્યું તેનો ફોટો પણ પાડવા દીધો ન હતો. આ ઉપરાંત, ઉચ્ચ અધિકારીઓ અને મામલતદાર કચેરીમાં વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ જ સંતોષકારક ઉકેલ આવ્યો નથી.


આ ઘટનાએ ગુજરાતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલનને વધુ વેગ આપ્યો છે. લોકોમાં એવી ચર્ચા જાગી છે કે શું હવે ખેડૂતોનો અવાજ સાંભળવામાં નથી આવતો? સોશિયલ મીડિયા પર લોકો આ વીડિયોને જોઈને ખેડૂતો પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરી રહ્યા છે અને સત્તાધીશો દ્વારા ખેડૂતોની જમીન પર થતા કથિત દબાણનો વિરોધ કરી રહ્યા છે. હવે જોવાનું એ રહે છે કે આવનારા સમયમાં આ લાચાર ખેડૂતોને યોગ્ય ન્યાય મળે છે કે નહીં.

## એક ખાનગી કંપની (કોપર) દ્વારા હાઈ-ટેન્શન વીજળીની લાઈન નાખવાનું હોવાનું ખેડૂતોએ જણાવ્યું

## એલર્ટ : 2 પોઝિટિવ સહિત 7 સારવાર હેઠળ

# ગુજરાતમાં ચાંદીપૂરા વાયરસનો હાહાકાર

# 13 બાળકોનાં જીવ લીધા



## મચ્છર–માખી કરડવાથી ફેલાય છે : વાયરસ સીધો મગજ ઉપર અસર કરે છે હજુ સુધી દવા બની નથી





**સિટી ન્યૂઝ@ગાંધીનગર**

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત થતાં જ ચાંદીપુરા વાયરસનો આતંક જોવા મળી રહ્યો છે. ગાંધીનગર, સાબરકાંઠા, ખેડા, અરવલ્લી અને પંચમહાલ સહિતના જિલ્લાઓમાં આ જીવલેણ વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, જેના કારણે આરોગ્ય વિભાગમાં ભારે દોડધામ મચી ગઈ છે.

અત્યાર સુધી રાજ્યના જુદા જુદા વિસ્તારોમાંથી ચાંદીપુરા વાયરસ અને તેના શંકાસ્પદ લક્ષણોના કારણે બાળકોના મોતના સમાચારો સામે આવ્યા છે. જેમાં અત્યાર સુધીમાં (૧૩ જુલાઈ) કુલ ૧૨ બાળકનાં મોત થયા છે. જેમાં ૩ પોઝિટિવ અને ૯ શંકાસ્પદ બાળકનાં મોત થયા છે. જ્યારે હાલ ૨ પોઝિટિવ બાળક ગાંધીનગર સિવિલમાં દાખલ છે અને અન્ય ૫ શંકાસ્પદ માસૂમ અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાની સત્તાવાર માહિતી અને લેબોરેટરી રિપોર્ટના આધારે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૩ બાળકનાં મોત ચાંદીપુરા વાયરસ પોઝિટિવ આવવાના કારણે થયા છે, જેમાં પંચમહાલના ગોધરા ખાતે રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સારવાર દરમિયાન ૨ બાળકના મોત નિપજ્યાં હતા, જ્યારે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયેલા રાજસ્થાનના ૧ બાળકનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યા બાદ તેનું મોત થયું હતું. બીજી તરફ, લેબોરેટરી રિપોર્ટ નેગેટિવ આવ્યા હોય અથવા રિપોર્ટ આવે તે પહેલાં જ તીવ્ર તાવ, આંચકી અને ઉલટી જેવા શંકાસ્પદ લક્ષણો સાથે દમ તોડ્યો હોય તેવા બાળકોની સંખ્યા પણ ઘણી મોટી અને ચિંતાજનક છે. સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા કુલ ૬ બાળકના મોત નોંધાયા છે, જ્યાં દાખલ કરાયેલા કુલ ૭ શંકાસ્પદ કેસમાંથી ૬ બાળકના રિપોર્ટ નેગેટિવ આવ્યા હતા અને માત્ર ઉપર જણાવેલો રાજસ્થાનનો ૧ કેસ જ પોઝિટિવ હતો.

આ ઉપરાંત પંચમહાલના ગોધરા અને કાલોલમાં પણ શંકાસ્પદ લક્ષણોથી કુલ ૪ બાળકના મોત થયા છે, જેમાં ગોધરા તાલુકાના વીંઝોલ અને સરદારપુરા ગામના ૨ બાળકના અગાઉ જ મોત થઈ ચૂક્યા હતા, જ્યારે ગત ૧૨ જુલાઈના રોજ વધુ બે માસૂમે જીવ ગુમાવ્યા હતા.

### ગુજરાતમાં વાયરસથી 12 બાળકનાં મોત

- ચાંદીપુરા વાયરસમાં સત્તાવાર પોઝિટિવ કેસમાં ૩ બાળકનાં મોત
- ગોધરા (પંચમહાલ): રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ સારવાર દરમિયાન ૨ બાળકના મોત
- રાજસ્થાનનો કેસ (હિંમતનગર સિવિલ): હિંમતનગર હોસ્પિટલમાં દાખલ રાજસ્થાનના એક બાળકનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ મોત
- શંકાસ્પદ લક્ષણો ધરાવતા કેસમાં થયેલા મોત
- હિંમતનગર સિવિલ હોસ્પિટલ: ચાંદીપુરાના શંકાસ્પદ લક્ષણો ધરાવતા કુલ ૫ બાળકના મોત
- પંચમહાલ (ગોધરા/કાલોલ) જિલ્લો: જિલ્લામાં શંકાસ્પદ લક્ષણોથી કુલ ૪ બાળકનાં મોત

### ચાંદીપુરા વાઈરસના લક્ષણો શું છે?

- સંક્રમિત થનારા દર્દીને જોરદાર તાવ આવે છે.
- ફ્લૂ જેવાં લક્ષણ અને એન્સેફ્લાઈટિસની ફરિયાદ રહે છે. ઊલટી, ગરદનમાં ખેંચાણ અને માથાનો દુખાવો.

### વાઈરસથી બચવા શું કરશો?

- બાળકોને જંગલોમાં જવાથી રોકવા.
- મચ્છર-માખીનો ઉપદ્રવ અટકાવવો.
- લક્ષણો દેખાતા જ ડૉક્ટરની સલાહ લેવી.

### વાઈરસ કેટલો ખતરનાક છે?

- સારવાર માટે કોઈપણ એન્ટી વાઈરસ દવા બની નથી.
- એડવાન્સ સ્ટેજમાં કોમા અને મૃત્યુ જેવું જોખમ રહે છે.
- આ વાઈરસનો મૃત્યુદર ૭૫% સુધીનો છે. વાઈરસ સીધો મગજ પર અસર કરે છે.

### વેપન કાર્ટેલ ગેંગ 10 પિસ્તોલ, 5 કટ્ટા, 1 રિવોલ્વર, 30 કાર્ટીસ સાથે ઝડપાઇ

# રાજકોટમાં રથયાત્રા પહેલા ખતરનાક પ્લાન ફેલ હથિયારોનો જથ્થો પકડાયો

## મિર્ઝાપુરનો શખ્સ ડિલિવરી આપવા આવ્યોને PCBના PSI R.K.જાડેજાની ટીમે ઝડપી લીધો









**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં આગામી ૧૬ તારીખે અષાઢી બીજ નિમિતે ભગવાન જગ્ગન્નાથજીની રથયાત્રા યોજાનાર હોય જેમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હથિયારોની હેરાફેરી ઉપર ખાસ વોચ રાખવાની સૂચના અન્વયે પીસીબીની ટીમે વેપન કાર્ટેલ ગેંગના ૫ શખ્સોને ઝડપી લઇ ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ, ૪ મોબાઈલ સહીત ૨ લાખ ૩ હજારનો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટમાં હથિયારોની હેરાફેરી ઉપર ખાસ વોચ રાખવા પોલીસ કમિશ્નર બ્રજેશ ઝાની સૂચના અન્વયે પીસીબી પીઆઇ એમ આર ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી બી ત્રાજીયા, પીએસઆઈ આર કે જાડેજાની ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સ્ટાફના વિજયભાઈ મેતા, કુલદીપસિંહ જાડેજા અને યુવરાજસિંહ રાણાને બાતમી મળી હતી કે મિર્ઝાપુરનો શખ્સ વાંકાનેર ચોકડી પાસે હથિયારોની ડિલિવરી દેવા આવવાનો છે આ બાતમી આધારે વોચ ગોઠવી મિર્ઝાપુરના મુખ્ય સપ્લાયર શકીલ સાદિક મન્સૂરી, જસદણના જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા, ચોટીલાના ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિક ઉર્ફે અનિલભાઈ રોજાસરા, અનિલ વીરાભાઇ ખેતરીયા અને પ્રદીપ અનકભાઈ કરપડાની ધરપકડ કરી તબક્કાવાર તમામ પાસેથી  ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ, ૪ મોબાઈલ સહીત ૨ લાખ ૩ હજારનો મુદામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે ગ્રામ્ય એસઓજીએ કુંદણી ગામે ગઈકાલે દરોડો પાડ્યો હતો અને કુખ્યાત બુટલેગરને બે હથિયાર સાથે પકડ્યો હતો તેમાં પણ મિર્ઝાપુરના શકીલનું અને બોઘરાવદરના જયસુખનું નામ ખુલ્યું હતું આ બંને શખ્સોને શહેર પીસીબીએ ઝડપી લીધા છે.

## તંત્રી લેખ

### મંદિરોમાં દાનના નામે ધંધોઃ શ્રધ્ધા સાથે ખૂલ્લી છેતરપિંડી ચાલે છે

# ભક્તો આંખ ખોલો; મંદિરોમાં નહીં, સેવા પ્રવૃત્તિમાં દાન કરો

### અયોધ્યા રામ મંદિર, ઉજ્જૈન મહાકાલ હોય કે અંબાજી મંદિર હોય ત્યાં દાનમાં મોટો 'ખેલ' ચાલી રહ્યો છે



ભારતમાં ભક્તિનું નામ લઈ લોકોને મૂર્ખ બનાવવાની પ્રથા હવે ખુલ્લેઆમ સામે આવી રહી છે. મંદિરોમાં લોકો પોતાની મહેનતની કમાણી ભગવાનને અર્પણ કરે છે પરંતુ જો એ જ પૈસા કોઈના મોજશોખ અને ગેરવહીવટમાં વપરાતા હોય, તો આ માત્ર ભ્રષ્ટાચાર નહીં, સીધી રીતે ભક્તોની આસ્થા સાથે છેતરપિંડી છે.અયોધ્યા હોય કે ઉજ્જૈન, ઓમકારેશ્વર હોય કે અંબાજી જ્યારે એક પછી એક મંદિરોમાં દાનની ગેરરીતિના આરોપો સામે આવે છે, ત્યારે હવે આંખ બંધ રાખવી મૂર્ખામી છે. શું ભક્તો માત્ર પૈસા નાખવા માટે છે? શું કોઈ જવાબદારી નથી કે આ દાન ક્યાં જાય છે?હકીકત એ છે કે ઘણા સ્થળોએ "ધર્મ"ના નામે વ્યવસ્થા એટલી અસ્પષ્ટ છે કે ત્યાં કોઈને જવાબ આપવાની ફરજ જ નથી લાગતી. આ સ્થિતિ અસહ્ય છે. ભક્તોના પૈસા પર કોઈ રાજા બનીને બેસી જાય અને કોઈ પૂછનાર ન હોય આ હવે ચાલશે નહીં.સમય આવી ગયો છે કે લોકો સવાલ પૂછે જોરથી અને ખુલ્લેઆમ. મંદિર ટ્રસ્ટો પાસે દરેક રૂપિયાનો હિસાબ માંગવો જ પડશે. જો પારદર્શિતા નથી, તો દાન પણ નહીં આવો સ્પષ્ટ સંદેશ આપવો પડશે.



• તંત્રી •

**અનિરુદ્ધ નકુમ**

આંધળી શ્રદ્ધા હવે નુકસાનકારક બની રહી છે. જો આપેલું દાન સાચી જગ્યાએ નથી પહોંચતું, તો ગરીબો, બીમાર લોકો અથવા પ્રાણીઓ માટે સીધું દાન કરવું હજારો ગણું સારું છે. ભગવાનને પૈસાની જરૂર નથી પરંતુ માનવતાને જરૂર છે.

આ હવે માત્ર ચર્ચાનો વિષય નથી આ લડત છે વિશ્વાસને બચાવવાની. જો હવે પણ લોકો ચૂપ રહેશે, તો આવતીકાલે આસ્થા શબ્દનો અર્થ જ ખોવાઈ જશે. હવે સમય છે સ્પષ્ટ નિર્ણયનોઃ પારદર્શિતા કે બહિષ્કાર.લોકો પોતાના મહેનતના પૈસા ભગવાનના ચરણોમાં સમર્પિત કરે છે, એ વિશ્વાસ સાથે કે તેનો ઉપયોગ સેવા, સમાજકલ્યાણ અને ધાર્મિક કાર્ય માટે થશે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી મંદિરોમાં દાનની ચોરી અને ગેરવહીવટના આરોપો સામે આવતા રહ્યા છે, જે માત્ર ચિંતાજનક જ નહીં, પરંતુ શરમજનક પરિસ્થિતિ ઊભી કરે છે.એક કડક સત્ય એ પણ છે કે જ્યાં વ્યવસ્થામાં ખામી છે, ત્યાં સુધારા માટે દબાણ લાવવું જ પડશે. મંદિર ટ્રસ્ટોએ પોતાના હિસાબ જાહેર કરવા, નિયમિત ઓડિટ કરાવવા અને દરેક રૂપિયા કેવી રીતે ખર્ચાય છે તેની સ્પષ્ટ માહિતી આપવી ફરજિયાત બનાવવી જોઈએ. ટેકનોલોજીના યુગમાં આ કામ મુશ્કેલ નથી પરંતુ ઈચ્છાશક્તિ જરૂરી છે. સાથે જ, સમાજે પણ પોતાનો દૃષ્ટિકોણ બદલવો પડશે. જો દાનનો યોગ્ય ઉપયોગ થતો નથી, તો ગરીબોની મદદ, શિક્ષણ, આરોગ્ય સેવા અથવા પ્રાણીઓના કલ્યાણ માટે સીધું દાન આપવું વધુ અર્થપૂર્ણ બની શકે છે. સાચી સેવા એ છે, જ્યાં આપેલું દાન વાસ્તવમાં જરૂરિયાતમંદ સુધી પહોંચે.

### ૩ લાખનું એડવાન્સ પેમેન્ટ, મુંબઈ સુધી સ્પેશિયલ કોચ; હનીમૂન ડેકોરેશન પછી સેલૂન કોચથી વિવાદ

# ચાલતી ટ્રેનમાં પૂજા અને પાઠનો વીડિયો વાયરલ





**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

સોશિયલ મીડિયા પર હાલ ટ્રેનના એક ડબ્બામાં પૂજા-અર્ચના થતો વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે, જેને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. ચાલતી ટ્રેનમાં 'સુહાગરાત' જેવી સજાવટના વિવાદ પછી હવે આ નવો વિવાદ સામે આવ્યો છે, જેમાં ટ્રેનના 'સેલૂન કોચ'માં પૂજા-પાઠ અને રુદ્રાભિષેક કરવામાં આવ્યો. આ વીડિયોમાં એક પૂજારી ટ્રેનના ફ્લોર પર બેસીને ધાર્મિક અનુષ્ઠાન કરતા જોવા મળી રહ્યા છે અને તેમની સાથે સફેદ વસ્ત્રો પહેરેલા અનેક શ્રદ્ધાળુઓ પણ ઉપસ્થિત છે. આ વીડિયો વાયરલ થયા બાદ રેલવે પ્રશાસન હરકતમાં આવ્યું છે અને આ મામલે સ્પષ્ટતા કરી છે. તો ચાલો જાણીએ કે આખરે આ 'સેલૂન કોચ' શું હોય છે અને તેને લઈને રેલવેના નિયમો શું છે.ઉત્તર રેલવેના X એકાઉન્ટ પર સ્પષ્ટતા કરવામાં આવી છે કે, "CRD દ્વારા ૮ જુલાઈ ૨૦૨૬ના રોજ સેલૂન કાર બુક કરવામાં આવી હતી. પાર્ટીએ કોમર્શિયલ બુકિંગ પેટે ૩,૦૮,૫૮૦ રૂપિયાનું એડવાન્સ પેમેન્ટ કર્યું હતું. આ સેલૂન કારને ૧૦ જુલાઈ ૨૦૨૬ના રોજ નવી દિલ્હીથી મુંબઈ સુધીની વન-વે મુસાફરી માટે ટ્રેન નંબર ૧૨૯૨૬ પશ્ચિમ એક્સપ્રેસમાં જોડવાની હતી." રેલવેએ સ્પષ્ટ કર્યું કે વીડિયોમાં અભિષેક કરતા જોવા મળતા પૂજારી એક પ્રાઈવેટ પાર્ટી દ્વારા બુક કરવામાં આવેલી સેલૂન કારની અંદર આયોજિત ધાર્મિક વિધિનો જ એક ભાગ હતા. રેલવે અધિકારીઓએ એ વાત પર વિશેષ ભાર મૂક્યો છે કે મુસાફરોની સુરક્ષા અને રેલવેનું સંચાલન હંમેશા તેમની સર્વોચ્ચ પ્રાથમિકતા રહેશે. તેમણે સ્પષ્ટ કર્યું કે રેલવેની મુખ્ય ભૂમિકા અને જવાબદારી કોઈ પણ પ્રકારની બાંધછોડ વિના મુસાફરોની સમયપાલનતા, સુરક્ષા, સંરક્ષણ અને સુવિધા સુનિશ્ચિત કરવાની છે.વધુમાં જણાવ્યું કે ઓપરેશનલ વ્યવહારુતા અને રેલવેના નિયમોના પાલનને આધીન IRCTC દ્વારા કોમર્શિયલ ધોરણે સેલૂન કાર ભાડે લઈ શકાય છે. બુકિંગ મંજૂર થયા પછી, ભાડે લેનાર વ્યક્તિને કાયદેસરના કાર્યો માટે સેલૂન કારનો ઉપયોગ કરવાની છૂટ હોય છે. જોકે, શરત માત્ર એટલી જ હોય છે કે તમામ સુરક્ષા જરૂરિયાતો, ઓપરેશનલ સૂચનાઓ અને લાગુ પડતા રેલવે નિયમોનું કડકપણે પાલન કરવું પડશે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર 'સોશિયલિસ્ટ સ્પિરિટ' નામના હેન્ડલ પરથી એક યુઝરે લખ્યું- "ટ્રેનમાં નમાજ પઢવા પર લાગણીઓ દુભાઈ જાય છે...ટ્રેનના કેબિનમાં હનીમૂન સરપ્રાઈઝ આપવા પર સંસ્કૃતિ ખતરામાં આવી જાય છે અને TTE સસ્પેન્ડ થઈ જાય છે...પરંતુ જ્યારે ભારતીય રેલવેના એક VIP સેલૂન કોચની અંદર પંડિતોને બોલાવીને, ચાલતી ટ્રેનમાં પૂરી તૈયારી સાથે રુદ્રાભિષેક અને પૂજા-પાઠ કરવામાં આવે છે, ત્યારે બધા નિયમ-કાયદા અને સમાજનો વિરોધ ક્યાં ગાયબ થઈ જાય છે?"

## સેલૂન કોચમાં કઈ-કઈ સુવિધાઓ હોય છે?

IRCTC ટૂરિઝમ અનુસાર, દરેક સેલૂનમાં બેડરૂમ ઉપરાંત વધારાના લોકોને રોકવા માટે ૪ થી ૬ એક્સ્ટ્રા બર્થ/બેડ હોય છે. આમાં મુસાફરી આરામદાયક રહે તે માટે એક એસી અટેન્ડન્ટ અને એક જનરલ અટેન્ડન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. મુસાફરી દરમિયાન તાજું ભોજન બનાવવા માટે એક રસોડું પણ હોય છે. રસોડામાં જરૂરી વાસણો, ગરમ પાણી માટે સિંક, રેફ્રિજરેટર, RO પ્યુરિફાઈડ વોટર વગેરે તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. IRCTC જરૂરિયાત પડ્યે વધારાના ચાર્જ સાથે રસોઈયા અને રસોઈની સામગ્રી પણ પૂરી પાડે છે.

## વિજ્ઞાન જાથાના જયંત પંડ્યાના નિવેદનથી લીધો નિર્ણય

# હું હવે આગાહી નહીં કરુઃ અંબાલાલ



### વિજ્ઞાન જાથાએ શું કહ્યું : સારા વરસાદ પડશેનું આગાહી કરી હતી : રાજ્યમાં વાવણી થઈ નથી, બિચારણમાં ખેડૂતને કરોડોનું નુકસાન થયું છે. જવાબદારી નક્કી કરીને આગાહીકારો પાસેથી વસૂલ કરવા માંગણી કરી જુલાઈ સુધીના તમામ વરતારા ખોટા સાબિત થયા



**સિટી ન્યૂઝ@રાજકોટ**


હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ખૂબ જ મોટી જાહેરાત કરી છે. હવામાન આગાહીકાર અંબાલાલ પટેલે હવેથી હવામાનની કોઈપણ આગાહી નહીં કરવાનો નિર્ણય કર્યો છે. આજથી હવામાનની કોઈ આગાહી નહીં કરવાનો નિર્ણય અંબાલાલ પટેલે કર્યો છે. વિજ્ઞાનજાથાના જયંત પંડયાની ચિમકીથી ત્રસ્ત થઈ આગાહી નહીં કરવાનો નિર્ણય તેમણે કર્યો છે.

અંબાલાલ પટેલ ગુજરાતના જાણીતા હવામાન નિષ્ણાંત તરીકે ઓળખાય છે. તેઓ પરંપરાગત ખગોળીય સંકેતો અને પ્રાકૃતિક પરિબળોના આધારે હવામાન અંગે આગાહીઓ કરવા માટે જાણીતા બન્યા છે. ખાસ કરીને ચોમાસું, વાવાઝોડાં, શિયાળો અને ગરમી અંગેની તેમની આગાહીઓના કારણે તેઓ વર્ષોથી ચર્ચામાં રહે છે. અંબાલાલ પટેલનો જન્મ ૧ સપ્ટેમ્બર, ૧૯૪૭ના અમદાવાદ જિલ્લાના રુદાટલમાં ખેડૂત પરિવાર દામોદરદાસ પટેલને ત્યાં થયો હતો. અંબાલાલા પટેલે આણંદમાં બી.એસ. કૉલેજ ઑફ એગ્રીકલ્ચરમાંથી બીએસસી કર્યું છે. ૧૯૭૨માં ગુજરાત સરકારમાં બીજ પ્રમાણન એજન્સી અમદાવાદ ખાતે બીજ એગ્રીકલ્ચર સુપરવાઈઝર તરીકે જોડાયા હતા. અંબાલાલ પટેલે મદદનીશ ખેતી નિયામક તરીકે ફરજ બજાવી છે. બીજ સુપરવાઈઝર ઉપરાંત સેક્ટર ૧૫ ખેતીવાડી લેબોરેટરી ગુણવત્તા નિયંત્રણ કચેરી તેમજ જમીન ચકાસણી જૈવિક નિયંત્રણ કચેરી ખાતે ફરજ બજાવીને તેઓ સપ્ટેમ્બર ૨૦૦૫માં નિવૃત થયા છે.અંબાલાલ પટેલ એગ્રીકલ્ચર સાથે-સાથે જ્યોતિષ વિષયમાં રસ ધરાવે છે. તેઓ ખેડૂતો સાથે મુલાકાત કરતા ત્યારે કૃષિ પાકને લઈને ચર્ચા કરતા હતા. સારા પાક માટે વરસાદની ખાસ જરૂરિયાત હોય છે. કૃષિ પાક અને વરસાદની ચર્ચા થતી ત્યારે અંબાલાલ પટેલને વિચાર આવ્યો કે હવામાન કેવું રહેશે અને વરસાદ ક્યારે પડશે તેની માહિતી અગાઉથી મળી જાય તો ખેડૂતોની મદદ થઈ શકે. ત્યાર બાદ તેઓએ જ્યોતિષ શાસ્ત્રોનો અભ્યાસ કરવાનું શરૂ કર્યું. વરસાદનો વરતારો, વારાહી સંહિતા વગેરે ગ્રંથોમાંથી જ્યોતિષ દ્રષ્ટિએ હવામાન અંગે જાણકારી મેળવી હતી.

ગુજરાતમાં આ વખતે ચોમાસું મોડેથી બેસ્યું અને એમાં પણ વળી પાછું કેટલાક દિવસ વરસાદ પડીને પાછા વાદળો ગાયબ થઈ ગયા. ત્યારે હવે વિજ્ઞાન જાથા ચોમાસું ખેંચાતા મેદાન આવ્યું છે. વિજ્ઞાન જાથાના ચેરમેન જયંત પંડ્યાએ આગાહીકારો પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે જુલાઈ સુધીના તમામ વરતારા ખોટા સાબિત થયા. સમગ્ર રાજ્યમાં વાવણી થઈ નથી. વિજ્ઞાન જાથા કાનૂનૂ કાર્યવાહી કરશે.

## જયંત પંડ્યા સાથે વિવાદ

વિજ્ઞાનજાથાના જયંત પંડયાએ અંબાલાલ પટેલની આગાહીઓ પદ્ધતિ અને તેની વિશ્વસનીયતા સામે સવાલો ઉઠાવ્યા હતા. જયંત પંડ્યાએ ટિપ્પણી કરતાં જણાવ્યું કે, હવામાન એ સંપૂર્ણપણે વિજ્ઞાનનો વિષય છે. સેટેલાઈટ ટેક્નોલોજી, રડાર સિસ્ટમ અને હવામાન વિભાગ જેવી સત્તાવાર વૈજ્ઞાનિક સંસ્થાઓ ડેટાનું એનાલિસિસ કરીને યોગ્ય માહિતી આપતી હોય છે. આવા સમયે કોઈ પણ વ્યક્તિ વૈજ્ઞાનિક આધાર વગર માત્ર અટકળો કે પરંપરાગત ગ્રહ નક્ષત્રોના આધારે લાંબાગાળાની આગાહીઓ કરીને જનતામાં ભ્રમ ન ફેલાવે. અંબાલાલ પટેલે દાવો કર્યો હતો કે તેઓ કોઈ અંધશ્રદ્ધા ફેલાવતા નથી પરંતુ વર્ષોથી ખેડૂતોના હિતમાં નિસ્વાર્થ ભાવે કામ કરી રહ્યા છે. તેમણે પોતાની લાયકાત અને અનુભવની વાત કરતા ષ્ટ કર્યું કે, તેઓ પોતે બીએસસી એગ્રીકલ્ચર અભ્યાસ કરી ચૂક્યા છે. તેમની આગાહીઓ માત્ર જ્યોતિષ કે ગ્રહોની સ્થિતિ પર આધારિત નથી હોતી, પરંતુ તેમાં અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં સર્જાતી સિસ્ટમ તેમજ કૃષિ હવામાનના ઊંડા અભ્યાસનો સમન્વય હોય છે.



## મજા બની માયૂસી; 60 લોકો ગંભીર, જીવ બચાવવા લોકો ટોયલેટમાં સંતાયા



# બેંગકોકની પબમાં અગ્નિકાંડ 30 લોકો જીવતા સળગી ગયા

**સિટી ન્યૂઝ@બેંગકોક**

થાઈલેન્ડની રાજધાની બેંગકોકમાં રવિવારે મોડી રાત્રે એક બારમાં આગ લાગવાથી ૨૭ લોકોના મોત થયા હતા, જ્યારે ૬૩ લોકો ઘાયલ થયા હતા. થાઈ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગ લાગવાનું કારણ વીજળીના સિસ્ટમમાં ખામી હોઈ શકે છે.તમામ ઘાયલોની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આગ લાગવાના કારણની તપાસ હજુ ચાલુ છે. ફાયર બ્રિગેડ વિભાગે જણાવ્યું કે તેમને રાત્રે ૧૨ વાગ્યે આગ લાગવાની જાણ થઈ હતી. લગભગ 30 મિનિટની જહેમત બાદ આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં સુધીમાં ઈમારતનો મોટો ભાગ બળી ગયો હતો.ઘટનાસ્થળે હાજર એક સંગીતકારે જણાવ્યું કે વીજળી જવાથી થોડા સમય પહેલા સ્ટેજ પાસે લાગેલા સર્કિટ બ્રેકરમાંથી ધુમાડો નીકળતો દેખાયો હતો. ત્યારબાદ એક ધડાકાનો અવાજ આવ્યો અને જોતજોતામાં આખા પબમાં ધુમાડો ભરાઈ ગયો.તેમણે જણાવ્યું કે ઘણા લોકો જીવ બચાવવા માટે ઈમારતના પાછળના ભાગમાં આવેલા ટોયલેટમાં ઘૂસી ગયા હતા, જ્યાં શ્વાસ રૂંધાવાથી તેમનું મોત થયું હતું. થાઈલેન્ડના વડાપ્રધાન અનુતિન ચાર્નવીરાકુલે ઘટનાસ્થળની મુલાકાત લીધી હતી. તેમણે કહ્યું કે તમામ મૃતદેહો મળી આવ્યા છે.રિપોર્ટ્સ અનુસાર, ફાયર ફાઈટરોએ લગભગ અડધા કલાકમાં આગ પર કાબૂ મેળવી લીધો હતો, પરંતુ ત્યાં સુધીમાં મોટું નુકસાન થઈ ચૂક્યું હતું.આ બાર બેંગકોકના ચાતુચક જિલ્લામાં આવેલો છે. સ્થાનિક સ્તરે તેને રોંગ બીયર ના લાટ ફ્રાઓ નામથી ઓળખવામાં આવે છે. તે વિસ્તારનું લોકપ્રિય રેસ્ટોરન્ટ અને મનોરંજન સ્થળ માનવામાં આવે છે.આગ ઓલવાયા પછીની તસવીરોમાં બારની બહાર મોટી સંખ્યામાં બોડી બેગ્સ રાખેલા જોવા મળ્યા. સમગ્ર વિસ્તારને પોલીસે ઘેરી લીધો હતો. અંદરનું ફર્નિચર, દિવાલો અને છત સંપૂર્ણપણે કાળી પડી ગઈ હતી. છતના કેટલાક ભાગો પણ ઉખડી ગયા હતા.


## જોધપુરમાં મંદિરેથી દર્શન કરી ઘરે પરત ફરી રહ્યા હતા

# સ્કોર્પિયો ડમ્પરમાં ઘુસી: 5ના મોત

**સિટી ન્યૂઝ@રાજસ્થાન**



રાજસ્થાનના બાલોતરામાં ભયાનક માર્ગ અકસ્માતમાં ૫ લોકોના મોત થયા. ૩ લોકો ગંભીર રીતે ઘાયલ છે. પુરપાટ ઝડપે જઈ રહેલી એક સ્કોર્પિયો આગળ જઈ રહેલા ડમ્પર સાથે અથડાઈ. ટક્કર એટલી જોરદાર હતી કે સ્કોર્પિયો સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ. ગાડીની અંદર ઘાયલો તડપી રહ્યા હતા. ચીસો સાંભળીને આસપાસના લોકો પહોંચ્યા અને ઘાયલોને બહાર કાઢ્યા. રહદારીઓની સૂચના પર પોલીસ ઘટનાસ્થળે પહોંચી. તમામ ઘાયલોને રાજકીય નાહટા હોસ્પિટલ, બાલોતરા પહોંચાડવામાં આવ્યા. જ્યાં ડોકટરોએ ૩ લોકોને મૃત જાહેર કર્યા. ૫ ગંભીર ઘાયલોને જોધપુર રિફર કરવામાં આવ્યા. જોધપુરમાં સારવાર દરમિયાન બે લોકોના મોત થયા.
આ અકસ્માત બાડમેર-જોધપુર નેશનલ હાઈવે પર રાત્રે લગભગ ૧૧:30 વાગ્યે પચપદરા પોલીસ સ્ટેશન વિસ્તારના ભાડિયાવાસ ગામ પાસે થયો હતો. મૃતકોની ઓળખ બાલોતરા જિલ્લાના કાનોડ ગામના રહેવાસી રેવાંતારામ (૨૬) પુત્ર ગેનારામ જાટ, સ્વરૂપારામ (૨૭) પુત્ર મેહરારામ જાટ, ભરત (૨૫) પુત્ર બન્નારામ જાટ, કિશન (૨૭) પુત્ર શેરારામ જાટ અને ભાવેશ પુત્ર કલારામ જાટ તરીકે થઈ છે. તમામ લોકો જોધપુરમાં ભોમિયાજીના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા.



## બે ટ્રકની ટક્કરમાં પિકઅપ વાન સેન્ડવિચ બની

# ઈન્ડોનેશિયામાં અકસ્માત: 13ના મોત

**સિટી ન્યૂઝ@ઈન્ડોનેશિયા**

ઈન્ડોનેશિયાના મુખ્ય દ્વીપ પર લગ્ન સમારોહથી પાછા ફરી રહેલા મહેમાનોની પિકઅપ વન હાઈવે પર હે ટ્રકો વચ્ચે સેન્ડવીચ થઇ ગઇ હતી. આ ભીષણ અકસ્માતમાં ૧૩ લોકોના મોત થયા હતા અને પાંચ લોકો ઘાયલ થયા હતા. આ અકસ્માત ગઇકાલે થયો હતો. પ્રારંભિક જાણકારી મુજબ પીકઅપ વાને યુ-ટર્ન લેતી વખતે પાછળથી ટ્રકની બાદ બીજા લેનમાં વાન પહોંચી ગઇ, જ્યાં સામેથી આવતા અન્ય ટ્રક સાથે ટક્કર થઇ ગઇ હતી. પોલીસના જણાવ્યા મુજબ બધા લોકો એક ખુલી પિકઅપમાં સવાર હતા.હાઈવે પર યુટર્ન લેવા માટે ચાલકે ડિવાઇડરના કટ પાસે વાહનની ગતિ ધમી કરી અને તેને રોકી દીધી, ત્યારે પાછળથી એ દિશામાં આવી રહેલ એક વિંગ બોક્સ ટ્રકે પિકઅપ વાનને જોરદાર ટક્કર મારી હતી. આ ટક્કરથી પિકઅપ સામેની લેનમાં પહોંચી જ્યાં સામેથી આવતા ટ્રકે તેને ટક્કર મારી હતી.

## હિરલબા 13 મહિનાથી જૂનાગઢ જેલમાં કેદ

# પોરબંદરમાં સ્વ. ભૂરા મુંજાનો કરોડોનો બંગલા પર કબજા બદલ હિરલબા જાડેજા સામે લેન્ડ ગ્રેબિંગનો ગૂનો

**સિટી ન્યૂઝ@પોરબંદર**



પોરબંદરમાં છેલ્લા ૧૩ મહિનાથી વિવિધ ગંભીર ગુનાઓમાં જૂનાગઢ જેલમાં બંધ હિરલબા જાડેજાની મુશ્કેલીઓમાં કાયદાકીય રીતે મોટો વધારો થયો છે. પોરબંદરની લેન્ડ ગ્રેબિંગ કમિટી દ્વારા હિરલબા જાડેજા વિરુદ્ધ જમીન હડપી લેવા અંગે ફરિયાદ નોંધાવવાનો કડક હુકમ કરવામાં આવ્યો છે. આ આદેશના પગલે પોરબંદરના કમલાબાગ પોલીસ સ્ટેશનમાં લેન્ડ ગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ સમગ્ર હાઈપ્રોફાઈલ મામલાની વિગત એવી છે કે, કુતિયાણાના પૂર્વ ધારાસભ્ય સ્વ. ભૂરા મુંજાના વિદેશ ખાતે વસતા પત્ની ચૌલાદેવી ભૂરા કડછાએ કલેક્ટર કચેરીમાં ન્યાય માટે અરજી કરી હતી. ચૌલાદેવીના દાવો છે કે પોરબંદરમાં આવેલો કિંમતી 'સૂરજ પેલેસ' બંગલો કાયદેસર રીતે તેમના નામે હોવા છતાં, હિરલબા જાડેજા દ્વારા તેના પર ગેરકાયદેસર રીતે કબજો જમાવી લેવામાં આવ્યો હતો. આ અરજીના આધારે લેન્ડ ગ્રેબિંગ કમિટીએ ઊંડાણપૂર્વક તપાસ કરીને હિરલબા સામે ગુનો નોંધવાનો આદેશ આપ્યો હતો.

આ ફરિયાદ દાખલ થયા બાદ હવે પોલીસ અને વહીવટી તંત્ર દ્વારા કરોડોની કિંમતના 'સૂરજ પેલેસ' બંગલાનો કાયદેસરનો કબજો મૂળ માલિક ચૌલાદેવીને પરત અપાવવા માટેની કાનૂની પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે.

હિરલબા જાડેજા પહેલેથી જ છેલ્લા ૧૩ મહિનાથી વધુ સમયથી જૂનાગઢ જેલમાં સજા કાપી રહ્યા છે, ત્યારે આ નવી કલમો અને લેન્ડ ગ્રેબિંગની ફરિયાદથી તેમની જેલ મુક્તિના આશા પર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે અને કાનૂની ગાળિયો વધુ મજબૂત બન્યો છે.

## સુપ્રીમનો નિર્ણયની દેશભરમાં ચર્ચા

# ગૌહત્યા પ્રતિબંધના આદેશ પર રોક

## મદ્રાસ હાઈકોર્ટે કુરબાની રોકવા કહ્યું હતું આ ઈસ્લામમાં જરૂરી પ્રથા નથી

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**





સુપ્રિમ કોર્ટે કહ્યું : હજુ સુધારાની જરૂર છે

સુપ્રીમ કોર્ટે સોમવારે મદ્રાસ હાઇકોર્ટના તે આદેશ પર રોક લગાવી દીધી, જેમાં તમિલનાડુ સરકારને બકરીદ કે કોઈપણ દિવસે રાજ્યમાં ગાય અને વાછરડાઓના વધ પર રોક સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ આદેશમાં સુધારાની જરૂર છે.

રાજ્ય સરકારે મદ્રાસ હાઈકોર્ટના ૨૭ મેના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. અરજીમાં કહેવામાં આવ્યું હતું કે જ્યારે કાયદો નિર્ધારિત શ્રેણીની ગાયોના વધની મંજૂરી આપે છે, અને તેના માટે નિર્ધારિત સ્થળો પણ નક્કી છે, ત્યારે અદાલતનો આવો નિર્દેશ કાયદાની જોગવાઈઓ વિરુદ્ધ છે. તેને કાયમ રાખી શકાય નહીં.

જસ્ટિસ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે આજે આ મામલે નોટિસ જારી કરી અને હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી દીધી. મદ્રાસ હાઈકોર્ટે ૨૭ મેના રોજ (બકરીદના એક દિવસ પહેલા) તમિલનાડુ સરકારને નિર્દેશ આપ્યો હતો કે રાજ્યમાં બકરીદ કે અન્ય કોઈ દિવસે ગાય અને વાછરડાઓની કુરબાની ન થાય. જસ્ટિસ જીઆર સ્વામીનાથન અને જસ્ટિસ વી લક્ષ્મીનારાયણની બેન્ચે કહ્યું, બંધારણ સભાની ચર્ચામાં કહેવામાં આવ્યું હતું કે ગાય ભારતમાં પૂજનીય માનવામાં આવે છે અને ભગવાન કૃષ્ણના સમયથી આપણી સંસ્કૃતિનો ભાગ રહી છે. ઘણા મુસ્લિમ શાસકોએ પણ ગૌહત્યા પર પ્રતિબંધ મૂક્યો હતો. મહાત્મા ગાંધી પણ ગૌ સંરક્ષણને ખૂબ મહત્વપૂર્ણ માનતા હતા. ઈન્દુ મક્કલ કચ્છીના રાજ્ય મહાસચિવ સૂર્યાએ હાઈકોર્ટમાં બલિદાન વિરુદ્ધ અરજી દાખલ કરી હતી. તેમણે કહ્યું હતું કે સાર્વજનિક સ્થળોએ ગેરકાયદેસર રીતે ગાયોની કતલ કરવામાં આવી રહી છે. તેને રોકવા માટે ૧૮ મેના રોજ પ્રશાસનને આવેદનપત્ર પણ આપવામાં આવ્યું હતું, પરંતુ કોઈ કાર્યવાહી થઈ ન હતી.

હાઈકોર્ટે કહ્યું કે બંધારણનો અનુચ્છેદ ૪૮ રાજ્ય સરકારને ગાય, વાછરડાં અને દૂધાળાં પશુઓની સુરક્ષા માટે પગલાં લેવાનો નિર્દેશ આપે છે. કોર્ટે તમિલનાડુ એનિમલ પ્રિઝર્વેશન એક્ટ, ૧૯૫૮ની કલમ-૪નો ઉલ્લેખ કર્યો.

તેમાં કહેવામાં આવ્યું છે કે ૧૦ વર્ષથી વધુ ઉંમરના અને પ્રજનન માટે અયોગ્ય પશુને જ પ્રમાણપત્ર મળ્યા પછી કાપી શકાય છે. અદાલતે કહ્યું કે આ જોગવાઈનું સખત અર્થઘટન થવું જોઈએ. કોર્ટે કહ્યું કે જો કોઈ પશુની કુરબાની આપવામાં આવે છે, તો તે ફક્ત નિર્ધારિત સ્થળોએ જ થવી જોઈએ. જાહેર સ્થળો કે રસ્તાઓ પર આવું કરી શકાતું નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે બંધારણ સભાની ચર્ચા દરમિયાન પણ આ વાત પર ભાર મૂકવામાં આવ્યો હતો કે ગાય ભારતીય સભ્યતામાં પૂજનીય રહી છે અને ભગવાન કૃષ્ણના સમયથી તેનું વિશેષ મહત્વ રહ્યું છે. આ માહિતી અદાલતમાં દાખલ કરાયેલી અરજી અને ન્યાયિક આદેશના આધારે સામે આવી છે.

## આપ પ્રમુખ ઈસુદાન ગઢવીના આરોપ

# ખેડૂતોના હિતમાં બોલશો તો ભાજપ રેડ પાડશે!



## ભાજપ ખેડૂતોની નહીં, કંપનીઓની સરકાર : ગઢવી

સિટી ન્યૂઝ@ગાંધીનગર

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, મને સાંભળવા મળ્યું છે કે, ખેડૂતોના સમર્થનમાં એક મંત્રીના ભાઈ આવ્યા, તો તેમના ત્યાં પણ રેડ પડી. રેડ તો પડવાની કારણ કે ભાજપ ખેડૂતોની થોડી છે? ભાજપ તો કંપનીઓ માટે કામ કરે છે. એ તો આપણે ખેડૂતો ભોળા છીએ કે જેઓ જાતિ-જ્ઞાતિ આધારે કમળ પર બટન દબાવીએ છીએ.

ખેડૂતો વિચારે છે કે “મારા મામા ઊભા છે, કાકા ઊભા છે, બનેવી ઊભા છે” એ આધારે બટન દબાવીએ છીએ. ભાજપ તો કંપનીઓ માટે છે, તો એ એની રીતે બરાબર કરી રહી છે કારણ કે કંપનીઓના ભાઈબંધો જ વિધાનસભામાં બેઠા છે.

વધુમાં આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે, વિચારવા જેવી વાત છે કે મંત્રીના ભાઈ ખેડૂતોના સમર્થનમાં આવ્યા અને મોરબી જેતપરમાં એમના ત્યાં ફેક્ટરીઓમાં રેડ પડી. તો હજી પણ જાગવાનો સમય છે. જે પણ માણસ ખેડૂતોના સમર્થનમાં બોલશે, એના આવા જ હાલ થશે એવો મેસેજ આપવામાં આવી રહ્યો છે, આ તો હવે હદ થઈ ગઈ. મને પૂરો વિશ્વાસ છે કે એક દિવસ ખેડૂતો, ખેત મજૂરો, મહિલાઓ, નાના વેપારીઓ, યુવાનો, આઉટસોર્સિંગના કર્મચારીઓ, આશાવર્કર બહેનો સહિત તમામ લોકો જાગશે.







## ઈટાલિયાના સનસનીખેજ આક્ષેપ

# પાટીદાર આંદોલનના ગોળીબાર પાછળનો જનરલ ડાયર કોણ ?

### ગોપાલ ઈટાલિયાએ કહ્યું સરકારને સમર્થન આપતા યુવાનો સામે કાર્યવાહી કેમ



સિટી ન્યૂઝ@ગાંધીનગર

અમદાવાદમાં વર્ષ ૨૦૧૫ના પાટીદાર અનામત આંદોલન દરમિયાન થયેલા પોલીસ ગોળીબારના મુદ્દે ફરી રાજકીય ચર્ચા શરૂ થઈ છે. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈઈટાલિયાએ પાટીદાર આંદોલન દરમિયાન થયેલી કાર્યવાહી અને તત્કાલીન પરિસ્થિતિને લઈને ગંભીર સવાલો ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો કે પાટીદાર સમાજના યુવાનો પોતાની માંગણીઓને સરકાર સુધી પહોંચાડવા માટે શાંતિપૂર્ણ રીતે આંદોલન કરી રહ્યા હતા અને મહિનાઓ સુધી હિંસા કે ઉશ્કેરાટ વગર પોતાની વાત રજૂ કરી રહ્યા હતા.

ઈટાલિયાએ જણાવ્યું કે અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલી શાંતિપૂર્ણ સભા પૂર્ણ થયા બાદ લાઠીચાર્જ અને ત્યારબાદ ગોળીબારની ઘટના બની હતી, જેમાં ૧૪ લોકોના મોત થયા હતા. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે સરકારને સમર્થન આપતા અને ચૂંટણી દરમિયાન સક્રિય રીતે કામ કરતા યુવાનો સામે આવી કાર્યવાહી કેમ કરવામાં આવી. ગોપાલ ઈટાલિયાએ તાજેતરમાં પૂર્વ ઉપ મુખ્યમંત્રી નિતીન પટેલના નિવેદનોનો ઉલ્લેખ કરતાં કહ્યું કે મોડા મોડા પણ સત્ય સમાજ સામે આવ્યું છે. તેમણે આ સમગ્ર ઘટનાના પાછળ કોઈ જનરલ ડાયર જેવી માનસિકતા ધરાવતા વ્યક્તિનો હાથ હોવાનો આક્ષેપ કર્યો અને સવાલ કર્યો કે તત્કાલીન મુખ્યમંત્રીની જાણ બહાર પોલીસ અધિકારીઓને ગોળીબારના આદેશ કોણે આપ્યા હતા. ઈટાલિયાને પૂછવામાં આવ્યું કે તેમના મતે આ જનરલ ડાયર કોણ છે, ત્યારે તેમણે જવાબ આપ્યો કે હાર્દિક પટેલ તે સમયે જે વાત કરતા હતા, તે જ વાત આજે પણ પ્રાસંગિક છે. વધુ પૂછપરછમાં તેમણે કહ્યું કે હું અને હાર્દિક પટેલ એક જ વાત કહી રહ્યા છીએ. જોકે, તેમણે કોઈ વ્યક્તિનું નામ જાહેર કરવાનું ટાળ્યું અને કહ્યું કે અમારી સરકાર બનશે ત્યારે ખુલ્લેઆમ નામ જાહેર કરી અને જવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે.




## B.A.M.A.ના એક્સ્ટર્નલના 3000 વિદ્યાર્થીઓ પરીક્ષાની રાહમાં

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી 'કચરાપેટી'!

## પરીક્ષા નહીં, પરિણામ નહીં, બેદરકારીથી વિદ્યાર્થીઓ સંકટમાં

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોંગ્રેસના વિદ્યાર્થીનેતા અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સૌરાષ્ટ્ર ઝોનના પ્રવક્તા રોહિતસિંહ રાજપૂતે ગુજરાત રાજયના શિક્ષણમંત્રી પ્રદ્યુમનભાઈ વાજાને ઈમેઈલ મારફત રજૂઆત કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા કેટલાક વર્ષોથી ચાલી રહેલી પરીક્ષા, પરિણામ અને મૂલ્યાંકન વ્યવસ્થાની ગંભીર વહીવટી અવ્યવસ્થા અંગે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. રજુઆતમાં જણાવવામાં આવ્યું છે કે એક્સ્ટર્નલના સ્નાતક કોર્ષ બી.એ. (B.A.) તેમજ અનુસ્નાતક કોર્ષ એમ.એ. (M.A.) સેમેસ્ટર-૧ની પરીક્ષાઓ નોંધણી થયાના લગભગ એક વર્ષ બાદ પણ યોજાઈ નથી. સામાન્ય રીતે એક સેમેસ્ટરની પરીક્ષા પાંચથી છ મહિનામાં યોજાતી હોવા છતાં લગભગ આઠ મહિના બાદ પણ પરીક્ષા ન લેવાતા હજારો વિદ્યાર્થીઓનું એક શૈક્ષણિક વર્ષ બગડવાની સ્થિતિ સર્જાઈ છે.

આજે શૈક્ષણિક વર્ષ એવી સ્થિતિમાં પહોંચી ગયું છે કે રેગ્યુલર વિદ્યાર્થીઓ સેમેસ્ટર-૩ની પરીક્ષાઓ આપવા જઈ રહ્યા છે, જ્યારે એક્સ્ટર્નલના B.A., M.A. ના વિદ્યાર્થીઓએ હજુ સુધી સેમેસ્ટર-૧ની પરીક્ષાઓ પણ આપી નથી. આ સ્થિતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ગંભીર વહીવટી નિષ્ફળતાનું જીવંત ઉદાહરણ છે, જેના કારણે હજારો વિદ્યાર્થીઓનું એક આખું શૈક્ષણિક વર્ષ જોખમમાં મુકાયું છે.

રજુઆતમાં વધુમાં જણાવાયું છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની રેગ્યુલર પરીક્ષાઓના અંદાજે ૭૦થી વધુ પરિણામો હજુ જાહેર કરવાના બાકી છે, જ્યારે રી-અસેસમેન્ટના મોટા ભાગના પરિણામો પણ જાહેર થયા નથી એટલે અંદાજે ૧૦૦ જેટલા પરિણામો લાંબા સમયથી પેન્ડિંગ છે.પરિણામોમાં થતા લાંબા વિલંબના કારણે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ભરતી પ્રક્રિયાઓ અને અન્ય શૈક્ષણિક તકોમાં ભારે નુકસાન વેઠવું પડી રહ્યું છે.

રોહિતસિંહ રાજપૂતે રજૂઆતમાં મૂલ્યાંકન પ્રક્રિયામાં રહેલી ગંભીર ખામીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે જણાવ્યું કે જવાબવહીઓનું યોગ્ય અને ગુણવત્તાસભર મૂલ્યાંકન ન થવાના કારણે અનેક મહેનતુ વિદ્યાર્થીઓને અન્યાય થાય છે અને તેમને રી-ચેકિંગ તથા રી-અસેસમેન્ટ માટે વારંવાર અરજી કરવાની ફરજ પડે છે.

તેમણે વધુમાં જણાવ્યું કે છેલ્લા લગભગ પાંચ વર્ષથી વિવિધ પરીક્ષાઓમાં વિદ્યાર્થીઓ સંપૂર્ણ હાજરી આપ્યા હોવા છતાં પરિણામમાં તેમને ગેરહાજર (Absent) દર્શાવવાના અનેક કિસ્સાઓ સામે આવી રહ્યા છે. આ પ્રકારની વહીવટી ભૂલના કારણે વિદ્યાર્થીઓને પોતાની હાજરી સાબિત કરવા માટે કોલેજ અને પરીક્ષા કેન્દ્રમાંથી પ્રમાણપત્ર મેળવી અનેક વખત યુનિવર્સિટીના ધક્કા ખાવા પડે છે, છતાં આજદિન સુધી આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી.

રોહિતસિંહ રાજપૂતે શિક્ષણમંત્રીને માંગ કરી છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા, પરિણામ અને મૂલ્યાંકન વ્યવસ્થાની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવામાં આવે, સમયબદ્ધ શૈક્ષણિક કેલેન્ડરનો કડક અમલ સુનિશ્ચિત કરવામાં આવે, હાજર વિદ્યાર્થીઓને ગેરહાજર દર્શાવવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે તેમજ વહીવટી બેદરકારી માટે જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવામાં આવે.

તેમણે વધુમાં માંગ કરી છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પરીક્ષા, પરિણામ અને મૂલ્યાંકન પ્રક્રિયા પારદર્શક, સમયસર અને સુવ્યવસ્થિત રીતે થાય તે માટે શિક્ષણ વિભાગના કોઈ વરિષ્ઠ અધિકારીને વિશેષ જવાબદારી સોંપી નિયમિત દેખરેખની વ્યવસ્થા કરવામાં આવે, જેથી વિદ્યાર્થીઓને ભવિષ્યમાં આવી મુશ્કેલીઓનો સામનો ન કરવો પડે.



બર્થ-ડે પાર્ટીમાં રિલેશનશિપ થઈ કન્ફર્મ

# શહનાઝ ગિલ રાઘવ જૂયાલના પ્રેમમાં !



એક્ટર અને ડાન્સર રાઘવ જુયાલના જન્મદિવસની પાર્ટી બાદ શહનાઝ ગિલ સાથેનો તેનો એક વિડિયો સોશ્યલ મીડિયા પર ભારે ચર્ચામાં છે. આ દરમ્યાન રાઘવની આગામી ફિલ્મ 'ભાઈ તેરા સ્ટાર હૈ'નું ટ્રેલર પણ રિલીઝ કરવામાં આવ્યું હતું. રાઘવ અને શહનાઝની કેમિસ્ટ્રી ઊડીને આંખે વળગતી હતી. બર્થ-ડે પાર્ટી અને ટ્રેલર-લૉન્ચની ઈવેન્ટ પછીના ચર્ચામાં આવેલા વિડિયોમાં રાઘવ પાર્ટી પછી શહનાઝનો હાથ પકડીને તેને કાર સુધી લઈ જતો જોવા મળે છે. સોશ્યલ મીડિયા પર વાઈરલ થયેલા આ વિડિયો બાદ ચાહકો અનુમાન લગાવી રહ્યા છે કે બન્નેએ પોતાના સંબંધને કન્ફર્મ કરી દીધો છે, પણ રાઘવ કે શહનાઝે પોતાના સંબંધ અંગે કોઈ સત્તાવાર નિવેદન આપ્યું નથી.

# અનન્યા પાંડેનો લાલ ડ્રેસ 2 લાખનો



અનન્યા પાંડે ફરી એક વાર પોતાની ફૅશન-સેન્સને કારણે ચર્ચામાં છે. હાલમાં અનન્યાએ લંડનમાં યોજાઈ રહેલી વિમ્બલ્ડન ચૅમ્પિયનશિપની મેન્સ સિંગલ્સ સેમી-ફાઈનલ દરમ્યાન પોતાના સ્ટાઈલિશ લુકથી સૌનું ધ્યાન ખેંચ્યું છે. સામાન્ય રીતે વિમ્બલ્ડનમાં દર્શકો સફેદ રંગના ડ્રેસમાં જોવા મળે છે, પણ અનન્યાએ આ પરંપરાથી અલગ અમેરિકન ડિઝાઈનર બ્રૅન્ડ રાલ્ફ લૉરેનનો લાલ રંગનો ડ્રેસ પસંદ કર્યો હતો. અનન્યાના આ ડ્રેસની કિંમત અંદાજે ૨,૧૫,૧૦૦ રૂપિયા છે. આ આઉટફિટ સાથે મિનિમલ લુક તેમ જ નૅચરલ મેકઅપ પસંદ કર્યો હતો.

અનુરાધા પૌડવાલે સરકાર પર કર્યા પ્રહાર

# વિશ્વગુરૂ-વિશ્વગુરૂ કરવાનું બંધ કરો

શુભાંકર મિશ્રા સાથેની વાતચીતમાં અનુરાધા પૌડવાલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, 'થોડા વર્ષો પહેલા સુધી મારા મનમાં પણ હતું કે આપણે વિશ્વગુરુ બનીશું, પરંતુ અત્યારે હું જોઈ રહી છું કે વિશ્વગુરુની વાતને ઉલટાવી નાખે તેવી વસ્તુઓ વધુ થઈ રહી છે. બંધ કરો આ નોનસેન્સ. એવું કહેવાય છે કે આપણે વધુમાં વધુ ભણેલા-ગણેલા થઈશું, પણ ૯૩,૦૦૦ શાળાઓ તો બંધ થઈ ગઈ છે. ૨૦૪૭ સુધીમાં ભારતને વિશ્વગુરુ બનાવવાના સરકારના દાવા પર પ્રતિક્રિયા આપતા તેમણે કહ્યું, 'વિશ્વગુરુનું જે પ્લેટફોર્મ છે, તે શું છે? રામ મંદિર પર પણ ચોરી થઈ ગઈ. એ વાતોની લિસ્ટ (યાદી) મોકલો, જેથી આપણે તેના પર ચાલી શકીએ. અનુરાધા પૌડવાલે પોતાની પર્સનલ લાઇફ પર વાત કરતા ઘણું બધું જણાવ્યું. તેમણે પહેલીવાર ખુલાસો કર્યો કે માત્ર તેમનો પુત્ર જ નથી ગયો, પરંતુ એક પુત્રીનું પણ અવસાન થઈ ચૂક્યું છે. ગાયિકાએ જણાવ્યું કે તેમની ૨૫ દિવસની સૌથી મોટી પુત્રીનું અવસાન થયું હતું, જેના પછી તેઓ સાવ ભાંગી પડ્યા હતા. અનુરાધા પૌડવાલનો જન્મ ૨૭ ઓક્ટોબર ૧૯૫૪ના રોજ થયો હતો, તેમણે હિન્દીની સાથે ઘણી ભાષાઓમાં ગીતો ગાયા છે. તેઓ હિન્દી અને ઓડિશા સિનેમામાં કામ કરે છે. તેમને અત્યાર સુધીના સૌથી મહાન અને લોકપ્રિય ભજન ગાયિકાઓમાંના એક અને બોલિવૂડના સૌથી સફળ સિંગર્સમાંના એક માનવામાં આવે છે. તેમને અત્યાર સુધીમાં ઘણા પુરસ્કારો મળ્યા છે, જેમાં એક નેશનલ ફિલ્મ એવોર્ડ, ચાર ફિલ્મફેર એવોર્ડ, છ મહારાષ્ટ્ર સ્ટેટ ફિલ્મ એવોર્ડ અને બે ઓડિશા સ્ટેટ ફિલ્મ એવોર્ડ સામેલ છે.





કલાના ક્ષેત્રમાં તેમના યોગદાન બદલ ભારત સરકારે તેમને દેશના ચોથા સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મશ્રી'થી સન્માનિત કર્યા છે. ભારતીય ભક્તિ સંગીત અને બોલિવૂડ ઇન્ડસ્ટ્રીમાં તેમના યોગદાનને કારણે તેમને 'ભજન ક્વીન', 'મેલોડી ક્વીન' અને 'ભક્તિનો અમર અવાજ' જેવા સન્માનજનક બિરુદો મળ્યા છે.



# સારા અલી અમરનાથ યાત્રા પર નીકળી

બોલિવૂડ એક્ટ્રેસ સારા અલી ખાન તાજેતરમાં જમ્મુ-કાશ્મીરના પહેલગામ પહોંચી. પહેલગામના નૂર મડ હાઉસે તેના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સારાની ઘણી તસવીરો શેર કરી છે. આ તસવીરો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે સારા અમરનાથ યાત્રા માટે કાશ્મીર પહોંચી છે. જોકે, સારા અલી ખાન કે તેની ટીમે અત્યાર સુધી અમરનાથ યાત્રાને લઈને કોઈ સત્તાવાર પુષ્ટિ કરી નથી. તસવીરોમાં સારા સ્થાનિક ગુજ્જર-બકરવાલ પરિવાર સાથે સમય વિતાવતી જોવા મળી રહી છે. તેણે પરિવાર સાથે બેસીને ફોટો પણ પડાવ્યો. સારાએ સફેદ ટોપ, ટ્રેક પેન્ટ, કેપ અને સનગ્લાસ પહેર્યા છે, જ્યારે તેના હાથમાં ટ્રેકિંગ સ્ટિક પણ દેખાઈ રહી છે. સારાએ સફેદ ટોપ, ટ્રેક પેન્ટ, કેપ અને સનગ્લાસ પહેર્યા છે, જ્યારે તેના હાથમાં ટ્રેકિંગ સ્ટિક પણ દેખાઈ રહી છે. નોંધનીય છે કે, નૂર મડ હાઉસમાં લાકડાની આંચ પર ધીમે ધીમે રાંધેલું સ્થાનિક કાશ્મીરી ભોજન પીરસવામાં આવે છે. નૂર મડ હાઉસે પોસ્ટના કેપ્શનમાં લખ્યું, સારા અલી ખાનનું મહેમાન તરીકે નહીં, પરંતુ પરિવારના સભ્ય તરીકે સ્વાગત કરવું અમારા માટે સન્માનની વાત હતી. તેમની સાદગી, નમ્રતા અને પોતાપણું હંમેશા યાદ રહેશે. નૂર મડ હાઉસમાં તેમનું હંમેશા સ્વાગત રહેશે. પહેલગામનું નૂર મડ હાઉસ પહેલગામ-અરુ રોડ પર આવેલું એક પરંપરાગત માટીનું ઘર છે.







### ફોર્ચ્યુન ઈન્ડિયાની યાદીમાં નંબર–1 ઈશા અંબાણી 10માં સ્થાને સામેલ

# નીતા અંબાણી દેશની સૌથી પાવરફૂલ વુમન

**સિટી ન્યૂઝ@મુંબઈ**

રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન નીતા અંબાણીએ ફોર્ચ્યુન ઈન્ડિયાની સૌથી શક્તિશાળી ટોપ-૧૦૦ મહિલાઓની યાદીમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આ સન્માન તેમને નેતૃત્વ અને સમાજ સેવા માટે મળ્યું છે.તેમના નેતૃત્વ હેઠળ ફાઉન્ડેશને શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા ક્ષેત્રોમાં કામ કરીને ૨.૯ કરોડ બાળકો સહિત દેશના ૧૦ કરોડથી વધુ લોકોનું જીવન બદલ્યું છે.ઈવેન્ટમાં નીતા અંબાણીએ કહ્યું, 'નેતૃત્વને કરુણા, સમાવેશ અને સશક્તિકરણ દ્વારા વ્યાખ્યાયિત કરવું જોઈએ. મારા માટે સાચી શક્તિ અન્યોને સશક્ત બનાવવામાં છે. ભારતને દયા, સહાનુભૂતિ અને તમામ જીવો પ્રત્યે સન્માન પર આધારિત 'સોફ્ટ પાવર'ની વધુ જરૂર છે.' નીતા અંબાણીએ એ વાત પર પણ ભાર મૂક્યો કે છોકરીઓને સશક્ત કરવાથી આખરે દેશ મજબૂત બનશે.ફોર્ચ્યુન ઈન્ડિયાની આ રેન્કિંગ પહેલાં, આ જ મહિને ૩ જુલાઈના રોજ નીતા અંબાણીને અમેરિકાના ફ્લોરિડાના ટામ્પા શહેરમાં 'AAPI હ્યુમેનિટેરિયન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. અમેરિકન એસોસિએશન ઓફ ફિઝિશિયન્સ ઓફ ઈન્ડિયન ઓરિજિનએ તેમને આરોગ્ય સેવા, શિક્ષણ, રમતગમત, સંસ્કૃતિ અને સામુદાયિક વિકાસના ક્ષેત્રમાં તેમના અસાધારણ યોગદાન બદલ આ પુરસ્કાર આપ્યો હતો.ફોર્ચ્યુન ઈન્ડિયાની યાદીમાં નીતા અંબાણી પછી રોશની નાડર મલ્હોત્રા બીજા નંબરે રહ્યા, જ્યારે રેડ્ડી સિસ્ટર્સ- શોભના કામિનેની, સંગીતા રેડ્ડી, પ્રીથા રેડ્ડી અને સુનીતા રેડ્ડી સંયુક્ત રીતે ત્રીજા સ્થાને રહ્યા. ટોપ ૧૫ની યાદીમાં સાવિત્રી જિંદલ, પ્રીતિ અદાણી, કિરણ મઝુમદાર-શો, ઈશા અંબાણી, પ્રિયા નાયર, બેલા બજરિયા અને લીના નાયરનો સમાવેશ થાય છે.

> કરોડો લોકોના જીવન બદલવાનું સન્માન મળ્યું


### રેલ્વે મંત્રીએ કરી જાહેરાત

# ગુજરાતમાં 320ની સ્પીડે દોડશે બુલેટ ટ્રેન

**15 ઓગસ્ટ 2027થી પહેલા ફેઝમાં સુરત અને બીલીમોરા વચ્ચે શરૂઆત થશે**

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

આવતા વર્ષથી ભારતીય રેલ્વે એક ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થશે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ના રોજ ભારતમાં પહેલી વાર બુલેટ ટ્રેન દોડતી થશે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન રૂટ પર કામ ચાલી રહ્યું છે અને પહેલા ફેઝમાં સુરત અને બિલીમોરા વચ્ચે કાર્યરત થશે. આ ૫૦૮ કિલોમીટર લાંબો ફેઝ હશે, જે આગામી વર્ષોમાં એક પછી એક શરૂ કરવામાં આવશે. નોવોટેલ હૈદરાબાદ કન્વેન્શન સેન્ટર ખાતે હાયસી જીસીસીએસ એન્ડ આઈટી રાઉન્ડટેબલમાં બોલતા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સારા સમાચાર જાહેર કરતા કહ્યું, ભારતની પ્રથમ બુલેટ ટ્રેન તેના આગામી ચેપ્ટરમાં પ્રવેશી ગઈ છે. આવતા વર્ષે બની રહેલ મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર તબક્કાવાર ખુલશે. પ્રથમ તબક્કો સુરત-બિલીમોરા હશે. તેમણે વધુમાં જણાવ્યું કે પ્રથમ તબક્કા પછી ટ્રેન ધીમે ધીમે વાપી, પછી અમદાવાદ, થાણે અને અંતે સમગ્ર મુંબઈ-અમદાવાદ રૂટ સુધી લંબાવવામાં આવશે. તેમણે ઉમેર્યું, આ આગામી વર્ષે ૧૫ ઓગસ્ટથી તબક્કાવાર વિભાગવાર શરૂ થશે. રેલ્વે મંત્રીએ જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું આશરે ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. જ્યારે ટ્રેન સંપૂર્ણપણે કાર્યરત થશે ત્યારે તે ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકશે.આ દરમિયાન, રેલ્વે મંત્રીએ સમગ્ર ભારતમાં રેલ્વે સ્ટેશનોના ચાલી રહેલા પુનર્નિર્માણ અંગે પણ અપડેટ આપ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે ૨૬૧ સ્ટેશનો પહેલાથી જ ઝડપી ગતિએ પૂર્ણ થઈ ગયા છે.



### ભરૂચમાં ઘટના બની

# ક્લાસ વન અધિકારીનો ફાંસો ખાઈ આપઘાત

### આર્થિક સંકટ, લોનના દેવાથી પગલુ ભર્યું

**સિટી ન્યૂઝ@ભરૂચ**

ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી રામેશ્વર પાર્ક સોસાયટીમાં રહેતા એક યુવા સરકારી અધિકારીના કરુણ અવસાનથી સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. જીવનના અનેક સપનાઓ અને જવાબદારીઓ વચ્ચે આર્થિક બોજ સામે ઝઝૂમતા અધિકારીએ અંતે જીવનયાત્રા સમાપ્ત કરી લેતા તેમના પરિવારજનો સહિત સહકર્મચારીઓમાં ભારે દુખની લાગણી વ્યાપી છે. મળતી માહિતી મુજબ, પિયુષભાઈ ઉકાણી એક મહિના અગાઉ જ બદલી થઈ આયોજન વિભાગમાં ક્લાસ-વન અધિકારી તરીકે ફરજ હાજર થયા હતા અને ઝાડેશ્વરની રામેશ્વર પાર્ક સોસાયટીમાં ભાડાના A-૧૨ નંબરના મકાનમાં રહેતા હતા.આજે સવારે તેઓ ઘરે એકલા હતા ત્યારે તેમનું નિર્જીવ દેહ મળતા સોસાયટીમાં ચકચાર મચી જવા પામી હતી. અધિકારીના મૃતદેહને નીચે ઉતરતી પોલીસની ટીમ અધિકારીના મૃતદેહને નીચે ઉતરતી પોલીસની ટીમ લોન અને ક્રેડિટ કાર્ડના વધતા દેવાથી પગલું ભર્યું ઘટનાની જાણ મકાન માલિક દ્વારા સી-ડિવિઝન પોલીસને કરવામાં આવતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન પોલીસને એક સુસાઈડ નોંધ મળી આવી હતી. તેમાં તેઓએ આર્થિક સંકટ, લોન અને ક્રેડિટ કાર્ડના વધતા દેવાના બોજને કારણે તેઓ ભારે માનસિક તણાવ અનુભવી રહ્યા હોવાનું ઉલ્લેખિત હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...

## તમારી સમસ્યા હવે છુપાશે નહીં!

## તમારી કોલોની – તમારો વોર્ડ – તમારો હક

લાઈટ બંધ રહે છે?



ગંદુ પાણી આવે છે?



રસ્તા તૂટેલા છે?



ગંદકી અને સફાઈની સમસ્યા છે?



હવે સીધી ફરિયાદ કરો – "સિટી ન્યૂઝ રાજકોટ" સુધી!

તમારી સમસ્યાનો ફોટો / વિડિયો મોકલો

અમે તેને સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડશું

**ચૂંટણી હોય કે ન હોય – "સિટી ન્યૂઝ" હંમેશાં રાજકોટની પડખે!**



WhatsApp કરો:
**+91 81409 88883**

રાજકોટ

**સ્વચ્છ અને સુવિધાયુક્ત રાજકોટ માટે આપનો સહકાર જરૂરી**

# ગુજરાત હાઉસિંગ બોર્ડની લાલિયાવાડી રંગોલી પાર્કમાં ગટરના ગંદા પાણી ભરાયા

## કાલાવડ રોડ પર આવેલા રહીશો પ્રાથમિક સુવિધાઓ ઝંખતા નર્ક સમાન જીવન જીવવા મજબૂર

### » લોકો પીડાઈ રહ્યા છે અને અધિકારીઓ રજા માણવામાં મસ્તઃ ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી

### » પીવાના પાણીના ફાંફાં, છેલ્લા 2 મહિનાથી ગટરના પાણી છલકાતા રોગચાળો ફાટી નીકળવાની પૂરી દહેશત

### » BU પરમિશન ન હોવાથી સત્તાવાર એસોસિએશન અધ્ધરતાલ, 1154 પરિવારો 'વાલી વગરના' બન્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની ઘોર બેદરકારી અને ભ્રષ્ટ વહીવટનો વધુ એક નમૂનો કાલાવડ રોડ પર સામે આવ્યો છે. કાલાવડ રોડ પર વોર્ડ નં. ૧૧ માં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા નિર્મિત 'રંગોલી પાર્ક' સોસાયટીના ૧૧૫૪ ફ્લેટના હજારો રહીશો આજે મૂળભૂત સુવિધાઓના અભાવે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. એસી ચેમ્બરમાં બેસતા બાબુઓએ પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કર્યા વિના જ ફ્લેટનો કબજો પધરાવી દીધો છે, અને હવે ગટરના પાણીની રેલમછેલથી આખી સોસાયટી નર્કાગારમાં ફેરવાઈ ગઈ છે.

રંગોલી પાર્ક રહેવાસી સંઘર્ષ સમિતિના જણાવ્યા મુજબ, હાઉસિંગ બોર્ડ દ્વારા આજદિન સુધી પીવાના પાણીની કોઈ કાયમી વ્યવસ્થા કરવામાં આવી નથી, જેથી રહીશો પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ વિકટ પરિસ્થિતિ વચ્ચે છેલ્લા ૨ મહિનાથી સોસાયટીની ગટરો ઉભરાવવાની ગંભીર સમસ્યા શરૂ થઈ છે. વરસાદ અને તંત્રની લાલિયાવાડીના



કારણે ગટરના ગંદા અને દુર્ગંધયુક્ત પાણી સોસાયટીના મુખ્ય રસ્તાઓ અને લોકોના ઘરો સુધી પહોંચી ગયા છે. ભયંકર ગંદકીના કારણે નાના બાળકો અને વૃદ્ધોના સ્વાસ્થ્ય સામે મોટું જોખમ ઊભું થયું છે.

આટલા મોટા પ્રોજેક્ટમાં હાઉસિંગ બોર્ડની સૌથી મોટી લાપરવાહી એ છે કે આ સોસાયટીને હજુ સુધી બિન-શરતી BU (Building Use) પરમિશન પણ મળી નથી. કાયદેસરની પરમિશન ન હોવાને કારણે નિયમ મુજબ રહેવાસીઓનું સત્તાવાર એસોસિએશન પણ રચી શકાયું નથી. અધિકારીઓની આ વહીવટી લાપરવાહીને કારણે સમગ્ર સોસાયટીનો વહીવટ ખોરવાયો છે અને ૧૧૫૪ પરિવારો જાણે 'વાલી વગરના' નોંધારા બની ગયા છે.


એક તરફ જનતા ગંદકી અને રોગચાળાના ભય વચ્ચે પીડાઈ રહી છે, ત્યારે બીજી તરફ જવાબદાર અધિકારીઓ રહેવાસીઓની વારંવારની ફરિયાદોને અવગણીને રજાઓ માણવામાં મશગુલ છે. કોઈ પણ જવાબદાર વ્યક્તિ સ્થળ પર આવીને વાસ્તવિક પરિસ્થિતિ જોવા પણ તૈયાર નથી.

રંગોલી પાર્ક સોસાયટી રહેવાસી સંઘર્ષ સમિતિએ તંત્રને ખુલ્લી ચીમકી આપી છે કે, હાઉસિંગ બોર્ડ તાત્કાલિક ધોરણે ગટરના પાણીનો નિકાલ કરે, પીવાના પાણીની કાયમી સુવિધા આપે અને BU પરમિશનની પ્રક્રિયા પૂર્ણ કરે. જો આગામી દિવસોમાં આ પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ નહીં આવે તો રહીશો એકજૂટ થઈ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે, જેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે.

# 2019ના પોલીસ પર હુમલાના કેસમાં 8 વર્ષ બાદ 2 આરોપીઓને નિર્દોષ જાહેર કરાયા

સિટી ન્યૂઝ@દ્વારકા

દ્વારકાના એડિશનલ ચિફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટે પોલીસની કાયદેસરની ફરજમાં રૂકાવટ, પોલીસ કર્મચારીઓને ઈજા કરવા અને જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગેના ૨૦૧૯ના કેસમાં બે આરોપીઓને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવાનો ચુકાદો આપ્યો છે. કોર્ટે તા. ૦૩/૦૯/૨૦૨૬ ના રોજ આ હુકમ કર્યો હતો. ફરિયાદ મુજબ વર્ષ ૨૦૧૯માં દ્વારકા પોલીસ ઈન્સ્પેક્ટર તથા અન્ય પોલીસ કર્મચારીઓનો કાફલો આરોપી હિરાભાના ઘરે વિદેશી દારૂ અંગે રેડ કરવા ગયો હતો. તે સમયે આરોપીઓ વેરસીભા માણેક અને ધર્મેન્દ્રભાઈ કાચાએ પોલીસની ફરજમાં રૂકાવટ કરી હતી. આરોપીઓએ પોલીસ કર્મચારીઓને માર મારી ઈજા પહોંચાડી, ભૂંડી ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો ગુનો નોંધાયો હતો આ બાબતે દ્વારકા



વકીલ : જયંત માણેક

પોલીસે IPC ની કલમ ૩૩૨, ૧૮૬, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ ગુનો નોંધી F.I.R. દાખલ કરી હતી. ધોરણસરની તપાસ બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કેસની સુનાવણી દરમિયાન સરકારી વકીલ દ્વારા આરોપીઓને સજા થાય તે માટે પૂરતી લડત આપવામાં આવી હતી. ફરિયાદ પક્ષ તરફથી પોલીસને થયેલી ઈજાના મેડિકલ સર્ટિફિકેટ, ઘટનાનું પંચનામુ, પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના નજરે જોનાર સાક્ષીઓ અને તપાસ કરનાર પોલીસ અધિકારીની જુબાની કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જ્યારે આરોપીઓના બચાવ પક્ષે વરિષ્ઠ વકીલ જયંત માણેકે ધોરણસરની પેરવી કરી હતી. બચાવ પક્ષે રજૂ થયેલા પુરાવાઓની કાયદા મુજબની ઉલટતપાસ કરી અને વિગતવાર દલીલો રજૂ કરી હતી. બંને પક્ષોની દલીલો, રજૂ થયેલા દસ્તાવેજી પુરાવાઓ અને સાક્ષીઓની જુબાનીની વિગતવાર છણાવટ કર્યા બાદ માનનીય કોર્ટે ઉપરોક્ત બંને આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ જાહેર કરી છોડી મૂકવાનો આદેશ કર્યો હતો.

**જુનાગઢ રેન્જ ડીઆઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમાનો સપાટો**

# વેરાવળ જુગાર દરોડા કાંડ
# 5 પોલીસ અધિકારીઓ લીવ રિઝર્વમાં



### હુમલાખોર 21 આરોપીઓ 7 દિવસના રિમાન્ડ પર

બીજી તરફ, SMC ના દરોડા વખતે પોલીસ ટીમને ઘેરી લઈ પથ્થરમારો કરવાના, લાઈટો ડૂલ કરી જીવલેણ હુમલો કરવાના અને સરકારી ફરજમાં રૂકાવટના ગંભીર કેસમાં પોલીસે અત્યાર સુધીમાં ૨૧ આરોપીઓને ઝડપી પાડી કોર્ટમાં રજૂ કર્યા હતા. નામદાર કોર્ટે ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આ તમામ ૨૧ આરોપીઓના ૭ દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. ૪૦ નામજોગ અને ૨૦૦ ના અજાણ્યા ટોળા સામે રાયોટિંગનો ગુનો દાખલ થયો છે, ત્યારે હવે રિમાન્ડ દરમિયાન પોલીસ આ જુગાર નેટવર્કના મુખ્ય સૂત્રધારો અને હુમલામાં સામેલ અન્ય ફરાર શખ્સોને શોધી કાઢવા સઘન પૂછપરછ કરશે.

### ઘટનાની નિષ્પક્ષ તપાસ માટે DYSPની અધ્યક્ષતામાં SITની રચના

SMC પર થયેલા હુમલા અને ફાયરિંગના આ બહુચર્ચિત કેસમાં ઉચ્ચ કક્ષાએથી ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. રેન્જ આઈજી રાજેન્દ્રસિંહ ચુડાસમાએ આ સમગ્ર ઘટનાની નિષ્પક્ષ, પારદર્શક અને સઘન તપાસ માટે ગીર સોમનાથના DYSP ચેતન ખટાણાની અધ્યક્ષતામાં એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરવાનો આદેશ કર્યો છે. અત્યાર સુધી સ્થાનિક પોલીસની ભૂમિકા શંકાસ્પદ રહી છે, ત્યારે હવે SIT ની તપાસમાં ભવિષ્યમાં વધુ શું ચોંકાવનારા ખુલાસા થાય છે અને હજુ કેટલા માથાઓ ગબડે છે તેના પર સમગ્ર જીલ્લાની નજર મંડાયેલી છે.

**» જીલ્લા પોલીસવડાએ પણ સીટી ડી-સ્ટાફના ૪ કર્મીઓને તાત્કાલિક ફરજમુક્ત કરી દેતા પોલીસ બેડામાં ભારે ખળભળાટ**

**» સ્થાનિક પોલીસની બેદરકારી સાંખી ન લેવાઈ, "જીલ્લાની બ્રાન્ચના કર્મીઓ સામે પણ પગલાં લેવાશે કે બચાવી લેવાશે?" તેવી ચર્ચા**



Lcb ઈન્ચાર્જ pi એસ.વી.રાજપુત



LCB PSI આકાશસિંહ સિંધવ



LCB PSI એચ.એલ.જેબલીયા



રેન્જ IGP રાજેન્દ્રસિંહ ચુડાસમા

**સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-વેરાવળ**

ગીર સોમનાથ જીલ્લાના મુખ્ય મથક વેરાવળના કોળીવાડા વિસ્તારમાં ગત ૮ જુલાઈના રોજ સ્ટેટ મોનિટરીંગ સેલ (SMC) ના દરોડા દરમિયાન પોલીસ પર થયેલા હુમલા અને ફાયરીંગ પ્રકરણમાં હવે સ્થાનિક પોલીસ પર મોટી ગાજ વરસી છે. જુગારના આટલા મોટા નેટવર્ક અંગે અજાણ રહેવા બદલ અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં સદંતર નિષ્ફળતા બદલ ઉચ્ચ કક્ષાએથી સ્થાનિક અધિકારીઓ સામે લાલ આંખ કરવામાં આવી છે. જુનાગઢ રેન્જ આઈ.જી.પી. રાજેન્દ્રસિંહ ચુડાસમાએ કડક વલણ અપનાવીને એલસીબી (LCB) અને વેરાવળ સીટી પોલીસના ૫ ઉચ્ચ અધિકારીઓને તાત્કાલિક અસરથી લીવ રિઝર્વમાં ધકેલી દેતા સમગ્ર પોલીસ બેડામાં ભારે ફફડાટ મચી ગયો છે.



વેરાવળ સીટી પી.આઈ
**જે.એન.ગઢવી**

જે ઉચ્ચ અધિકારીઓ સામે શિસ્તભંગની આકરી કાર્યવાહી થઈ છે તેમાં LCB ના ઈન્ચાર્જ PI એસ.વી. રાજપૂત, વેરાવળ સીટી PI જે.એન. ગઢવી, LCB ના PSI એચ.એલ. જેબલીયા, PSI એ.સી. સિંધવ અને રામભરોસા પોલીસ ચોકીના PSI પી.પી. પ્રજાપતિનો સમાવેશ થાય છે. આ પાંચેય અધિકારીઓને લીવ રિઝર્વમાં મુકવાનો સીધો આદેશ અપાયો છે.

આ ઉપરાંત, મોડી સાંજે ગીર સોમનાથ જીલ્લા પોલીસવડાએ પણ લોકલ સ્તરે તવાઈ બોલાવી સીટી ડી-સ્ટાફ બ્રાન્ચના ૪ કર્મીઓ નટુભા બસીયા, અજીતસિંહ પરમાર, નરવણસિંહ ગોહિલ અને પ્રદીપસિંહ ખેરને ફરજમુક્ત કરી દીધા છે. પોલીસ વિભાગમાં ઉચ્ચકક્ષાએથી થયેલી આ કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે ગુનેગારો સાથેની સાંઠગાંઠ કે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાથે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. જોકે, સીટી પોલીસ સામે પગલાં લેવાયા બાદ હવે જીલ્લાની બ્રાન્ચના કર્મીઓ સામે પણ કાર્યવાહી થશે કે પછી તેમને બચાવી લેવાશે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

### બાપ વગરની છે, એટલે ભાગીને લગ્ન કર્યા, કઈ કામ આવડતું નથી કહી ત્રાસ આપતા

# પ્રેમ લગ્ન કરનાર મહિલા પ્રોફેસરને સાસરિયાનો ત્રાસઃ ફરિયાદ નોંધાવી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં રહેતા અને જૂનાગઢની પ્રતિષ્ઠિત ડૉ. સુભાષ મહિલા કોલેજ ઓફ એજ્યુકેશનમાં અધ્યાપક સહાયક તરીકે કાર્યરત ઉચ્ચ શિક્ષિત પરિણીતાને તેના પતિ અને સાસરિયા પક્ષ દ્વારા અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી, મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ભોગ બનનાર મહિલા પ્રોફેસરે રાજકોટના મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ, સસરા, જેઠ અને જેઠાણી વિરુદ્ધ કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવી છે. રાજકોટના યુનિવર્સિટી રોડ પર ગંગોત્રી પાર્કમાં રહેતા કૃતીબેન આશીષભાઈ કુંડારીયાએ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે તેના પતિ આશીષ શાંતીલાલ કુંડારીયા, સસરા શાંતીલાલ સવજીભાઈ કુંડારીયા,સાસુ કિરણબેન અને જેઠ કૃણાલ અને જેઠાણી ડિમ્પલબેન સામે ફરીયાદ કરી હતી ફરીયાદમાં જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૦૮માં આશિષકુમાર શાંતિલાલ કુંડારીયા સાથે કોર્ટ મેરેજ અને બાદમાં આર્ય સમાજની વિધિથી પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ તેઓ વડોદરા મુકામે સંયુક્ત પરિવારમાં રહેવા ગયા હતા. પરિણીતાએ રાજકોટ ખાતે અભ્યાસ દરમિયાન જ્યારે પણ તેઓ સાસરીમાં જતા, ત્યારે તેમના સાસુ કિરણબેન કુંડારીયા ઘરકામ અને રસોઈ બાબતે "બાપ વગરની છે એટલે સંસ્કાર નથી, ભાગીને લગ્ન કર્યા છે" તેમ કહી મેણા-ટોણા મારતા હતા. સાસુના ચઢામણીભર્યા વર્તનને લીધે પતિ આશિષકુમાર પણ પરિણીતા સાથે અવારનવાર ઝઘડો કરી મારકૂટ કરતો હતો. દીકરીની ગંભીર બીમારીમાં પણ સાસરિયાંનું ક્રૂર વર્તન પીડિતાએ આક્ષેપ કર્યો છે કે ગર્ભાવસ્થા દરમિયાન




પણ તેમની યોગ્ય સંભાળ રાખવામાં આવી ન હતી. બાદમાં તેમની દીકરી 'મિશ્રી'ને ૪ વર્ષની ઉંમરે ડાયાબિટીસ જેવી ગંભીર બીમારી હોવાનું નિદાન થતાં સાસરિયાંનું વર્તન વધુ ક્રૂર બન્યું હતું. પતિ અને સાસરિયાંઓ દીકરીની બીમારી માટે પરિણીતાને દોષિત ઠેરવી માનસિક ત્રાસ આપતા હતા અને કહેતા કે "તારી નોકરીની બધી કમાણી તારી દીકરીની બીમારીમાં જતી રહેશે. તેમજ વર્ષ ૨૦૧૭માં પરિણીતાને સરકારી અધ્યાપક તરીકે નોકરી મળ્યા બાદ પણ ત્રાસ ચાલુ રહ્યો હતો. વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન ઉપલેટા તાલુકાના કોલકી ગામે સંયુક્ત પરિવારમાં રહેતા સમયે પણ પતિ દ્વારા મારકૂટ કરવામાં આવતી હતી. ત્યારબાદ વહીવટી કારણોસર પરિણીતાની બદલી રાજકોટ ખાતે થતાં, જેઠ કૃણાલભાઈ અને જેઠાણી ડિમ્પલબેને "આ રાજકોટમાં રખડે છે" તેવી ખોટી ચઢામણીઓ કરી પરિવારમાં વિખવાદ વધાર્યો હતો. જેથી પરિણીતા પોતાની દીકરી સાથે છેલ્લા કેટલાક સમયથી પતિથી અલગ રાજકોટ ખાતે રહે છે. અલગ રહ્યા બાદ પણ સાસરિયાંઓ દ્વારા સતત દબાણ કરવામાં આવતું હતું કે નોકરી છોડી દે અને દીકરીને ભણાવવાની જરૂર નથી. એટલું જ નહીં, પતિ આશિષકુમારે પરિણીતાને માનસિક રીતે તોડી પાડવા માટે પોતે આત્મહત્યા કરી લેશે તેવી ધમકીઓ આપતા મેસેજ સોશિયલ મીડિયા પર મોકલી ભારે માનસિક હેરાનગતિ કરી હતી.

# જસદણમાં પાસાની કલબ ઉપર રેન્જ સ્કવોર્ડનો દરોડો

### 4 પકડાયા, 5 ભાગી ગયાઃ 4.71 લાખનો મુદામાલ કબ્જે

**સિટી ન્યૂઝ@જસદણ**

રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય દ્વારા રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં દારૂ અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તીઓ બાબતે સખ્ત કાર્યવાહી કરવા અને આવી પ્રવૃત્તીઓ સદંતર ડામી દેવાની આપેલ સૂચનાથી રેન્જના પીઆઈ અપૂર્વ પટેલની રાહબરીમાં પીએસઆઇ પી.એન.મોરી, બી.સી.મીયાત્રા, અને સી.એમ.કાંટેલીયા અલગ અલગ ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં. ત્યારે દિવ્યેશભાઈ સુવા, શિવરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ ચુડાસમા, અનિરૂધ્ધસિંહ જાડેજા, વકારભાઈ અરબ, નિકુલભાઈ પંપાણીયાને મળેલ ચોકકસ હકિકતના આધારે જસદણ પોલીસ સ્ટેશનની હદના ગઢાળા ગામ ખંભાળા-ભડલી રોડ પાસેથી ઘોડી-પાસાનો જુગાર રમતા શખ્સોને પકડી રોકડ રૂ.૬૧,૧૦૦, મોબાઇલ નંગ ૩, બાઇક, ઇક્કો કાર મળી કુલ રૂ.૪,૭૧,૧૦૦ ના મુદ્દામાલ સાથે જુગારી રજાક જમાલ ખોરાણી (રહે. નવાગઢ, જેતપુર, સંજય વાઘજી વાઘેલા (રહે. કરીયાણા ગામ, બાબરા), મુકેશ હિપા સરેલીયા (રહે. લીંબડીયા, ગઢડા (સ્વામીના.) અને



મનિષ નાનજી મારૂ (રહે. બાબરા, કરીયાણા રોડ ડો. આંબેડકર નગર) ને પકડી કાર્યવાહી કરી હતી જ્યારે દરોડા દરમિયાન સંજય સામત ગરાણીયા (રહે. ગઢાળા), સુરેશ મકવાણા (રહે. બાબરા), ભરત વાટુકીયા (રહે. ગઢાળા), વલ્લભ કોળી (રહે. ખંભાળા), બીજલ કોળી (રહે. ખંભાળા) ની શોધખોળ હાથ ધરી જસદણ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. પોલીસે સૂત્રોમાંથી જાણવા મળેલી વિગતો મુજબ, બાબરાનો સુરેશ મકવાણા અને ખંભાળાનો બીજલ ભાગમાં જુગાર ઘોડીપાસાની જુગારકલબ ચલાવતા હતાં. રાજકોટ ગોંડલ સહિત સૌરાષ્ટ્રભરમાંથી ખેલીઓ જુગાર રમતા આવતા હોવાનું માલુમ પડયું છે.

### પડધરીના વણપરીમાંથી ખનીજ ચોરી ઝડપી લેતી ગ્રામ્ય એસઓજી

# ખાણ ખનીજ વિભાગે 200 ટન રેતી જપ્ત કરી



**સિટી ન્યૂઝ@પડધરી**

પોલીસના સતત દરોડા છતાં રાજકોટ જિલ્લામાં ખનીજ માફિયાઓ સક્રિય રહ્યા છે. પડધરી પંથકમાંથી એસઓજીએ ખનીજ ચોરીનું કૌભાંડ પકડી પાડ્યું હતું. જેમાં હવે ખાણ ખનીજ વિભાગે દંડ વસૂલવાની કાર્યવાહી શરૂ કરી છે. પડધરી તાલુકાનું વણપરી ગામમાં બોડીઘોડી રોડ પર સાદી રેતીનું ગેરકાયદે સંગ્રહ અને વહનની કામગીરી થતી હોવાની બાતમીના આધારે એસઓજીએ દરોડો પાડતાં ગામમાં જ રહેતા ધર્મેશ ખુંગલા રોયલ્ટી વગર રેતીનું ગેરકાયદેસર, સંગ્રહ અને ખનન કરતાં હોવાનું જાણવા મળ્યું હતું. સ્થળ પરથી મળેલું ડમ્પર એમવી એક્ટ હેઠળ ડીટેઈન કરાયું હતું. આ ઉપરાંત ૧ લાખની કિંમતની ૨૦૦ ટન રેતીનો જથ્થો કબજે કરાયો હતો. હવે ખાણ ખનીજ વિભાગે કેટલી રકમની ખનીજચોરી થઈ હતી તેના આધારે દંડ વસૂલવાની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુંદાળામાં ભેળસેળયુક્ત મસાલા બનાવતા કારખાનાનો પર્દાફાશ

## ગોંડલનાં ગુંદાળામાં ગ્રામ્ય એસઓજીએ દરોડો પાડી 42 લાખનો મુદામાલ સીઝ કર્યો

**સિટી ન્યૂઝ@ગોંડલ**

ગોંડલના ગુંદાળા ગામની સીમમાં આવેલ મહાદેવ ઈન્ડસ્ટ્રીઝમાં સ્થિત જેપી મસાલા નામના કારખાનામાં ગ્રામ્ય એસઓજીદ દરોડો પાડી ભેળસેળયુક્ત મરચું, જીરૂં, ધાણાજીરૂં અને હળદરનો જથ્થો ઝડપી લીધો હતો જેપી મસાલા નામના કારખાનામાંથી ૪૨ લાખના ભેળસેળયુક્ત મસાલા કબજે, લોકોનાં આરોગ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં થતા હતા એસઓજીએ તપાસ કરતાં જાણવા, મળ્યું હતું કે, આ કારખાનામાં જીરૂંમાં ધાણાજીરુંનું ભૂસુ, હળદરમાં મકાઈનો લોટ અને કૃત્રિમ કલર અને મરચામાં



પામોલિન તેલ ઉપરાંત કૃત્રિમ કલરનું મિશ્રણ કરવામાં આવતું હતું. જે આરોગ્ય માટે ખુબ જ ગંભીર છે.

એસઓજીના પીએસઆઈ જી.જે. ઝાલાએ મળેલી બાતમીના આધારે ગઈકાલે જેપી મસાલા નામના કારખાનામાં ફૂડ એન્ડ ડ્રગ્સ સેફ્ટી ઓફિસરને સાથે રાખી દરોડો પાડ્યો હતો. તે વખતે કારખાનામાંથી મસાલાનો જે જથ્થો મળ્યો હતો તેમાં ભેળસેળ જણાઈ હતી, જેથી ફૂડ વિભાગે નમૂના લઈ તેને લેબોરેટરીમાં મોકલી આપ્યા છે. લેબોરેટરીનો રિપોર્ટ આવ્યા બાદ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. હાલ પોલીસે જાણવાજોગની નોંધ કરી છે. કારખાનાનો માલિક ગોંડલમાં રહેતો મિતુલ ઉર્ફે મનિષ ગીરધરભાઈ બાલધા છે. અગાઉ તેનો ભાઈ આ કારખાનું ચલાવતો હતો. છેલ્લા કેટલાક સમયથી તેણે કારખાનું સંભાળી લીધું હતું. એસઓજીના સૂત્રોએ જણાવ્યું હતું કે, કારખાનામાં મસાલામાં ભેળસેળ તો કરવામાં આવતી જ હતી સાથોસાથ ચોખ્ખાઈનું પણ કોઈ ધ્યાન રાખવામાં આવતું ન હતું. જે ભેળસેળ થતી હતી તેને કારણે મસાલા આકર્ષક તો બની જ જતાં હતા સાથોસાથ તેનો જથ્થો પણ વધી જતો હતો હજુ એકાદ માસ પહેલાં જ ગોંડલના જામવાડી જીઆઈડીસીમાં ફૂડ વિભાગે બે સ્થળે દરોડા પાડી ભેળસેળયુક્ત મસાલાને મોટો જથ્થો કબજે કર્યો હતો. હવે ગુંદાળામાંથી ભેળસેળયુક્ત મસાલાને જથ્થો મળી આવતા લોકો પણ સાચું શું અને ખોટું શું તે વિચારમાં પડી ગયા છે.

# વિંછીયાના મોટા હડમતિયા ગામે કટિંગ ટાણે દરોડોઃ 60 લાખનો દારૂ કબજે

## બે ટ્રક સહીત 1.09 કરોડનો મુદામાલ જપ્તઃ સૂત્રધાર સહીત ચાર વોન્ટેડ જાહેર કરાયા

**સિટી ન્યૂઝ@વિંછીયા**

વિંછીયાના મોટા હડમતિયા ગામની સીમમાં સ્થાનિક પોલીસે કટિંગ વખતે દરોડો પાડતાં નાસભાગ મચી ગઈ હતી સ્થળ પરથી મળેલા બે ટ્રકમાંથી ૬૦ લાખનો અંગ્રેજી દારૂ મળી આવ્યો હતો. મોટા હડમતિયાના ઉદય કાળુભાઈ ખાચરનું નામ ખુલતાં તેને વોન્ટેડ દર્શાવી પોલીસે તપાસ આગળ ધપાવી છે.

વિછિયા પોલીસે મોટા હડમતિયા ગામની સીમમાં બાતમી આધારે દરોડો પાડતાં સ્થળ પરથી કોઈ મળ્યું ન હતું. બે ટ્રકમાંથી અંગ્રેજી દારૂની ૮૬૮ પેટી મળી આવી હતી. જેની કિંમત ૫૯.૪૭ લાખ ગણી હતી. બે ટ્રક મળી ૧.૦૯ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો પોલીસે તપાસ કરતાં દારૂનું કટિંગ કરનાર તરીકે ઉદયનું નામ ખુલતાં તેને ઉપરાંત બંને ટ્રકના ડ્રાઈવર અને દારૂ મોકલનારને વોન્ટેડ દર્શાવ્યા હતા. બંને ટ્રકમાં પુઠ્ઠાના બોક્સ હતા જેની પાછળ દારૂની પેટીઓ સંતાડાઈ હતી. પોલીસે દરોડો પાડતાં જ કટિંગમાં હાજર શખ્સો વાહનો મુકી ભાગ્યા હતા. જે બંને ટ્રક કબજે થયા છે તે ગુજરાત પાસિંગના જ છે.

દારૂનો આટલો જંગી જથ્થો ક્યાંથી આવ્યો તે સહિતના મુદ્દે પોલીસે તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે પરપ્રાંતોમાંથી ગુજરાતમાં મોટાપાયે દારૂ ઠલવાય છે. આ દારૂનો જથ્થો ચેક પોસ્ટ પરથી અને અનેક જિલ્લાની પોલીસની હદમાંથી પસાર થઈ કઈ રીતે નિશ્ચિત સ્થળે પહોંચી જાય છે તેવો સવાલ અનેક વખત ઉપસ્થિત થાય છે.

# ગોવાથી લાવેલા દારૂ સાથે 4 વિદ્યાર્થીની રેલવે સ્ટેશન પરથી ધરપકડ



**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ રેલવે એલસીબી પીએસઆઈ જયુભા પરમારની ટિમ પેટ્રોલિંગમાં હતી ત્યારે પ્લેટફોર્મ નં.૧ પર જનરલ વેઈટિંગ રૂમ પાસે ટ્રોલી બેગ સાથે ઊભેલા બે યુવક જ્યારે પ્લેટફોર્મ નં.૧ પર અમૂલ સ્ટોલ પાસે બે યુવક શંકાસ્પદ લાગતાં તેમની પૂછપરછ કરી બેગની તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ચારેયની બેગમાંથી ગોવાથી ખરીદીને લાવવામાં આવેલી દારૂની અલગ અલગ કુલ ૧૫ બોટલ મળી આવી હતી. પોલીસે ૧૧,૨૫૦નો દારૂનો જથ્થો કબજે કરી ચારેય યુવકની અટકાયત કરી નામઠામ પૂછતા ખંભાળિયાના કુંભારવાડા રહેતો દિનેશ હરેશ બથવાર, અને ખંભાળિયાનો નવઘણ વેજાણંદ સરઠિયા, દેવભૂમિ દ્વારકાનો રોનક રણમલ આંબલિયા અને જામનગરમાં રહેતો કૌશિક હરેશ કટારિયા હોવાનું અને ચારેય અભ્યાસ કરતા હોવાનું જણાવ્યું છે. સમગ્ર મામલે રાજકોટ રેલવે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ તપાસ હાથ ધરી છે.

# ગોપાલના જીવનમાં તરફ એક તોફાન આવી રહ્યું હતું પણ ગોપાલ તેનાથી સાવ અજાણ હતો




ગોપાલનાં મનમાં સતત નિશીના જ વિચાર આવી રહ્યા હતા. નિશી ત્રણ મહિનામાં ઘણી વખત ગોપાલને મળવા આવી હતી, પણ દરેક વખતે ગોપાલને તેનો વ્યવહાર બદલાયેલો લાગતો હતો. જોકે નિશી કહેતી હતી કે, તું માને છે એવું કંઈ નથી. ગોપાલ પણ ક્યારેક એના મનને મનાવી લેતો કે, નિશી બદલાઈ ગઈ છે એવો મારો ભ્રમ જ છે.

સમયનાં પેટાળમાં કંઈક રંધાઈ રહ્યું હતું. તે દિવસે નિશી મુલાકાતમાં આવી. ગોપાલે જોયું કે આજે પણ એ શાંત છે. શરૂઆતમાં બે ત્રણ મિનિટ કંઈ બોલી જ નહીં. ગોપાલ અનુભવી રહ્યો હતો કે, નિશીને કંઈક વાત કરવી છે, પણ તે બોલી શકતી નથી. ગોપાલે કહ્યું, “નિશી, મારી સામે જો.”

નિશીએ ઉપર જોયું. ગોપાલની આંખો કહી રહી હતી કે, બોલ, તારે શું કહેવુ છે? નિશીએ ઊંડો શ્વાસ લીધો અને શ્વાસ છોડતાં કહ્યું, “ગોપાલ, મને કોઈ ગમે છે.”ગોપાલ તેની સામે જોઈ રહ્યો. ગોપાલે જે બારીના જે સળિયા પકડ્યા હતા, તે સળિયા પરની તેની પકડ મજબૂત થઈ. જાણે ગોપાલ પોતાને સાચવી લેવાનો પ્રયત્ન કરતો હતો!આટલું કહીને નિશીએ ગોપાલ તરફથી નજર હટાવી લીધી હતી. ફરી ગોપાલ તરફ જોતાં કહ્યું, “એનું નામ વેદાંત છે. મારા પપ્પાની સોસાયટીમાં જ રહે છે.”

ગોપાલ અવાક બનીને માત્ર સાંભળતો હતો. નિશીએ વાત આગળ વધારતાં કહ્યું, “આમ તો વેદાંત એક મલ્ટીનેશનલ કંપનીમાં એન્જિનિઅર છે.”આટલું કહેતાં નિશીની આંખ ભરાઈ આવી. ગોપાલે સ્વસ્થતાથી પૂછ્યું, “કેમ રડે છે?”

નિશી કંઈ બોલી શકી નહીં. નિશીની આંખમાં આંસુ આવી ગયા. તેના કારણે ગોપાલ પણ પોતાના આંસુ રોકી શક્યો નહીં. નિશીએ આંખો લૂંછતાં કહ્યું, “ગોપાલ, હું તને પણ પ્રેમ કરું છું. હું તને ક્યારેય ભૂલી શકીશ નહીં, પણ મને પપ્પાની વાત સાચી લાગે છે. મારા માટે દસ વર્ષ એકલાં પસાર કરવાં અઘરાં છે. હું તારા સિવાય કોઈને પ્રેમ કરવા માગતી નહોતી, પણ મારી જિંદગીમાં વેદાંત કેવી રીતે આવી ગયો, એની ખબર ન રહી.”


ગોપાલે પૂછ્યું, “તું ક્યારથી ઓળખે છે વેદાંતને?”નિશીએ કહ્યું, “આમ તો નાનપણથી.”ગોપાલે પૂછ્યું, “તેને મારા વિશે ખબર છે?”નિશીએ માથું હલાવીને હા પાડી. ગોપાલે આંખો બંધ કરી અને ચહેરો ઉપરની તરફ કરીને ઊંડો શ્વાસ લીધો. નિશી તેની સામે જોઈ રહી હતી. ગોપાલનું મગજ લગભગ સુન્ન થઈ ગયું હતું. તેને લાગી રહ્યું હતું કે, જાણે તેનું હૃદય તેનાં મગજ સુધી લોહી પહોંચાડી રહ્યું નથી. ગોપાલને નિશીને ગુમાવવાનો જે ડર લાગી રહ્યો હતો, આખરે એ દિવસ આજે તેની સામે મોઢું પહોંળુ કરીને ઊભો હતો. નિશીએ કહ્યું, “ગોપાલ.”તેણે આંખ ખોલી એટલે નિશીએ પૂછ્યું, “હું શું કરું?”ગોપાલ મુલાકાતરૂમની છત સામે જોઈને કંઈક વિચાર કરવા લાગ્યો. પછી તેણે કહ્યું, “હું શું કહું? મને ખબર નથી પડી રહી.”એક ક્ષણ વિચાર કરીને ગોપાલે પૂછ્યું, “તું મારી પાસેથી શું અપેક્ષા રાખે છે?”

નિશીએ કહ્યું, “મને જ ખબર પડતી નથી.”થોડી મિનિટો બંને વચ્ચે શાંતિ છવાયેલી રહી. પછી નિશીએ કહ્યું, “પપ્પા કહેતા હતા કે, એક વાર ગોપાલ સાથે વાત કરી લે. પછી આપણે ડિવોર્સ પેપર ફાઈલ કરીએ.”

ગોપાલે પૂછ્યું, “તે તારા પપ્પાને વેદાંતની વાત કરી છે?”નિશીએ માથું હલાવીને હા પાડી. ગોપાલ નિશીની આંખોમાં જ જોઈ રહ્યો હતો. નિશી એક નવી જિંદગી શરૂ કરવા માગતી હતી, પણ સાથે તે ગોપાલને છોડી રહી છે તેની વેદના પણ તેની આંખોમાં દેખાતી હતી. કોઈ માણસ એક સાથે બે વ્યક્તિને પ્રેમ કરે અને તેમાંથી એક વ્યક્તિને છોડી દેવી પડે, કેવી વિચિત્ર સ્થિતિ હોય!

આમ તો ગોપાલને ગુસ્સો આવવો જોઈતો હતો, પણ આજે ગોપાલ એકદમ શાંત હતો. કદાચ તેના મનમાં મહિનાઓથી જે ચાલી રહ્યું હતું અને જેનો ડર તેને સતાવી રહ્યો હતો, એ જ વાત આજે સામે આવી ઊભી રહી ત્યારે તે આ સ્થિતિ માટે માનસિક રીતે તૈયાર હતો એવું લાગી રહ્યું હતું. ગોપાલે પૂછ્યું, “વેદાંત તને ખુશ રાખશે એવું તને લાગે છે?”

નિશીની નજર નીચે જ હતી. તેણે ઉપર જોઈને કહ્યું, “ઈચ્છા તો ખુશ રહેવાની જ છે. પણ આવતીકાલે શું થશે? તેની આજે કેવી રીતે ખબર પડે? ખુશ તો હું તારી સાથે પણ હતી અને આજે પણ છું. પણ...”આટલું કહીને બાકીના શબ્દો નિશી ગળી ગઈ. ગોપાલ પોતાની જિંદગીના પાછલા દિવસોનો વિચાર કરવા લાગ્યો. જ્યારે તેણે પહેલી વખત નિશીને



પ્રશાંત દયાળ

પ્રપોઝ કર્યું હતું. ભાગીને લગ્ન કર્યા હતાં. આમ, એક પછી એક ઘટનાઓ જાણે કોઈ ફિલ્મ જોતો હોય એ રીતે તેની નજર સામેથી પસાર થઈ રહી હતી. નિશીએ પૂછ્યું, “તું એવો વિચાર તો નથી કરતોને કે, મેં તારી સાથે દગો કર્યો છે?”

ગોપાલે માથું હલાવી ના પાડી અને કહ્યું, “મેં જે નિશીને પ્રેમ કર્યો છે અને જે નિશીને ઓળખું છું, તે મને દગો આપી જ ન શકે.”ગોપાલની આંખો ભરાઈ આવી. તેણે તરત આંખો સાફ કરતાં કહ્યું, “દગો આપણને સમયે આપ્યો છે. તું જ્યાં રહે ત્યાં ખુશ રહે એવી જ મારી ઈચ્છા હોય.”નિશીની આંખમાં પણ પાણી આવી ગયું. સિપાહીએ ઘડિયાળ સામે જોયું. ગોપાલ અને સિપાહીની નજર એક થઈ. ગોપાલે હાથનો ઈશારો કરીને વિનંતી કરતાં કહ્યું, “થોડી મિનિટ. પ્લીઝ.”

સિપાહી સમજી ગયો. મુલાકાતરૂમમાં ડ્યૂટી કરતા સિપાહીને રોજ આ પ્રકારની જુદી જુદી સ્ટોરી ઈચ્છા નહીં હોવા છતાં સાંભળવા મળતી. તે સમજી ગયો કે, મામલો ગંભીર છે. તેણે આંખના ઈશારે જ વાત ચાલું રાખવાની મંજૂરી આપી. ગોપાલે કહ્યું, “હું રજા મૂકીશ. રજા મળે એટલે આવી જઈશ. પપ્પાને કહેજે, ડિવોર્સ પેપર તૈયાર કરાવી રાખે. હું સહી કરી આપીશ.”

આટલું બોલતાં ગોપાલને લાગ્યું કે, તેની છાતી પર એકસો કિલોનો પથ્થર મૂક્યો છે. નિશી કંઈ બોલી નહીં. ગોપાલે સ્મિત આપતાં પૂછ્યું, “મને વેદાંત સાથે મળાવીશ?”નિશીએ ઉપર જોયા વગર જ માથું હલાવીને હા પાડી. ગોપાલે શ્વાસ છોડ્યો અને કહ્યું, “નિશી, જા ઘરે. પોતાને સાચવજે.”

નિશીને પોતાનાં જ શરીરનો ભાર લાગી રહ્યો હતો. આજે તેને લાગી રહ્યું હતું કે, તેણે ગોપાલને ખૂબ પીડા આપી છે. એ રડવા માગતી હતી, હાથ જોડીને ગોપાલની માફી માગવા ઈચ્છતી હતી. પણ એવું તે કરી શકી નહીં. નિશી તેને કહેવા માગતી હતી કે, ગોપાલ, હવે તું તારું ધ્યાન રાખજે. હવેથી તારું ધ્યાન રાખવા માટે હું નથી. પણ આવું કહેવાની તેની હિંમત જ ન થઈ.

આજની મુલાકાતમાં ગોપાલ અને નિશી વચ્ચે વચ્ચે શાંત થઈ જતાં હતાં, પણ તેમનું મન તો સતત એકબીજાં સાથે વાત કરી રહ્યું હતું. ગોપાલે કહ્યું, “મારો સમય પૂરો થઈ ગયો છે. હું જાઉં છું.”નિશીને લાગ્યું, ગોપાલ તેને કંઈક બીજું જ કહી રહ્યો છે. તેના શબ્દોના અનેક અર્થ થતા હતા. નિશી કોઈ જવાબ આપી શકી નહીં. ગોપાલ ઊંધો ફર્યો અને મુલાકાતરૂમની બહાર નીકળી ગયો. નિશીને હતું કે, કાયમની જેમ ગોપાલ પાછળ વળીને એક વાર તો તેને જોશે. પણ આજે ગોપાલે પાછા ફરીને જોયું જ નહીં. નિશી ઝડપથી મુલાકાતરૂમની બહાર નીકળી. પાર્કિંગમાં આવેલાં લીમડાનાં ઝાડ પાછળ ગઈ અને પોક મૂકીને રડવા લાગી. (ક્રમશ)

રાજકોટ આવેલા કોંગ્રેસનાં રાષ્ટ્રીય પ્રવક્તા રીતું ચૌધરીએ કહ્યું

# ભાજપે 40 દિવસમાં 70 વાર રામ મંદિરને લૂંટ્યું

## PMO થી ચોકીદારી થતી હતી તો પણ રામ મંદિરમાં ચોરી કેવી રીતે ? : ભાજપે મહંમદ ગઝની કરતા પણ વધુ લૂંટ કરી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી (AICC)ના રાષ્ટ્રીય પ્રવક્તા રીતુ ચૌધરીએ રાજકોટ મુલાકાત દરમિયાન અયોધ્યા રામ મંદિરની સુરક્ષા અને કથિત ચોરીના મુદ્દે ભાજપ અને ઉત્તર પ્રદેશ સરકાર પર વધુ આકરા પ્રહારો કર્યા હતા. તેમણે રામ મંદિરની સુરક્ષા વ્યવસ્થા, તપાસની પ્રક્રિયા અને વહીવટી કામગીરી અંગે અનેક ગંભીર સવાલો ઉઠાવ્યા હતા અને સમગ્ર મામલે પારદર્શકતા લાવવાની માંગ કરી હતી.



રીતુ ચૌધરીએ જણાવ્યું હતું કે જો પ્રધાનમંત્રી કાર્યાલયથી મંદિરની દેખરેખ રાખવામાં આવતી હોવાનું કહેવામાં આવે છે તો પછી ચોરી જેવી ગંભીર ઘટનાઓ કેવી રીતે બની શકે તે મોટો સવાલ છે. તેમણે દાવો કર્યો કે છેલ્લા ૪૦ દિવસમાં રામ મંદિરમાં ૭૦ વખત ચોરીની ઘટનાઓ બની હોવાનું સામે આવ્યું છે અને આ સમગ્ર મામલે જવાબદારી નક્કી કરીને દોષિતો સામે કડક કાર્યવાહી થવી જોઈએ.

તેમણે આક્ષેપ કર્યો કે મંદિરમાં થયેલી કથિત ગેરરીતિઓમાં બહારના લોકો નહીં પરંતુ આંતરિક તંત્ર સાથે સંકળાયેલા લોકોની સંડોવણી હોવાના આરોપો સામે આવ્યા છે, જે અત્યંત ચિંતાજનક બાબત છે. તેમણે સીસીટીવી સુરક્ષા વ્યવસ્થા, દેખરેખની પદ્ધતિ અને પ્રશાસનની કામગીરી અંગે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા અને સુરક્ષા વ્યવસ્થાની અસરકારકતા પર પ્રશ્નચિહ્ન મૂક્યું હતું.

કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું કે સામાન્ય ચોરીના બનાવમાં તાત્કાલિક એફઆઈઆર નોંધાય છે અને ઝડપી કાર્યવાહી થાય છે, જ્યારે આ મામલે તપાસની પ્રક્રિયા અંગે અનેક પ્રશ્નો ઉભા થયા છે. તેમણે રાજ્ય સરકાર દ્વારા રચાયેલી એસઆઈટીની નિષ્પક્ષતા પર પણ સવાલ ઉઠાવી સમગ્ર મામલાની તપાસ સુપ્રીમ કોર્ટના વર્તમાન ન્યાયાધીશની દેખરેખ હેઠળ કરાવવાની માંગ કરી હતી, જેથી સત્ય બહાર આવી શકે.

રીતુ ચૌધરીએ વધુમાં જણાવ્યું કે કરોડો રામભક્તોની આસ્થા સાથે જોડાયેલા આ મુદ્દે પારદર્શક અને નિષ્પક્ષ તપાસ અત્યંત જરૂરી છે. તેમણે ઉમેર્યું કે આ મામલે કોઈપણ પ્રકારની ઢીલાશ કે રાજકીય દખલગીરી ન હોવી જોઈએ અને સમગ્ર ઘટનાક્રમ અંગે સાચી હકીકતો દેશ સમક્ષ આવે તે માટે યોગ્ય પગલાં લેવાં જરૂરી છે.

# રાજકોટમાં 16 જુલાઈએ અજરામર જૈન સંઘનો ચાતુર્માસ પ્રવેશોત્સવ

## ભાવચંદ્રજી સ્વામીના સાનિધ્યમાં ધર્મયાત્રા, શુભેચ્છા સમારોહ અને ચાતુર્માસ કલ્પનો પ્રારંભ; મોટી સંખ્યામાં ભાવિકોને આમંત્રણ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અજરામર સ્થાનકવાસી જૈન સંઘ, રાજકોટના આંગણે ૧૬ જુલાઈએ ચાતુર્માસ પ્રવેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ ભાવચંદ્રજી સ્વામી તથા વિમલચંદ્રજી સ્વામી સહિત સાધુ-સાધ્વી મંડળના પવિત્ર સાનિધ્યમાં ચાતુર્માસ કલ્પનો પ્રારંભ થશે. આ પ્રસંગે અજરામર, ગોંડલ, ગોંડલ સંઘાણી સંપ્રદાય તેમજ કચ્છ, સૌરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર સહિતના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગુરુભક્તો, આગેવાનો અને શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહેશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.



પ્રવેશદિને સવારે ૭:૧૫ કલાકે મહાવીર સ્વામી ચોકથી ભવ્ય ધર્મયાત્રાનો પ્રારંભ થશે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. આ યાત્રા મહિલા કોલેજ બ્રિજ માર્ગે કાલાવડ રોડ સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરના મુખ્ય સભાગૃહ સુધી પહોંચશે. ત્યારબાદ સવારે ૯ વાગ્યે ચાતુર્માસ શુભેચ્છા સમારોહ યોજાશે, જેમાં વિવિધ ધાર્મિક પ્રવચનો અને આશીર્વચનો આપવામાં આવશે. આ ચાતુર્માસ દરમિયાન જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના માર્ગે પ્રેરણા આપતા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. નવકાર મંત્ર જાપ, જ્ઞાન શિબિર, ધાર્મિક પ્રવચનો, સાધના કાર્યક્રમો તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા ભાવિકોને આત્મિક ઉન્નતિનો માર્ગ દર્શાવવામાં આવશે. રાજકોટમાં આચાર્ય પદ પ્રાપ્ત કર્યા બાદ ભાવચંદ્રજી સ્વામી પ્રથમ વખત ચાતુર્માસ કલ્પનો લાભ આપી રહ્યા હોવાથી જૈન સમાજમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. સંઘ દ્વારા ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સવારે નવકારશી અને બપોરે સાધર્મિક ભક્તિનું વિશેષ આયોજન પણ રાખવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના સભ્યો દ્વારા વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે અને ધર્મપ્રેમી જનતાને સપરિવાર હાજર રહી આ પવિત્ર પ્રસંગનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## રાષ્ટ્રીય સફલ રઘુવંશી સમાજ ક્ષત્રિય મહાસભા દ્વારા નિમણૂંક

# સોનલ વસાણી બન્યા રાષ્ટ્રીય કારોબારી અધ્યક્ષ

સિટી ન્યૂઝ@રાજકોટ

રાષ્ટ્રીય સફલ રઘુવંશી સમાજ ક્ષત્રિય મહાસભા દ્વારા રાષ્ટ્રીય સ્તરે હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે. જેમાં સૌરાષ્ટ્રના મહિલા અગ્રણી સોનલબેન વસાણીની રાષ્ટ્રીય કારોબારી અધ્યક્ષ તરીકે નિમણૂક કરાઈ છે.સંગઠનના સર્વોચ્ચ નેતૃત્વના સર્વસંમતિથી લેવાયેલા નિર્ણય અનુસાર, રાજસ્થાનના ઉપમુખ્યમંત્રી દિયા કુમારીજીને રાષ્ટ્રીય સંયોજક તરીકે નિયુક્ત કરાયા છે. આ ઉપરાંત, રાજકુમાર રઘુવંશી (મધ્યપ્રદેશ), રોહિત રઘુવંશી (અયોધ્યા), અને



સહજાનંદ પૃથ્વીરાજ (મહારાષ્ટ્ર) ને સંયોજક તરીકેની જવાબદારી સોંપાઈ છે. સુમિત રઘુવંશી અને દીપક રઘુવંશીને કાનૂની રાષ્ટ્રીય સલાહકાર બનાવવામાં આવ્યા છે.

આ નિમણૂકોનો મુખ્ય ઉદ્દેશ્ય રઘુવંશી સમાજની એકતા અને સંગઠનને વૈશ્વિક સ્તરે મજબૂત કરવાનો છે. ગુજરાતના સક્રિય સામાજિક કાર્યકર્તા અને રઘુવંશી સમાજના અગ્રણી સોનલબેન વસાણીની આ વરણીથી તેમની સંગઠનાત્મક શક્તિનો લાભ હવે સમગ્ર દેશને મળશે.

સોનલબેન વસાણી છેલ્લા ઘણા સમયથી સમાજના ઉત્થાન, મહિલા સશક્તિકરણ અને ભાજપ સંગઠનમાં વિવિધ ભૂમિકાઓ ભજવી રહ્યા છે. તેઓ જસદણ નગરપાલિકામાં બે ટર્મથી ભાજપના કોર્પોરેટર રહી ચૂક્યા છે. તેમણે જિલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી છે.

તેઓ રઘુવંશી સમાજની અને અન્ય અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈને સામાજિક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. તેમની રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકેની નિમણૂક બદલ ભારતભરમાંથી સમાજના શ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, સંતો-મહંતો, સામાજિક આગેવાનો અને લોહાણા મહાજનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# રાજકોટમાં રક્તદાન કેમ્પ યોજાયો, 87 યુનિટ એકત્ર





## રોટરી ક્લબ ઓફ રાજકોટ, ખોડલધામ ટ્રસ્ટ અને શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજન; સિવિલ હોસ્પિટલના દર્દીઓ માટે બ્લડ બેંકોને રક્ત અર્પણ

સિટી ન્યૂઝ@રાજકોટ

ચોમાસાની ઋતુ દરમિયાન બ્લડની વધતી જરૂરિયાતને ધ્યાનમાં રાખી રોટરી ક્લબ ઓફ રાજકોટ અને ખોડલધામ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે, શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશન તથા કર્મયોગ ચેરિટેબલ ટ્રસ્ટના સહયોગથી મેટોડા જીઆઈડીસી સ્થિત ડેકોરા ભવન ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પનો મુખ્ય હેતુ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા જરૂરિયાતમંદ દર્દીઓને સમયસર નિશુલ્ક રક્ત ઉપલબ્ધ કરાવવાનો હતો, જેથી ગંભીર દર્દીઓને તાત્કાલિક સારવાર મળી શકે.કેમ્પમાં કુલ ૮૭ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરી માનવસેવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. એકત્ર થયેલા રક્તમાંથી ૫૫ યુનિટ રાજકોટ સિવિલ બ્લડ બેંકને અને ૩૨ યુનિટ ઇન્ડિયન રેડક્રોસ બ્લડ બેંક, રાજકોટને અર્પણ કરવામાં આવ્યા હતા, જેનાથી અનેક દર્દીઓને જીવનદાન મળવાની શક્યતા ઉભી થઈ છે.

કેમ્પને સફળ બનાવવા જયંત અગ્રવાલ, મીતેષ મહેતા, જતીન ધોળકિયા, આનંદસિંહ ઠાકુર અને વિનય જસાણીએ વિશેષ જહેમત ઉઠાવી હતી. રક્તદાન કરનાર તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરી તેમને આકર્ષક ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, તેમજ ભવિષ્યમાં પણ આવા સેવાકીય કાર્યોમાં જોડાવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આયોજકોએ નાગરિકોને જન્મદિવસ, સ્મૃતિદિન અને અન્ય શુભ પ્રસંગોએ રક્તદાન કેમ્પ જેવા સેવાકીય કાર્યક્રમો યોજવા અપીલ કરી હતી. સાથે જ રક્તદાન ઉપરાંત ચક્ષુદાન, અંગદાન, સ્કિનદાન અને જીવદયાના અન્ય સેવાકીય કાર્યો માટે પણ વધુમાં વધુ લોકો જોડાય તેવી અપીલ કરવામાં આવી હતી, જેથી સમાજમાં સેવા અને સહકારની ભાવના વધુ મજબૂત બને.



# રાજકોટમાં ઈસ્માઈલી સિવિક દ્વારા રક્તદાન શિબિર યોજાઈ, 125થી વધુ યુનિટ રક્ત એકત્ર

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં બ્લડ બેંકોમાં રક્તની અછતને પહોંચી વળવાના હેતુથી ઈસ્માઈલી સિવિક દ્વારા ૧૨ જુલાઈ, ૨૦૨૬ના રોજ જીવનદીપ બ્લડ બેંકના સહયોગથી રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૧૨૫થી વધુ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રીતે રક્તદાન કરી માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.આ કાર્યક્રમમાં ઈસ્માઈલી સમુદાય ઉપરાંત અન્ય સમાજના રક્તદાતાઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઈસ્માઈલી ભારત સ્કાઉટ્સ એન્ડ ગાઈડ્સના ગણવેશધારી સ્વયંસેવકોએ સમગ્ર આયોજનમાં મહત્વપૂર્ણ સેવા આપી હતી. કાર્યક્રમમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. દર્શિતાબેન શાહે જણાવ્યું હતું કે રક્તદાન માત્ર રાજકોટ માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ઈસ્માઈલી સિવિક દ્વારા કરવામાં આવતું આ સેવાકીય કાર્ય પ્રશંસનીય છે અને વધુમાં વધુ લોકો રક્તદાન માટે આગળ આવે તે સમયની જરૂરિયાત છે. ઈસ્માઈલી કાઉન્સિલ ફોર રાજકોટના પ્રમુખ ફરીદ કોરાડિયાએ જણાવ્યું હતું કે માત્ર ઈસ્માઈલી સમુદાય જ નહીં, પરંતુ અન્ય સમાજના લોકો અને શુભેચ્છકો પણ મોટી સંખ્યામાં જોડાયા તે આનંદની બાબત છે. સૌના સહયોગથી વધુ લોકોને જીવનદાન મળી શકે છે અને જીવનદીપ બ્લડ બેંકને પણ નોંધપાત્ર સહાય મળી છે.આયોજકોએ જણાવ્યું હતું કે એક યુનિટ રક્ત ત્રણ લોકોનો જીવ બચાવી શકે છે અને સમાજમાં નિયમિત રક્તદાન અંગે વધુ જાગૃતિ ફેલાય તે માટે આવા સેવાકીય કાર્યક્રમો ભવિષ્યમાં પણ યોજવામાં આવશે.

# જેતપુરમાં 15થી 21 જુલાઈ સુધી શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન

**» વિવેકસાગરદાસ સ્વામીના શ્રીમુખેથી કથામૃત; પોથીયાત્રા, જન્મોત્સવ, રૂકમણી વિવાહ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

જેતપુરના ખોડપરા વિસ્તારમાં આવેલ ઓશો જીવન-જ્યોત ધ્યાન કેન્દ્ર ખાતે ૧૫થી ૨૧ જુલાઈ દરમિયાન સપ્તાહીય ભવ્ય અને આધ્યાત્મિક શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. દરરોજ બપોરે ૩:૩૦થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી યોજાનારી આ કથામાં વિવેકસાગરદાસ સ્વામી વ્યાસપીઠ પરથી ભાગવત કથાનું રસપાન કરાવી ભક્તોને આધ્યાત્મિક માર્ગદર્શન આપશે.

કથાનો પ્રારંભ ૧૫ જુલાઈએ રામનાથ મંદિરથી વાજતે-ગાજતે નીકળનારી મંગળ પોથીયાત્રાથી થશે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાશે. ૧૮ જુલાઈએ શ્રીરામ અને શ્રીકૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવશે, જ્યારે ૨૦ જુલાઈએ રૂકમણી વિવાહનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. ૨૧ જુલાઈએ કથા વિરામ સાથે સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થશે.

આ આયોજનના નિમંત્રક તરીકે ધનરાજગીરી ઈચ્છાગીરી ગોસાઈ, દીપભાઈ રાજેશભાઈ ચુડાસમા અને ધરાબેન ગૌરવભાઈ ગુલેરીયા સેવા આપી રહ્યા છે, જ્યારે મુખ્ય યજમાન તરીકે પ્રતાપભાઈ જીલુભાઈ ધાધલ અને ભરતભાઈ જીલુભાઈ ધાધલ રહેશે. આયોજક મંડળ દ્વારા સમગ્ર આયોજનને સફળ બનાવવા વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. કથા દરમિયાન નીલકંઠચરણદાસજી સ્વામી સહિત વિવિધ સંતો-મહંતો પધારી આશીર્વાદ આપશે. ઉપરાંત જયેશ રાદડિયા, પ્રશાંત કોરાટ સહિત રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રના અનેક આગેવાનો ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારશે. સંગીતમય કથામાં નિરંજનભાઈ પંડ્યા સહિતના જાણીતા કલાકારો ભક્તિ સંગીતની રમઝટ બોલાવી ભક્તોને ભાવવિભોર કરશે.કથા શ્રવણ માટે આવનાર તમામ ભાવિકો માટે ભોજન પ્રસાદની સુવિધા રાખવામાં આવી છે. સમગ્ર કથાનું જીવંત પ્રસારણ Balaji Temple Official યુટ્યુબ ચેનલ પર કરવામાં આવશે, જેથી દૂર રહેલા ભક્તો પણ કથાનો લાભ લઈ શકે. આયોજકોએ જેતપુર તથા આસપાસના વિસ્તારોના ધર્મપ્રેમી જનતાને સપરિવાર ઉપસ્થિત રહી આ દિવ્ય કથાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# શહેરમાં અજરામર સ્થાનકવાસી જૈન સંઘના ચાતુર્માસ પ્રવેશનો સમારોહ



**» ભાવચંદ્રજી સ્વામીના સાનિધ્યમાં ધર્મયાત્રા–ચાતુર્માસ શુભેચ્છા સમારોહ; વિવિધ સંપ્રદાયોના સંતો અને ભાવિકોની વિશાળ ઉપસ્થિતિ રહેશે**

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અજરામર સ્થાનકવાસી જૈન સંઘ, રાજકોટના આંગણે અજરામર સંપ્રદાયના ગચ્છાધિપતિ ભાવચંદ્રજી સ્વામી, વિમલચંદ્રજી સ્વામી તથા ભદ્રતાજી મહાસતી સહિત કુલ ૧૧ પંચ મહાવ્રતધારી આત્માઓનું ચાતુર્માસ-કલ્પ માટે આગમન થવા જઈ રહ્યું છે. આ પાવન અવસરે ૧૬ જુલાઈ, ગુરુવારે સવારે ૯ વાગ્યે અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ મંદિરના મુખ્ય સભાગૃહ ખાતે ભવ્ય ચાતુર્માસ શુભેચ્છા સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેવાની શક્યતા છે.

આ પહેલાં સવારે ૭:૧૫ કલાકે ભગવાન મહાવીર સ્વામી ચોકથી ચાતુર્માસ ધર્મયાત્રાનો ભવ્ય પ્રારંભ થશે. ધર્મયાત્રા મહિલા કોલેજ બ્રિજ થઈ કાલાવડ રોડ સ્થિત સ્વામિનારાયણ મંદિર સુધી પહોંચશે, જ્યાં શુભેચ્છા સમારોહ યોજાશે. ધર્મયાત્રા દરમિયાન જિનશાસનના જયઘોષ સાથે ધાર્મિક માહોલ સર્જાશે. ભાવચંદ્રજી સ્વામી આચાર્યપદ પ્રાપ્ત કર્યા બાદ પ્રથમ વખત રાજકોટમાં ચાતુર્માસ માટે પધારી રહ્યા હોવાથી જૈન સમાજમાં વિશેષ ઉત્સાહ અને આનંદનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાતુર્માસ દરમિયાન જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના વિવિધ કાર્યક્રમો સાથે નવકાર મંત્રના જાપ, જ્ઞાન શિબિરો, ધાર્મિક પ્રવચનો અને અનેકવિધ અનુષ્ઠાનોનું આયોજન કરવામાં આવશે, જેનાથી ભાવિકોને આધ્યાત્મિક લાભ મળશે. પ્રવેશ પ્રસંગે અજરામર, ગોંડલ અને ગોંડલ સંઘાણી સંપ્રદાયના સંતો-સતીઓ તેમજ કચ્છ, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ગુરુભક્તો, આગેવાનો અને શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમ દરમિયાન નવકારશી તથા સાધર્મિક ભક્તિનું વિશેષ આયોજન પણ કરવામાં આવ્યું છે. સંઘ દ્વારા તમામ ધર્મપ્રેમી ભાવિકોને ચાતુર્માસ મંગલ પ્રવેશ પ્રસંગે ઉપસ્થિત રહી ધર્મલાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે અને વધુમાં વધુ સંખ્યામાં હાજરી આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.



# લારી-ગલ્લા ધારકો સામેની કાર્યવાહી સ્થગિત કરી વૈકલ્પિક સ્થળ ફાળવવાની કોંગ્રેસની માંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિએ મહાનગરપાલિકાના કમિશનરને રજૂઆત કરીને નાના લારી-ગલ્લા ધારકો સામે ચાલી રહેલી કાર્યવાહી તાત્કાલિક સ્થગિત કરવાની માંગ કરી છે. સાથે જ અસરગ્રસ્ત વેપારીઓને પહેલા યોગ્ય વૈકલ્પિક સ્થળ ફાળવવાની માંગ ઉઠાવવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે વધતી મોંઘવારી વચ્ચે રોજ કમાઈને ગુજરાન ચલાવતા નાના વેપારીઓ માટે જીવન મુશ્કેલ બન્યું છે. આવા સમયે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા વિના લારી-ગલ્લા હટાવવાથી અનેક પરિવારોની રોજીરોટી પર અસર પડી રહી છે. કોંગ્રેસે જણાવ્યું છે કે ટ્રાફિક અથવા અન્ય કારણોસર સ્થળાંતર જરૂરી હોય તો વેપારીઓના ધંધા અને ગ્રાહકોની સુવિધાને ધ્યાનમાં રાખીને પહેલા યોગ્ય સ્થળ ફાળવવું જોઈએ અને ત્યારબાદ જ કાર્યવાહી કરવી જોઈએ. કોંગ્રેસે મહાનગરપાલિકાને માનવતાભર્યો અભિગમ અપનાવી વેપારીઓની રોજગારી સુરક્ષિત રાખવા તાત્કાલિક નિર્ણય લેવા અપીલ કરી છે. આ રજૂઆત પ્રમુખ રાજદીપસિંહ જાડેજાની આગેવાની હેઠળ કરવામાં આવી છે.

# વરસાદ માટે વિરપુરમાં ખેડૂતોની 12 કલાકની અખંડ રામધૂન

## સતીમાં રતનમાની દેરી ખાતે ખેડૂતો, મહિલાઓ અને ગ્રામજનોએ સારા વરસાદ અને પાક બચાવવા કરી પ્રાર્થના

સિટી ન્યૂઝ@ગૌરવ ગાજીપરા-વીરપુર



સૌરાષ્ટ્રમાં વરસાદના અભાવે ખેડૂતોમાં ચિંતા વ્યાપી રહી છે. વિરપુર ખાતે સતીમાં રતનમાની દેરી ખાતે સતીમાં યુવક મંડળના આયોજન હેઠળ ખેડૂતો, મહિલાઓ અને ગ્રામજનોએ વરૂણદેવને પ્રસન્ન કરવા માટે ૧૨ કલાકની અખંડ શ્રીરામ ધૂન યોજી હતી.

ધાર્મિક માહોલમાં "શ્રીરામ જય રામ જય જય રામ"ના અવિરત જાપ સાથે સમયસર સારો વરસાદ વરસે, ખેતરોમાં ઉભેલા પાકને નવજીવન મળે અને ખેડૂતોની મહેનત સફળ બને તેવી પ્રાર્થના કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગામના વિવિધ સમાજના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.ખેડૂત જેન્તીભાઈ માલાણીએ જણાવ્યું હતું કે ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે પાક સુકાઈ જવાની ભીતિ વચ્ચે ભગવાન શ્રીરામ અને જલારામ બાપાની કૃપાથી સારો વરસાદ વરસે તે માટે અખંડ રામધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. અરવિંદભાઈ રાણપરીયાએ જણાવ્યું હતું કે સમગ્ર ગામના લોકો એકતા સાથે જોડાઈ ખેડૂતોના હિત માટે પ્રાર્થના કરી રહ્યા છે.આ અખંડ રામધૂન ખેડૂતોની આસ્થા, સામાજિક એકતા અને કુદરત પ્રત્યેની શ્રદ્ધાનું પ્રતિક બની રહી હતી.



# સુરેન્દ્રનગર સ્ટેશન પર ફૂટ ઓવર બ્રિજ નિર્માણ

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા સુરેન્દ્રનગર સ્ટેશન પર નિર્માણાધીન ફૂટ ઓવર બ્રિજના કામમાં મહત્વપૂર્ણ પ્રગતિ નોંધાઈ છે. બ્રિજ માટે ૧૨ મીટર લાંબા 'V' કોલમની સ્થાપના સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા મુજબ, ૧૧ અને ૧૨ જુલાઈએ પ્લેટફોર્મ ૨ અને ૩ વચ્ચે કામગીરી હાથ ધરાઈ હતી. આ માટે લાઇન નંબર ૩થી ૮ સુધી સવારે ૬:૨૫થી બપોરે ૧:૨૫ સુધી ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવ્યો હતો.

આધુનિક મશીનો અને ટેકનિકલ ટીમની મદદથી કોલમની સ્થાપના સુરક્ષિત રીતે પૂર્ણ થઈ હતી. કામગીરી દરમિયાન તમામ સુરક્ષા ધોરણોનું પાલન કરવામાં આવ્યું હતું.એન્જિનિયરિંગ વિભાગ સહિતના સંકલિત પ્રયાસોથી કામ સમયસર પૂર્ણ થયું. બ્રિજ પૂર્ણ થયા બાદ મુસાફરોને સુરક્ષિત અને સરળ અવરજવર મળશે તેમજ ભીડ નિયંત્રણમાં સુધારો થશે.

ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું કે મુસાફરોની સુરક્ષા અને સુવિધા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આ પ્રગતિ આધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસનું પ્રતિબિંબ છે.

# કોંગ્રેસના વોર્ડ નં. 14ના વોર્ડ પ્રમુખ બીજલભાઈ ચાવડિયાનો જન્મદિવસ



સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેર કોંગ્રેસના વોર્ડ નં. ૧૪ના વોર્ડ પ્રમુખ તથા બી.એમ. ચાવડિયા ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી બીજલભાઈ ચાવડિયા આજે પોતાના જીવનના ૪૨ વર્ષ પૂર્ણ કરી ૪૩મા વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. બીજલભાઈ ચાવડિયા છેલ્લા ઘણા વર્ષોથી બી.એમ. ચાવડિયા ચેરિટેબલ ટ્રસ્ટના માધ્યમથી વિવિધ સેવાકીય અને સમાજલક્ષી પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે જોડાયેલા છે. જરૂરિયાતમંદ લોકોની સેવા, સામાજિક કાર્યો અને જનહિતની પ્રવૃત્તિઓમાં તેઓ સતત યોગદાન આપી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો, કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે તથા તેમના ઉત્તમ આરોગ્ય, દીર્ઘાયુષ્ય અને સતત સમાજસેવાના કાર્યો માટે શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.



# વારાણસીમાં યોજાયેલા લગ્ન પ્રસંગે મનોજ રાઠોડે નવદંપતીને શુભેચ્છા પાઠવી

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ જિલ્લા ભાજપના ઉપપ્રમુખ મનોજ રાઠોડે ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે યોજાયેલા લગ્ન સમારોહમાં હાજરી આપી નવદંપતીને શુભેચ્છાઓ પાઠવી હતી.રેલવે અને નેશનલ હાઈવે બ્રિજ કોન્ટ્રાક્ટર મનોજ કુમાર શર્મા, અમેઠીના પોલીસ અધિક્ષક (એસપી) જ્ઞાનેન્દ્રકુમારસિંહ (આઈપીએસ), કાયદાકીય ક્ષેત્ર સાથે સંકળાયેલા વૈદેહી શર્મા, એઈમ્સ નવી દિલ્હીના કાર્ડિયોલોજિસ્ટ ડો. સુમન સૌરભ તથા ભારત સરકારના રેલ મંત્રાલયના પ્રોટોકોલ ઓફિસર ગૌરવ શર્માના પરિવારમાં આયોજિત લગ્ન પ્રસંગે મનોજ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મનોજ રાઠોડે નવદંપતીને આશીર્વાદ પાઠવી તેમના દામ્પત્ય જીવન સુખ, સમૃદ્ધિ અને ખુશહાલીથી ભરપૂર રહે તેવી શુભકામનાઓ વ્યક્ત કરી હતી. સાથે જ બંને પરિવારોને અભિનંદન પાઠવ્યા હતા.

# રાજકોટમાં અગાસી પરથી પટકાતા યુપીના શ્રમિકનું મોત

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટના રામદેવપીર ચોકડી પાસે ઘરની છત પર બેસીને મોબાઈલ ફોનમાં મશગુલ યુવાન અચાનક નીચે પટકાતા ગંભીર ઈજાના કારણે તેનું મોત નીપજ્યું હતું મૂળ યુપીનો અને હાલ ત્રણેક વરિષ્ઠો શાસ્ત્રીનગરમાં રહેતો રાજ ગોવિંદભાઈ શાહ ઉ.૧૮ ગત રાત્રે ૧૧.૩૦ વાગ્યાં આસપાસ પોતાના મકાનની અગાસીએ છતની પાળીએ બેસીને મોબાઈલમાં વતનમાં ઘરના સભ્યો સાથે વાત કરી રહ્યો હતો ત્યારે અચાનક જ તે નીચે પટકાયો હતો. તેને માથે શરીરે ગંભીર ઈજા પહોંચતા તત્કાલ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો પરંતુ અહીં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડ્યો હતો પ્રાથમિક તપાસમાં યુવક ફર્નિચર મજૂરીનું કામ કરતો હતો બે ભાઈઓ અને બે બહેનોમાં નાનો હતો. યુવકના મોતથી પરિવારમાં શોક છવાયો હતો.




# નો-પાર્કિંગના બોર્ડ અને પટ્ટા વગર વાહનો ટોઈંગ કરવું ઉઘાડી લૂંટ સમાન : કોંગ્રેસ

## » ટ્રાફિક પોલીસની કામગીરી સામે ઉગ્ર વિરોધ; નિયમિત માર્કિંગ અને સાઇનબોર્ડ બાદ જ દંડાત્મક કાર્યવાહી કરવાની માંગ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિએ શહેરમાં નો-પાર્કિંગ ઝોનના બોર્ડ અને રોડ પર સફેદ કે પીળા પટ્ટા લગાવ્યા વગર વાહનો ટોઈંગ કરવાની ટ્રાફિક પોલીસની કાર્યવાહી સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. શહેર કોંગ્રેસના પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલાએ ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટરને રજૂઆત કરી નિયમોનું પાલન કર્યા બાદ જ વાહનો ટોઈંગ કરવાની માંગ કરી છે અને આ પ્રકારની કાર્યવાહી તાત્કાલિક બંધ કરવાની પણ માંગ ઉઠાવી છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ કેનાલ રોડ અને પેલેસ રોડ વિસ્તારમાં ટ્રાફિક પોલીસની ટોઈંગ વાન દ્વારા વાહનો ઉઠાવવામાં આવી રહ્યા છે, પરંતુ જે સ્થળોએથી વાહનો ટોઈંગ કરવામાં આવે છે ત્યાં નો-પાર્કિંગના બોર્ડ કે રોડ માર્કિંગ જોવા મળતા નથી. આવી સ્થિતિમાં સામાન્ય નાગરિકો અને વેપારીઓને પાર્કિંગ અંગે સ્પષ્ટ માહિતી મળતી નથી અને સીધી દંડાત્મક કાર્યવાહી કરવી અન્યાયી હોવાનું જણાવાયું છે. આ કારણે લોકોમાં અસંતોષ ફેલાયો હોવાનું પણ કોંગ્રેસે જણાવ્યું છે. કાર્યવાહી કરવામાં આવે છે, જે પ્રજાને હેરાનગતિ સમાન છે અને લોકોમાં ભયનું વાતાવરણ સર્જે છે.

રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે શહેરમાં આઈ-વે પ્રોજેક્ટ હેઠળ મોટી સંખ્યામાં કેમેરા કાર્યરત હોવા છતાં ટ્રાફિક વ્યવસ્થાની મૂળભૂત સુવિધાઓ ઉભી કરવામાં પૂરતું ધ્યાન અપાતું નથી. કોંગ્રેસે ભારે વાહનો સામે પણ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે અને ચેતવણી આપી છે કે જો આડેધડ વાહનો ટોઈંગ કરવાની કાર્યવાહી યથાવત રહેશે તો આંદોલનનો માર્ગ અપનાવવામાં આવશે તેમજ જનહિત માટે વધુ ઉગ્ર પગલાં લેવામાં આવશે.

આ રજૂઆત શહેર કોંગ્રેસના પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા અને પૂર્વ કોર્પોરેટર દિલીપભાઈ આસવાણીના નામે કરવામાં આવી છે.

# હેમુ ગઢવી હોલમાં 15 જુલાઈએ ભવ્ય નિ:શુલ્ક સંગીત સંધ્યા

## એવરગ્રીન હિન્દી ગીતો, કવ્વાલી અને ડાન્સિંગ સોંગ્સની રંગત જામશે; ગેસ્ટ સિંગર તરીકે ડીવાયએસપી પી.વી. જાડેજા ઉપસ્થિત રહેશે

સિટી ન્યૂઝ@રાજકોટ

શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપના ઉપક્રમે તા. ૧૫ જુલાઈ, બુધવારે રાત્રે ૮:૩૦થી ૧:૦૦ વાગ્યા સુધી મિની હેમુ ગઢવી હોલ ખાતે ભવ્ય નિશુલ્ક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમમાં સંગીતરસિકો માટે હિન્દી કરાઓકેના એવરગ્રીન ઓલ્ડ હિટ્સ, ૯૦ના દાયકાના લોકપ્રિય ગીતો, ડાન્સિંગ સોંગ્સ અને કવ્વાલીની રજૂઆતો કરવામાં આવશે. સોનલબેન જીતેન્દ્રભાઈ બોસમીયા અને નરેન્દ્રભાઈ રાજાના માર્ગદર્શન હેઠળ યોજાનારા કાર્યક્રમમાં ગેસ્ટ સિંગર તરીકે ડીવાયએસપી પી.વી. જાડેજા વિશેષ ઉપસ્થિત રહેશે. ઉપરાંત રમેશભાઈ ભટ્ટ, રાકેશભાઈ રૈયારેલા, મનોજભાઈ ડોડિયા, સુભાષભાઈ ઝાલા, ગીતાબેન ગઢવી, હીનાબેન કોટડીયા, નરેન્દ્રસિંહ ઝાલા, હસુભાઈ હિરાણી, સંજીવભાઈ વોરા, વિજયભાઈ માલવીયા, અર્ચનાબેન ઠક્કર, ચેતનભાઈ પંડ્યા, હાર્દિકભાઈ ઝવેરી તથા અશોકભાઈ વાઘ સહિતના કલાકારો પોતાની સુરીલી રજૂઆતો કરશે.

કાર્યક્રમ દરમિયાન સિંગર્સ તેમજ




ઉપસ્થિત દર્શકો માટે રોકડ ઇનામો, સરપ્રાઇઝ ગિફ્ટ્સ અને લકી ડ્રોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મુખ્ય અતિથિ તરીકે લાલો ફિલ્મના ગાયક કલાકાર વાઘેલાભાઈ, જયેશભાઈ ઉપાધ્યાય (બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટ), ડીવાયએસપી પૃથ્વીરાજસિંહ જાડેજા, નિવૃત્ત એએસઆઈ રમેશભાઈ મારુ તથા ડૉ. રાજેશ તૈલી ઉપસ્થિત રહેશે. શ્રી કલા મ્યુઝિકલ ગ્રુપે રાજકોટના તમામ સંગીતપ્રેમીઓ, રાજકોટ ઓલ કરાઓકે ગ્રુપ, એન્જોય ગ્રુપ, ફાલતુ ગ્રુપ તેમજ શહેરના સંગીતરસિકોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સંગીત સંધ્યાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

# કલ્પસર યોજનાને વેગ આપવા 'નવી કલ્પસર સહયોગ સમિતિ'ની રચના

## » રાજકોટમાં યોજાયેલી બેઠકમાં સૌરાષ્ટ્રમાં લોકજાગૃતિ અભિયાન શરૂ કરવાનો નિર્ણય; ઉદ્યોગપતિ પરસોત્તમભાઈ કમાણી સંયોજક બન્યા

સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્ર અને ગુજરાતની જળ સમસ્યાના કાયમી ઉકેલ માટે મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાને વેગ આપવા રાજકોટ ખાતે તાજેતરમાં ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી. બેઠકમાં જાણીતા ઉદ્યોગપતિ પરસોત્તમભાઈ કમાણીના સંયોજકત્વ હેઠળ 'નવી કલ્પસર સહયોગ સમિતિ, ગુજરાત'ની રચના કરવામાં આવી હતી. સમિતિ આગામી સમયમાં જિલ્લા, તાલુકા અને ગામડાં સ્તરે લોકજાગૃતિ અભિયાન ચલાવશે. બેઠકમાં ગુજરાતના પૂર્વ કૃષિમંત્રી બેચરભાઈ ભાદાણી, ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા તેમજ ઉદ્યોગપતિઓ અને સામાજિક આગેવાનો જમનભાઈ ડેકોરા, કમલનયનભાઈ સોજીત્રા, પ્રફુલભાઈ સેંજલિયા, વીરાભાઈ હુંબલ, ગટોરભાઈ પટેલ, નીરજભાઈ રામાણી, જીવાભાઈ બારડ અને પ્રતાપભાઈ પટેલ (ટર્બો બેરિંગ) સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમિતિના સંયોજક પરસોત્તમભાઈ કમાણી, દિલીપભાઈ સખીયા અને કમલનયનભાઈ સોજીત્રાએ જણાવ્યું હતું કે કલ્પસર યોજના ગુજરાતની જીવાદોરી સમાન છે. યોજનાને લોકસમર્થન મળે અને સરકાર સમક્ષ તેને ઝડપથી પૂર્ણ કરવાની માંગ મજબૂત બને તે માટે સમગ્ર સૌરાષ્ટ્રમાં જનજાગૃતિ કાર્યક્રમો અને બેઠકો યોજવામાં આવશે. કલ્પસર યોજના હેઠળ ખંભાતના અખાતમાં ભાવનગરથી ભરૂચ વચ્ચે આશરે ૩૦ કિલોમીટર લાંબો આડબંધ બનાવી નર્મદા, મહી, સાબરમતી, ઢાઢર અને ભોગાવો સહિતની નદીઓનું દરિયામાં વહી જતું મીઠું પાણી સંગ્રહિત કરવાની યોજના છે. યોજનાથી અંદાજે ૧૦,૦૦૦ મિલિયન ઘનમીટર મીઠા પાણીનો સંગ્રહ, ૨૦ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં સિંચાઈ, દરિયાઈ ખારાશ પર નિયંત્રણ, ભાવનગર-દક્ષિણ ગુજરાત વચ્ચેનું અંતર ઘટાડવાની સાથે ગ્રીન એનર્જી ઉત્પાદન જેવા અનેક લાભો મળશે તેવી માહિતી બેઠકમાં આપવામાં આવી હતી. બેઠકના અંતે ઉપસ્થિત આગેવાનોએ કલ્પસર યોજનાને વેગ આપવા અને રાજ્યવ્યાપી જનસમર્થન ઉભું કરવા કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.



# રાજયસભાના સાંસદ માનસિંહજી પરમારનું રાજકોટમાં સન્માન



## રાજપૂત સમાજની વિવિધ સંસ્થાઓએ અભિનંદન સમારોહ યોજ્યો, સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજપૂત સમાજના પનોતા પુત્ર, રાજપૂત સમાજનું ગૌરવ અને લોકનાયક માનસિંહજી પરમારની તાજેતરમાં રાજયસભાના સાંસદ તરીકે થયેલ વરણીને વધાવવા, માનસિંહજી પરમારનો સન્માન સમારોહ, ક્ષત્રિય કારડિયા રાજપૂત સમાજ (રામનાથપરા, બેડીપરા તથા પડધરી ૦૯ ગામ ઘોળ), રાજકોટ, ક્ષત્રિય નાડોદા રાજપૂત સમાજ, રાજકોટ, ક્ષત્રિય ગુર્જર રાજપૂત સમાજ, રાજકોટ,રાજસ્થાન રાજપૂત સમાજ, રાજકોટ, રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ, ગુજરાત (સુપ્રિમ કાઉન્સિલ) તથા રાજપૂત સમાજની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, સામાજીક સંસ્થાઓ દ્વારા તા.૧૧/૦૭/૨૦૨૬ શનિવારના રોજ, રાજકોટ ખાતે યોજાયેલ. આ તકે માનસિંહજી પરમાર, સાંસદ, રાજયસભાનું રાજપૂત સમાજ દ્વારા ભવ્ય સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે માનસિંહજી પરમાર, સાંસદ, રાજયસભા દ્વારા પ્રેરક અને માર્ગદર્શક ઉદ્દબોધન કરેલ.

આ કાર્યક્રમમાં રાજપૂત સમાજના આગેવાનો એવા- ધીરૂભા ડોડિયા, ટ્રસ્ટી, રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ (સુપ્રિમ કાઉન્સિલ), ગુજરાત, જીણાભા ચાવડા, પ્રમુખ, નાડોદા રાજપૂત સમાજ, રાજકોટ, દેવાભા ડોડિયા, અગ્રણી, કારડિયા રાજપૂત સમાજ, પડધરી, રમેશસિંહ ચાવડા (ઈગલ), ટ્રસ્ટી, રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ(સુપ્રિમ કાઉન્સિલ), ગુજરાત, ચંદુભા પરમાર, ટ્રસ્ટી, રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ(સુપ્રિમ કાઉન્સિલ), ગુજરાત, બલદેવસિંહ સિંધવ, ટ્રસ્ટી, રાજપૂત ક્ષત્રિય મહાપરિષદ(સુપ્રિમ કાઉન્સિલ), ગુજરાત, ભરતસિંહ ચુડાસમા, પ્રમુખ, ગુર્જર રાજપૂત યુવક મંડળ, રાજકોટ, અજયસિંહ પરમાર, અગ્રણી, કારડિયા રાજપૂત સમાજ, રામનાથપરા, રાજકોટ, રમેશસિંહ એમ. ચાવડા, પુર્વ પ્રમુખ, નાડોદા રાજપૂત સમાજ, રાજકોટ, ચંદ્રસિંહ ડોડિયા, પ્રમુખ, નાડોદા રાજપૂત સમાજ સમુહ લગ્ન સમિતિ, કિશોરસિંહ ડી. ચૌહાણ, અગ્રણી, કારડિયા રાજપૂત સમાજ, બેડીપરા, રાજકોટ, રણજીતસિંહ દાહિમા, અગ્રણી, કારડિયા રાજપૂત સમાજ, રાજકોટ, મહેન્દ્રસિંહ ચાવડા, અગ્રણી, નાડોદા રાજપૂત સમાજ, રાજકોટ, બકુલસિંહ સિંધવ, પુર્વ પ્રમુખ, નાડોદા રાજપૂત સમાજ સમુહ લગ્ન સમિતિ, રાજકોટ જોગેન્દ્રસિંહ ચંપાવત, અગ્રણી, રાજસ્થાન રાજપૂત સમાજ, કલુભા હેરમા પ્રમુખ ક્ષત્રિય કારડીયા રાજપૂત કન્યા છાત્રાલય નારણકા તથા કમિટી, મનુભા ડોડીયા, ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ અગ્રણી પડધરી, દેવાભા રાઠોડ ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ અગ્રણી આણંદપર, ગોવિંદસિંહ પરમાર, પ્રમુખ રામનાથપરા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ, સુરૂભા જાદવ, સરપંચ અણિયાળા અને નાડોદા રાજપૂત ક્ષત્રિય સમાજ, રાજકોટ, અરવિંદસિંહ પરમાર ક્ષત્રિય કારડીયા રાજપૂત સમાજ અગ્રણી બેડિપરા, જયેશસિંહ ડોડીયા ક્ષત્રિય કારડીયા રાજપૂત સમૂહ લગ્ન સમિતિ અગ્રણી મહેન્દ્રસિંહ ચાવડા, યુવા ઉદ્યોગપતિ અને અગ્રણી, નાડોદા રાજપૂત ક્ષત્રિય સમાજ, રાજકોટ., જયપ્રકાશસિંહ કટારીયા, અગ્રણી, ગોંડલ નાડોદા રાજપૂત ક્ષત્રિય સમાજ, રામજીભા સોલંકી, વાગડ ક્ષત્રિય રાજપૂત સમાજ, નશાજી દહિયા, વાગડ ક્ષત્રિય રાજપૂત સમાજ,  સંજયસિંહ વાઘેલા અગ્રણી ગુર્જર રાજપૂત ક્ષત્રિય સમાજ રાજકોટ તથા રામસિંહજી શેખાવત, રાજસ્થાન રાજપૂત સમાજ ખાસ ઉપસ્થિતિ રહેલ.

# સ્વ.વિજયસિંહ જાડેજાની જન્મજયંતિ નિમિત્તે ઓમવાલ કંટ્રોલ્સમાં 14 જુલાઈએ રક્તદાન શિબિર

## દરેક રક્તદાતાના નામે વૃક્ષારોપણ, મોમેન્ટો અને પ્રમાણપત્રથી થશે સન્માન, સેવાભાવી લોકોને જોડાવા અપીલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**






ઓમવાલ કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કંપનીના સ્થાપક સ્વ. વિજયસિંહ તખતસિંહજી જાડેજાની જન્મજયંતિ નિમિત્તે તા. ૧૪ જુલાઈ, ૨૦૨૬ના રોજ મેટોડા જીઆઈડીસીમાં ભવ્ય મેગા રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર સવારે ૮:૦૦ વાગ્યાથી સાંજે ૪:૦૦ વાગ્યા સુધી કંપનીના ગેટ નં. ૨, ગુજરાત ગેસ સામે, કાલાવડ રોડ સ્થિત પરિસરમાં યોજાશે, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

આ શિબિરની વિશેષતા તરીકે દરેક રક્તદાતાના નામે 'સદભાવના વૃદ્ધાશ્રમ' દ્વારા એક વૃક્ષ વાવવામાં આવશે, જે પર્યાવરણ સંરક્ષણ તરફનું મહત્વપૂર્ણ પગલું ગણાશે. ઉપરાંત તે વૃક્ષનો ફોટોગ્રાફ પણ સંબંધિત રક્તદાતાને મોકલવામાં આવશે, જેથી તેઓ પોતાના યોગદાનનો ગર્વ અનુભવી શકે. રક્તદાન કરનાર દરેક સેવાભાવી દાતાને કંપની તરફથી મોમેન્ટો અને પ્રમાણપત્ર અર્પણ કરી વિશેષ સન્માનિત કરવામાં આવશે.

કંપનીના સંચાલકોએ જણાવ્યું હતું કે, એક યુનિટ રક્ત કોઈ જરૂરિયાતમંદ માટે નવજીવન સમાન બની શકે છે અને સમયસર મળેલું રક્ત અનેક જીવ બચાવી શકે છે. આથી રાજકોટ અને મેટોડા જીઆઈડીસી વિસ્તારના ઉદ્યોગપતિઓ, કર્મચારીઓ, શ્રમિકો તેમજ યુવાનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સેવાયજ્ઞમાં જોડાવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સ્વ. વિજયસિંહ તખતસિંહજી જાડેજા સામાજિક અને ઔદ્યોગિક ક્ષેત્રે આગવું સ્થાન ધરાવતા હતા અને અનેક સંસ્થાઓ સાથે જોડાઈ સમાજસેવામાં સક્રિય રહ્યા હતા. તેઓ આમ આદમી પાર્ટી રાજકોટ શહેરના સહ-સંગઠન મંત્રી, ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલ, કાસા (KASSA) અને આર.સી.ટી.એ. (RCTA)ના કારોબારી સભ્ય તરીકે સેવા આપી ચૂક્યા હતા. તેઓ વાલ્મેક એન્જિનિયરિંગ પ્રા. લિ., ઓમવાલ કંટ્રોલ્સ પ્રા. લિ., ઈગલ આઈ સ્માર્ટ સોલ્યુશન અને કવચ એન્જિનિયરિંગ પ્રા. લિ.ના સ્થાપક પણ રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ ચંદ્રસિંહજી ભાડવા સ્ટડી સર્કલ દ્વારા સફળતાપૂર્વક જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના કારણે અનેક યુવાનોને રોજગારની તક મળી હતી. તેમના આદર્શોને આગળ વધારવા માટે આ રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હોવાનું કંપની દ્વારા જણાવાયું છે.

**રાજ્યસભાના સાંસદ માનસિંહજી પરમારના હસ્તે લોકાર્પણ**

# નિધિ સ્કૂલમાં લાઈબ્રેરી, કોમ્પ્યુટર લેબ અને વોટર કુલર વિદ્યાર્થીઓને અર્પણ





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં આવેલ નિધિ સ્કૂલમાં આજ રોજ તા.૧૨/૦૭/૨૦૨૬ (રવિવાર)ના રોજ રાજ્યસભાના સાંસદ તેમજ ભા.જ.પ બક્ષીપંચ મોરચાના પ્રદેશ પ્રમુખ શ્રી માનસિંગભાઈ પરમારના હસ્તે લાઈબ્રેરી, અદ્યતન કોમ્પ્યુટર લેબ તેમજ વિદ્યાર્થીઓને ઠંડા પાણીની વ્યવસ્થા મળી રહે તે અંતર્ગત પાણીના વોટર કુલર નું વિદ્યાર્થીઓને અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો, આ અર્પણ વિધિમાં રાજકોટ શહેરના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, રાજકોટ શહેર ભાજપના મહામંત્રી શ્રી લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, પ્રદેશ યુવા ભાજપ આગેવાન ખુરશીદભાઈ સુમા, વિજયભાઈ સાંગાણી તેમજ વોર્ડ નંબર - ૧ના કોર્પોરેટર સેજલબેન ચૌધરી, પૂર્વ કોર્પોરેટર શ્રીમતી દુર્ગાબા જયદીપસિંહ જાડેજા ઉપસ્થિત રહેલા હતા, આજ રોજ યોજાયેલ આ કાર્યક્રમમાં લાઈબ્રેરી તેમજ કોમ્પ્યુટર લેબનું અનુદાન સ્કૂલના ચેરમેન શ્રીમતી સજ્જનબા સિંધુભા ચુડાસમા તરફથી તેમજ પાણીનું વોટર કુલર સ્કૂલના શિક્ષિકા જ્યોતિબેન કિશોરભાઈ સોનછાબડાના હસ્તે અર્પણ કરવામાં આવેલ હતું, આજ રોજ યોજાયેલ ત્રિવેણી સંગમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વાંચન પ્રત્યે જાગૃતિ આવે તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી શકે તે માટે તેમજ અદ્યતન કોમ્પ્યુટર લેબ દ્વારા વિદ્યાર્થી સમયની સાથે કદમ મિલાવી AI તેમજ આધુનિક કોમ્પ્યુટર વિશે જાણી શકે તેમજ વિદ્યાર્થીઓને ઠંડા પાણીની વ્યવસ્થા મળી રહે તે માટે વોટર કુલર અર્પણ કરવામાં આવેલ હતું, આ કાર્યક્રમમાં નિધિ સ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી યશપાલસિંહ ચુડાસમા, ટ્રસ્ટી હર્ષદબા ચુડાસમા, પ્રિન્સિપાલ બીના ગોહેલ, કાજલબા ચુડાસમા, હર્ષદ રાઠોડ, હેમાલી મકવાણા, દ્રષ્ટિ ચાવડીયા, સ્નેહા માકડ તેમજ સ્કૂલનો સમગ્ર શિક્ષક ગણ અને વિદ્યાર્થી ગણ જોડાયેલ હતો.

# સરગમ ક્લબે હરિદ્વારમાં 2,500 અસ્થિઓનું વિધિવત વિસર્જન કર્યું

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ ક્લબે હરિદ્વારના હરકીપૌડી સ્થિત અસ્થિઘાટ ખાતે તા. ૧૨ જુલાઈએ રામનાથપરા મુક્તિધામમાં તા. ૧ જાન્યુઆરીથી 30 જૂન, ૨૦૨૬ દરમિયાન લાકડા તથા વિદ્યુત વિભાગમાં અગ્નિદાહ અપાયેલા કુલ ૨,૫૦૦ દિવંગતોની અસ્થિઓનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરી ગંગા નદીમાં વિસર્જન કર્યું હતું.

સરગમ પરિવારના સભ્યોએ દરેક દિવંગતનું વ્યક્તિગત નામ ઉચ્ચારી અસ્થિ વિસર્જન કર્યું હતું. ત્યારબાદ સાધુ-સંતોને ભોજન તથા ચા પીવડાવી સેવાકીય કાર્ય પણ કરવામાં આવ્યું હતું.







ઉપરાંત ગંગાસ્નાન કરીને ધાર્મિક વિધિઓ પૂર્ણ કરવામાં આવી હતી. આ સમગ્ર સેવા કાર્ય માટે સરગમ ક્લબના હોદ્દેદારો અને કમિટી સભ્યો પોતાના સ્વખર્ચે હરિદ્વાર પહોંચ્યા હતા.

બ્રાહ્મણોના મંત્રોચ્ચાર અને શાસ્ત્રોક્ત વિધિ મુજબ અસ્થિપૂજન બાદ ગંગામાં અસ્થિ વિસર્જન કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શન હેઠળ રમેશભાઈ અકબરી, મનસુખભાઈ ધંધૂકિયા, કનૈયાલાલ ગજેરા, ડૉ. પંકજભાઈ રાઠોડ, રાજેન્દ્રભાઈ શેઠ, સુનિલભાઈ દેત્રોજા, કિરીટભાઈ ગજેરા,

## હરકીપૌડી ખાતે શાસ્ત્રોક્ત અસ્થિપૂજન બાદ ગંગામાં વિસર્જન, સંતોને ભોજન અને ચા પીવડાવી સેવાકાર્ય પણ કરાયું

મનોજભાઈ અનડકટ, ગોપાલભાઈ અનડકટ, જયેશભાઈ કાટકોરિયા, દ્વારકેશભાઈ પરસાણા, ગીતાબેન હિરાણી, છાયાબેન દવે, છાયાબેન અનડકટ, ભાવનાબેન અકબરી તથા લીલાવતીબેન ધંધૂકિયાએ સહભાગી બની સેવા આપી હતી.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| LASER POWER & INFRA | 09/7 | 13/7 | 203 - 214 | 70 | 14,980 |
| SBI FUNDS MANAGEMENT | 14/7 | 16/7 | 545 - 574 | 26 | 14,924 |
| ALPINE TEXWORLD | 14/7 | 16/7 | 100 - 105 | 142 | 14,910 |
| **SME DETAILS** | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| HAPPY STEELS | 09/7 | 13/7 | 62 - 66 | 4000 | 2,64,000 |
| DEVSON CATALYST | 09/7 | 13/7 | 112 - 118 | 2400 | 2,83,200 |
| MILLWORKS TECHNOLOGIES | 14/7 | 16/7 | 315 - 331 | 800 | 2,64,800 |
| SOTEFIN BHARAT | 16/7 | 20/7 | 178 - 187 | 1200 | 2,24,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- INDIAN BANK ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧ FY૨૭) ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૧૦.૦૯% વધીને ૩,૨૭૩ કરોડ થયો છે (ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૨,૯૭૩ કરોડ હતો). ચોખ્ખી વ્યાજની આવક: ૧૬.૯૨% ના વધારા સાથે ૭,૪૩૫ કરોડ નોંધાઈ છે. ઓપરેટિંગ નફો: ૧૬.૫૦% વધીને ૫,૫૫૭ કરોડ પર પહોંચ્યો છે. કુલ બિઝનેસ: વાર્ષિક ધોરણે ૧૩.૬% વધીને ૧૫.૨૮ લાખ કરોડ થયો છે.
- L&T FINANCE ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧ FY૨૭) ના પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૨૮.૭% ના વધારા સાથે ૯૦૨ કરોડ થયો છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૭૦૧ કરોડ હતો. કુલ આવક: ૨૫% ના વધારા સાથે ૪,૨૬૦ કરોડથી ૫,૨૧૨ કરોડ ની નોંધાઈ છે.
- BANK OF MAHARASHTRA ૧૦ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧ FY૨૭) ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૨૭% ના વધારા સાથે ૨,૦૨૦ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧,૫૯૩ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક: ૧૪.૫૩% વધીને ૩,૭૭૦ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે આ ગાળામાં ૩,૨૯૨ કરોડ હતી. કુલ આવક: ૧૫% વધીને ૯,૦૬૩ કરોડ થઈ છે.
- AVENUE SUPERMARTS ૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧ FY૨૭) ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૧૧.૩૪% વધીને ૮૬૦.૪૪ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૭૭૨.૯૭ કરોડ હતો. ઓપરેશનલ આવક: ૧૪.૮૮% ના વધારા સાથે ૧૮,૭૯૪.૫૩ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧૬,૩૫૯.૭૦ કરોડ હતી. કુલ આવક: ૧૪.૯૦% વધીને ૧૮,૮૨૦.૩૧ કરોડ થઈ છે.
- LTM ૧૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ તેના પ્રથમ ત્રિમાસિક ગાળા (Q૧ FY૨૭) ના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૧૭.૦૫% ના વધારા સાથે ૧,૪૬૮.૬૦ કરોડ રહ્યો છે (ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૧,૨૫૪.૧૦ કરોડ હતો). ત્રિમાસિક ધોરણે નફામાં ૫.૮૬% નો ગ્રોથ થયો છે. ઓપરેશનલ આવક: વાર્ષિક ધોરણે ૧૭.૯૬% વધીને ૧૧,૬૦૮ કરોડ પર પહોંચી છે, જે અગાઉ ૯,૮૪૦.૬૦ કરોડ હતી. કુલ આવક: ૧૫.૯૪% વધીને ૧૧,૮૬૩.૪૦ કરોડ નોંધાઈ છે.
- ઈન્ડિજેન લિ.ની બોર્ડ મીટિંગ 30 જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- ટીવીએસ મોટર કંપની લિ.ની બોર્ડ મીટિંગ ૨૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં 30 જૂન, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.

DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.